# રાજાઓનો રાજા



લેખક : રેવ. જોન એચ. ડેવી

# રાજાઓનો રાજા

તથા

# બીજા ઉપદેશો

લેખક : રેવ. જોન એચ. ડેવી, બી. એ., બી. ડી.

પ્રત ૧૦૦૦] [ઈ. સ. ૧૯૪૮

પુનઃ મુદ્રણ ૧૧૦૦] [ઈ. સ ૧૯૯૦

મુદ્રક : કાન્તિલાલ ડાહ્યાભાઈ પટેલ, મંગલ મુદ્રણાલય, રતનપોળ
ફતેહભાઈની હવેલી, અમદાવાદ-૧.

કિંમત : રૂા. ૭-૦૦

પ્રકાશક : ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટી,
સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬

આ પુસ્તકના પ્રકાશન માટે મિસ્ટર એન્ડ મિસિસ લવજીભાઈ એલ. મેકવાનના સ્મરણાર્થે તેમનાં પુત્રી મેરીબહેન એલ. મેકવાન તરફથી રૂા. ૫૦૦૦=નું ઉમદા દાન મળ્યું છે.

# આમુખ

દક્ષિણ એશિયાની મેથોડિસ્ટ મંડળીના સાહિત્યપ્રચારક મંડળે પ્રત્યેક કૉન્ફરન્સની સાહિત્યસમિતિઓને જરૂરી સાહિત્ય પ્રસિદ્ધ કરવા નાણાકીય મદદ આપી છે. એમાંથી આ પૂર્વે એક ટ્રાક્ટ પ્રસિદ્ધ થઈ ચૂકી છે. "દેવના રાજ્યને રાજમાર્ગ" એ ટ્રાક્ટ આ વ્યવસ્થા હેઠળ પહેલું પ્રકાશન છે.

અમારી સમિતિએ રેવ. જોન એચ. ડેવી સાહેબને બાર ભાષણો આપવાની વિનંતી કરી હતી. તેઓને માથે કામનો ઘણો બોજ હોવા છતાં અમારી વિનંતીને સ્વીકારીને તેમણે આ પુસ્તક લખી આપ્યું છે. રેવ. જોન એચ. ડેવી સાહેબ ગુજરાતમાં ઉત્તર હિંદની સંયુક્ત મંડળીના એક પ્રખ્યાત, ભાવિક મિશનેરી છે. તેઓનાં ભાષણો બહુ જ આત્મિક, અસરકારક ને માણસોનાં મન જાગૃત કરનારાં હોય છે.

આ પુસ્તકમાંનાં ઘણાંખરાં ભાષણો–ઉપદેશો અખ્રિસ્તી લોકો પણ વાંચે એવી ઇચ્છાથી લખવામાં આવ્યાં છે; ભેટ તરીકે તમારા અખ્રિસ્તી મિત્રોને જો તમે આ પુસ્તક આપશો તો "ઈસુને ઊંચો કરવામાં આવે એ માટે કે તે સઘળાંને પોતાની ગમ ખેંચે," એ લેખકે પ્રસ્તાવનામાં વ્યક્ત કરેલો ઉદ્દેશ સફળ થશે.

આ પુસ્તક ગુજરાતની ખ્રિસ્તી મંડળીની એક મોટી ખોટ પૂરી પાડશે; ને ઘણાંને ખ્રિસ્તની ગમ દોરી લાવશે એવી અભિલાષાથી અમે એ સમાજના હાથમાં મૂકીએ છીએ.

| | |
|---|---|
| ૧–૬–૧૯૪૮<br>રાયખડ<br>**અમદાવાદ.** | **ઈથીએલ વી. માસ્ટર**<br>ચિટનીસ, ગૂજરાત કૉન્ફરન્સ<br>સાહિત્યસમિતિ |

# પ્રસ્તાવના

જો એમ પૂછવામાં આવે કે બીજા કોઈ ધર્મમાં નથી એવું ખ્રિસ્તી ધર્મમાં શું છે? તો એ ઉત્તર મળે કે, **ઈસુ ખ્રિસ્ત.** ઈસુ ખ્રિસ્તમાં દેવ પાપી મનુષ્યોની નજદીક આવ્યો છે. પાપને તે કેટલું બધું ધિક્કારે છે તે બતાવી આવ્યું છે, અને એની સાથે પાપી માણસો પ્રત્યેનો એનો અજબ પ્રેમ પણ પ્રગટ કર્યો છે. ઈશ્વરના નિષ્કલંક પુત્ર ઈસુ ખ્રિસ્તે એનાં જીવન, દુઃખ, મરણ અને પુનરુત્થાન વડે મનુષ્યનાં પાપને લીધે દેવ અને માણસ વચ્ચેનો જે સંબંધ તૂટી ગયો હતો તે પુનઃ સ્થાપિત કર્યો છે. માણસો જ્યારે ઈસુ ખ્રિસ્તને પોતાનાં હૃદયોમાં અંગીકારે છે, ત્યારે તેઓ દેવના ખરા દીકરાઓ બને છે, અને ખ્રિસ્તનો આત્મા તેઓનાં હૃદયો ભરી દે છે. કેવળ એ જ આત્મા આ દુઃખદ અવસ્થામાં આવી પડેલી દુનિયાને ખરી તથા અખંડ શાંતિ આપી શકે છે.

આ પુસ્તકમાંના ઉપદેશોનો ઉદ્દેશ એ જ છે કે ઈસુને ઊંચો કરવો, જેથી એ એનાં વચન અનુસાર સઘળાં માણસોને પોતાની ગમ ખેંચે. મારી પ્રાર્થના છે કે દરેક વાચક ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરીને એના પ્રેમ તથા પરાક્રમનો અંગત અનુભવ કરે.

આ પુસ્તક લખવાને માટે મને ઉદાર આમંત્રણ આપ્યું તે બદલ હું મેથોડિસ્ટ મંડળીની ગુજરાત કોન્ફરન્સની સાહિત્યસમિતિનો ઉપકાર માનું છું. વળી રેવ. ઈથીએલ વી. માસ્ટરે તથા મિ. એસ. જે. ફ્રેન્કે આ ભાષણોનો સરળ તરજુમો કરી આપ્યો તે માટે તેઓનો, મિ. વહાલજીભાઈ ધૂળાભાઈએ પ્રેસ માટે હસ્તલેખ તૈયાર કરવામાં ખૂબ મદદ આપી તે માટે તેમનો હું ઋણી છું.

આઈ. પી. મિશન,
એલિસ બ્રિજ,
**અમદાવાદ.**

**જોન એચ. ડેવી**

## અનુક્રમણિકા


પૃષ્ઠ

૧. જગતનો ત્રાતા ... ... ... ... ... ... ૧–૯

૨. સર્વોત્તમ મિત્ર ... ... ... ... ... ... ૧૦–૧૭

૩. આપણા તારણનો અગ્રેસર ... ... ... ... ૧૮–૨૬

૪. રાજાઓનો રાજા... ... ... ... ... ... ૨૭–૩૬

૫. મારા પ્રભુ ને મારા દેવ! ... ... ... ... ૩૭–૪૫

૬. ઈસ્ટરની ચાર વાર્તાઓ ... ... ... ... ૪૬–૫૩

૭. ચાર પ્રકારનો વિકાસ ... ... ... ... ... ૫૪–૬૪

૮. ભરપૂર જીવન ... ... ... ... ... ... ૬૫–૭૩

૯. મૂર્ખ શ્રીમંત ... ... ... ... ... ... ૭૪–૮૪

૧૦. ઈશ્વરનો માતૃપ્રેમ ... ... ... ... ... ૮૫–૯૨

૧૧. ઈશ્વરનાં વચનો ... ... ... ... ... ... ૯૩–૧૦૧

૧૨. મનુષ્યની સર્વ ગરજો પૂરી પાડનાર ... ... ... ૧૦૨–૧૧૧

"પોતાના
ખ્રિસ્તી જીવન અને
સુવાર્તામય ધર્મશિક્ષણદ્વારા
મને
મહાન ઋણી બનાવનાર
મારા પિતાની યાદમાં
સમર્પિત"

| | |
|---|---|
| મુક્તિને માર્ગ | ૮-૦૦ |
| યાત્રાકારી | ૬-૦૦ |
| વૈદિક ખોજની પરિપૂર્ણતા-ઈસુ ખ્રિસ્ત | ૭-૦૦ |
| ભલો ભરવાડ | ૪-૦૦ |
| પવિત્ર યુદ્ધ | ૧૦-૦૦ |
| જીવન પરિમલ | ૧-૫૦ |
| પ્રેમનો પ્રકાશ | .૪-૦૦ |
| ગાંધીજીને ગમતાં ગીતો | ૦-૨૫ |
| ભજનાવલિ | ૦-૨૫ |
| બારાબાસ અને બીજાં નાટકો | ૩-૦૦ |
| અરમાન ( નાટ્ય સંગ્રહ ) | ૨-૫૦ |
| વેદના-વિજય ( નાટ્ય સંગ્રહ ) | ૧-૫૦ |
| વધસ્તંભની વાટે ( બ્રેઈલમાં પણ છે ) | ૧-૨૫ |
| ગીદુ ગધેડો બેથલેહેમમાં | ૨-૫૦ |
| ઈસુ જીવન દર્શન-બાળ સાહિત્ય | ૨-૫૦ |
| જીવન જીવી જાણનારાં અપંગો ( બ્રેઈલમાં પણ છે ) | ૨-૦૦ |
| ઈસુ જીવન દર્શન | ૪-૦૦ |
| વધસ્તંભનાં સપ્ત વચનો | ૫-૦૦ |
| જોષ જોવાનું પાપ | ૧૦-૦૦ |
| હૃદયપલટો વિશ્વપલટો | ૧૦-૦૦ |
| વહાલાં પંખીડાં | ૫-૦૦ |
| વિલિયમ કેરી | ૧૦-૦૦ |
| મારા પ્રભુ અને મારા દેવ | ૦૦-૩૦ |

આ ઉપરાંત

ખ્રિસ્તીબંધુનું વાર્ષિક લવાજમ રૂ. ૧૫-૦૦ એર મેઈલ ૨૦૦-૦૦
ઉપલી મેડીનું વાર્ષિક લવાજમ રૂ. ૧૫-૦૦ એર મેઈલ ૨૦૦-૦૦
બાલવાડીનું વાર્ષિક લવાજમ રૂ. ૧૫-૦૦ એર મેઈલ ૨૦૦-૦૦

| | |
|---|---|
| ખ્રિસ્તીબંધુ છૂટક નકલ | ૨-૦૦ |
| ઉપલી મેડી છૂટક નકલ | ૩-૦૦ |
| બાલવાડી છૂટક નકલ | ૧-૦૦ |

# જગતનો ત્રાતા

"કેમ કે આજ દાઊદના શહેરમાં તમારે સારુ એક તારનાર એટલે ખ્રિસ્ત પ્રભુ જન્મ્યો છે" (લુક ૨ : ૧૧).

બોબી નામના એક છોકરાની વાર્તા મેં વાંચી હતી; તે આ પ્રમાણે હતી :—એક દિવસ તેના કાકા તેને ત્યાં આવ્યા. જતી વખતે તેમણે બોબીને એક ગીલોલ ઇનામમાં આપી. તેનાં માબાપને આ ગમ્યું નહિ, તેથી શહેરમાં જ્યાં તેઓ રહેતાં હતાં, ત્યાં તે ગીલોલ વાપરશે નહિ, એવું વચન તેમણે બોબી પાસેથી લીધું. લોકોનાં ઘરોની કાચની બારીઓના કાચ તે ગીલોલ વડે પથ્થરો મારીને ભાગી નાખે એવી તેમને બીક હતી. તેઓએ તેને કહ્યું કે "રજામાં તું તારી દાદીને ત્યાં જાય ત્યારે સાથે લઈ જજે." થોડા દિવસો પછી રજા પડી. બોબી દાદીને ત્યાં રજા ભોગવવા જવાને તૈયાર થયો. તેણે પેટીમાં કપડાં, રમવાનાં રમકડાં, અને સાથે પેલી ગીલોલ પણ મૂકી. દાદીને ત્યાં પહોંચતાંની સાથે જ તે પેલી ગીલોલ લઈ બહાર રમવા નીકળી પડયો. રસ્તામાં બિલાડી મળી, તેને તાકીને માર્યું, પણ વાગ્યું નહિ. જરા દૂર તેણે ગાયને જોઈ; તેને ગીલોલ વડે એક કાંકરો માર્યો, પણ ગાયને તે વાગ્યો નહિ. આગળ જતાં તેણે દાદીમાની બતક જોઈ, તેણે ગીલોલમાં કાંકરો લીધો, ને માર્યો. કાંકરો વાગતાંની સાથે જ બતક જમીન પર ગબડી પડી. કોઈ પ્રાણીને ઇરાદાપૂર્વક મારી નાખે, એવો નિર્દય તે ન હતો, પણ આ બતક મરી ગઈ એટલે તે ગભરાયો. તે બતકને લઈને ઝપાટાબંધ દોડયો, અને એક ખાડો ખોદી તેને દાટી દીધી. તે ઘેર ગયો, હાથપગ ધોયા, પણ બતક વિષેની કોઈને તેણે વાત કરી નહિ. તે બહુ બેચેન થઈ ગયો. આમતેમ તે રમવા ગયો, પણ રમવામાં તેનું ચિત્ત ચોંટયું નહિ. સાંજે જમવા ગયો,

પણ જમવાનું તેને ગમ્યું નહિ. જ્યારે બતક ઘેર આવશે નહિ, ત્યારે તેની દાદી તેને શું કહેશે ? એ જ વિચાર તેના મગજમાં ઘોળાયાં કરતો હતો. તે બહુ જ દુ:ખી હાલતમાં આવી ગયો હતો.

સૂઈ જવાનો વખત થયો એટલે એની દાદીએ કહ્યું; "બૉબી, જા, સૂઈ જા." બૉબી ગયો નહિ, પણ તે થોભ્યો; અને પોતાથી આજે જે અયોગ્ય કામ થયું હતું, તે દાદી આગળ કબૂલ કરી પોતાની દિલગીરી જાહેર કરી. દાદીએ તેને બાથમાં લીધો, ને ચુંબન કરીને કહ્યું "બેટા જે તેં મને કહ્યું તે બધું મેં આ બારીમાંથી જોયું હતું, તેં મારાથી એ છૂપાવવા મહેનત કરી, તેથી મને ખોટું તો લાગ્યું હતું, પણ હવે મને બહુ આનંદ થયો છે. કેમ કે તેં એ કબૂલ કરીને તારો ખેદ જાહેર કર્યો છે. હું તને આનંદ સહિત માફી આપું છું." એ પછી બૉબીના આનંદનો પાર રહ્યો નહિ. એના મન ઉપરથી મોટો બોજ હઠી ગયો હતો. તે પ્રાર્થના કરી નિરાંતે સૂઈ ગયો. તેની આખી રાત તેણે બહુ જ આનંદમાં ગાળી.

આપણે આપણી દાદીમાની બતક મારી નાખી નહિ હોય, પરંતુ જેને વિષે આપણી પ્રેરકબુદ્ધિ કહે છે કે તે ખોટાં છે; એવાં કામો તો કર્યાં જ હશે. અપ્રામાણિકપણું, જૂઠ, વૈરભાવ, અયોગ્ય ઇચ્છાને આધીન થવું, બહુ જ તંગીમાં આવેલાંઓને મદદ ન આપવી, આ અને આવાં બીજાં કામો જેને વિષે આપણી પ્રેરકબુદ્ધિ કહે છે, કે તે ખોટાં છે, તે જોતાં કોઈ જ એવું નથી કે જે દોષિત નહિ હોય.

જ્યારે આપણે આપણું જીવન ખ્રિસ્તની હાજરીમાં તપાસીએ છીએ ત્યારે આપણને એમ જ જણાય છે કે આપણે દોષિત છીએ. પવિત્રશાસ્ત્ર એ પ્રમાણે કહે છે, કે "સઘળાએ પાપ કર્યું છે, અને દેવના મહિમા વિષે સઘળા અધૂરા રહે છે."

આપણને દેવથી વિખૂટાં પાડવાં, એ પાપનું એક બહુ જ ગંભીર પરિણામ છે. માણસને તેના સ્વર્ગીય પિતા જોડે જે આનંદ ને

સંગતનો સંબંધ હોવો જોઈએ, તે પાપ તોડી નાખે છે. યશાયાહ પ્રબોધક કહે છે, કે "તમારા અપરાધો તમારી ને તમારા દેવની વચમાં ભિન્નતા કરતા આવ્યા છે, અને તમારાં પાપોએ તેનું મુખ તમારી તરફથી એવું ફેરવી નાખ્યું છે, કે તે સાંભળે નહિ." માણસ દેવને અર્થે ઉત્પન્ન કરવામાં આવ્યું છે, અને દેવથી વિમુખ રહીને તે સાચું સુખ ભોગવી શકે જ નહિ.

પોતાની દાદીમાની બતક માર્યા પછી બૉબી કેટલો બધો બેચેન અને દુ:ખી રહેતો હતો! પોતાની દાદી સાથે તેનો જે સુંદર સંબંધ હતો, તે સંબંધ, આડી દીવાલની પેઠે આ કબૂલ કર્યા વગરનું પાપ બગાડતું હતું. પાપ આ દુનિયામાં દેવથી આપણને જુદાં પાડે છે. જો પાપનો પસ્તાવો કર્યા વિના મરી જઈએ, તો મરણ પછી આપણી જે હાલત થશે, તેમાં પણ આપણે દેવથી અલગ કરાએલાં હોઈશું. દેવ વગરનાં હોવું એ બહુ જ ભયંકર દશા છે, એ તો મહાદુ:ખ. રડવું અને દાંત પીસવું છે.

જો હજી સુધી તમે પાપમાં જ જીવો છો, તો તમે શું કરશો? બૉબીએ શું કર્યું? તેણે દાદીમા પાસે પોતાનું પાપ કબૂલ કર્યું, ખેદ દર્શાવ્યો અને દાદીમાએ તેને માફી આપી. જો તમે પ્રભુ ઈસુને તમારાં પાપ કહેશો ને તેને લીધે તમે કેટલાં દુ:ખી છો તે જણાવશો અને વિશ્વાસ રાખીને તેને માફ કરવાનું કહેશો તો તે જરૂર તમને માફી આપશે. તેને બહુ જ સુંદર નામ આપવામાં આવ્યું છે, તેને **"તારનાર"** કહેવામાં આવ્યો છે.

લોકોને તેમનાં પાપમાંથી તારે એવા તારનારની હજારો વર્ષોથી લોકો રાહ જોતા હતા અને તેના આવવાની આશા રાખતા હતા. આજથી લગભગ ૧૯૦૦ વર્ષ ઉપર પાલેસ્ટાઈન દેશના એક ગામના માણસ કે જેનું નામ યુસફ હતું, તેને દૂતે દર્શન દઈ ને કહ્યું કે,

"તારી સાથે જે બાઈનું વેવિશાળ થયું છે, તે તારી સ્ત્રી મરિયમને એક પુત્ર થશે, જેનું નામ 'ઈસુ'' પાડવામાં આવશે, જે તેના લોકોને પાપમાંથી તારશે તે એ જ છે.'' આ દૂતનું વચન એક દિવસે પૂરું થયું. તે દિવસે યરુશાલેમ શહેરની પાસે આવેલા બેથલેહેમ ગામની સીમમાં કેટલાક ભરવાડો રાત્રે પોતાનાં ઘેટાં સાચવતા હતા. તેમને એક દૂતે દર્શન દઈ કહ્યું, "જુઓ, મોટા આનંદની સુવાર્તા હું તમને કહું છું, અને તે સર્વ લોકોને સારુ થશે, કેમ કે આજ દાઊદના શહેરમાં (બેથલેહેમમાં) તમારે સારુ એક તારનાર એટલે ખ્રિસ્ત પ્રભુ જન્મ્યો છે." તેઓ એ નવા જન્મેલા બાળકને જોવા, અને તેનું ભજન કરવા એકદમ ઉતાવળે પગે ચાલી નીકળ્યા.

આ પવિત્ર બાળક મોટું થયું, તે છોકરો થયો, પુરુષ થયો, તે બધે ભલું કરતો ફર્યો, અને આખરે આપણાં પાપનું હરણ કરવા માટે તે વધસ્તંભે જડાયો. "લાકડા પર તેણે પોતે પોતાના શરીરમાં આપણાં પાપ માથે લીધાં.'' એવું પીતર પ્રેરિતના પત્રમાં આપણે વાંચીએ છીએ. આપણે જે પાપો કર્યાં, તેની ટીપ લઈને રદબાતલ કરી, અને વધસ્તંભ પર નાબૂદ કરી.

હા. પ્રભુ ઈસુ મહાન તારનાર છે, તે આપણને શામાંથી તારે છે; તે હવે આપણે જોઈએ.

પહેલું. **ઈસુ આપણને દોષિત પ્રેરકબુદ્ધિના ડંખથી બચાવે છે.** આપણે પાપ કર્યું છે, અને એ પાપ આપણને ઈશ્વરની સાથે સમાધાન કરવામાં આડે આવે છે. પ્રેરકબુદ્ધિ આપણને આ બાબતનું નિત્ય સ્મરણ કરાવે છે, આપણને પજવે છે, એથી જ્યાં સુધી પાપની માફી મળે નહિ; ત્યાં સુધી આપણને શાંતિ પ્રાપ્તિ થતી નથી.

ઇંગ્લાંડના બ્રિસ્ટલ શહેરની એક શાળાના વિદ્યાર્થીને ફ્રેન્ચ ભાષામાં ઉત્તીર્ણ થવાથી ઇનામ મળ્યું. પણ તેનું કારણ તો એ હતું

કે તે પોતાની સાથે પરીક્ષા વખતે નોંધ લઈ ગયો, અને તેમાંથી જોઈને તેણે જવાબપત્રો લખ્યા. ચોરી કરીને તેણે પ્રથમ નંબરનું ઇનામ મેળવ્યું. પરંતુ તે વાતને ત્રીસ ત્રીસ વર્ષો થયાં તોપણ ચોરી કરવાને લીધે તેને શાંતિ નહોતી. તેની પ્રેરકબુદ્ધિ તેને ખટકયા કરતી હતી. અંતે તેની વેદના એટલી બધી વધી ગઈ, કે તે શાળાના હેડમાસ્તર પાસે ગયો, પોતાનો ગુનો કબૂલ કર્યો, અને જે ઇનામ તેણે મેળવ્યું હતું, તે પાછું આપ્યું. ત્યાર પછી તેનું મન શાંત થયું. જ્યાં સુધી તેણે તેનું પાપ કબૂલ્યું નહિ ત્યાં સુધી તેના મનમાં શાંતિ નહોતી.

ખ્રિસ્તની આગળ તમારાં પાપ કબૂલ કરો, ને તે તમને દોષિત પ્રેરકબુદ્ધિના ડંખ અને વેદનાથી બચાવશે, તમને માફી આપશે. ખ્રિસ્તનું રક્ત આપણી પ્રેરકબુદ્ધિને દેવનું ભજન કરવા સારુ નિર્જીવ કામોથી શુદ્ધ કરશે, (હેબ્રી. ૯ : ૧૪) એવું અભયવચન છે.

જો તમે ખ્રિસ્ત તરફથી માફી સ્વીકારશો, તો તમે જેનું જે માલિકીનું છે, તે તેને પાછું ભરી આપશો, એ ખાતરીપૂર્વક છે. જો તમે કોઈનું કંઈ ચોરી લીધું હશે, તો તમે તેની પાસે જશો, તેની આગળ તમારો વાક કબૂલ કરશો, ને તેની વસ્તુ તેને પાછી સોંપશો. જેમ પેલા માણસે ચોરી કરીને મેળવેલું ઈનામ પાછું આપ્યું તેમ જ તમે પણ કરશો. જો તમે કોઈની સાથે ઝઘડો કર્યો હશે અને તેના પ્રત્યે દ્વેષ-ભાવ રાખતા હશો, તો તમે તેની પાસે જશો, માફી માગશો, અને તેની સાથે સમાધાન કરશો.

પ્રભુ તરફથી માફી મળતાંની સાથે જ એની શાંતિ તમારાં હૃદયોમાં આવશે. કરોડપતિ હોવું તેના કરતાં માફી અને શાંતિ હોવા એ વધારે અગત્યનું છે.

બીજું. **ઈસુ આપણને પાપની શિક્ષામાંથી બચાવે છે.** આપણને દેવથી વિમુખ રાખવાં એ પાપનું ખરાબમાં ખરાબ પરિણામ છે, તે આપણે આગળ જોયું. દેવના આનંદ ને તેની

સંગતથી પાપ આપણને દૂર ને દૂર ઘસડી જાય છે. હવે દેવ અજવાળું છે. દેવથી વિમુખ ને દૂર રહેવું તેનો અર્થ બહારના અંધકારમાં રહેવું એવો થાય છે. જેની માફી મળી નથી એવાં પાપનું પરિણામ આ જિંદગીમાં તેમ જ આવનાર જીવનમાં નર્ક છે. પાપ પાપીને સ્વર્ગની બહાર રાખે છે.

"પ્રકાશિત નગર એક પાપ રહે છે તેની બહાર;
જે કંઈ અશુદ્ધ, જે કંઈ અશુદ્ધ,
ત્યાં કદી ન પેસનાર."

જેઓ પ્રભુ ઈસુ પર વિશ્વાસ રાખે છે તેઓને માથેથી એ શિક્ષા લઈ લેવામાં આવે છે, અને એને બદલે તે આપણને આ પૃથ્વી પર જીવન તેમ જ આનંદ આપે છે, અને મરણ પછી સ્વર્ગની ખાતરી આપે છે. "કેમ કે પાપનો મુસારો મરણ છે, પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે દેવનું કૃપાદાન અનંતજીવન છે. (રૂમી. ૬ : ૨૩).

હું છોકરો હતો ત્યારે ઘણાં વર્ષો સુધી ઘણી બીકમાં ને મનની ઉદાસીનતામાં રહ્યો. મને મરણ ને નર્કની બહુ બીક લાગતી હતી. પછી હું ઈસુને જડયો, ઈસુ મને જડયો. મેં પોતાને તેના હાથમાં સોંપી દીધો. તે મારો તારનાર થયો. તેણે મારી સઘળી બીક મટાડી. તમારા જીવનમાં પણ પ્રભુ એ કરી શકે છે, એ હું તમને ખાતરીપૂર્વક કહી શકું છું. તે તમારાં પાપની શિક્ષા હરી લે છે, અને એના બદલામાં તમને સ્વર્ગ પ્રાપ્ત થશે. એવી ખાતરી તે આપે છે. સ્વર્ગમાં તેની સાથે રહેવાનો તેમ જ જેઓએ તેના પર પ્રેમ રાખ્યો હતો, ને આપણી અગાઉ ગએલાં છે, તેમની સંગતનો આનંદ પ્રાપ્ત થશે.

દરેક ખ્રિસ્તી માણસની એ આશા છે. લોર્ડ રેડસ્ટોક નામનો એક ખરો ખ્રિસ્તી માણસ બીમાર રહેતો હતો. એક વાર તેણે ડૉકટર

પાસે જઈ કહ્યું. "મને જે બીમારી હોય તે સાફસાફ કહી દો." ડૉક્ટરે તેને તપાસ્યો ને કહ્યું કે "તમે વધારેમાં વધારે ત્રણ માસ જીવશો. એવું મારે તમને દિલગીરી સાથે કહેવું પડે છે." આ વાત સાંભળીને લૉર્ડ રેડસ્ટૉકનો ચહેરો તેજસ્વી બન્યો, તે બોલી ઊઠ્યો, "કેટલું આનંદકારક! ત્રણ માસ પછી હું મારા પ્રભુને મોઢેમોઢ જોઈશ."

**ત્રીજું. ઈસુ આપણને પરીક્ષણના પરાક્રમથી બચાવે છે.**

તે આપણને પરીક્ષણ આવવાથી બચાવી રાખે છે એવું હું નથી કહેતો. પરીક્ષણ આવવાથી તે બચાવતો નથી, તેને પણ પરીક્ષણો આવ્યાં હતાં, તો તેની પાછળ ચાલનારાને પણ પરીક્ષણ આવે છે. કોઈવાર ખ્રિસ્તીઓ પર બહુ જ કપરી કસોટીઓ આવે છે. જો આપણે આપણા તારનાર પર ભરોસો રાખીએ, તો તે આપણને તેનો આત્મા અને એની શક્તિ આપશે. જેથી આપણે પરીક્ષણની સામે ઊભા રહી શકીએ અને પરાજયને બદલે વિજય અપાવશે.

એક પાદરી સાહેબ એક કારખાનામાં જઈ બધે ફરીને જોતા હતા. કામ કરતા માણસો સાથે વાતચીત પણ કરતા હતા. જે કામ કરવા ઘણા માણસોની જરૂર પડે તે કામ એક યંત્ર કરતું હતું. એ યંત્રના કારીગર સાથે પણ તેમણે વાત કરી. એ માણસ પોતે યંત્રને કેવી રીતે કાબૂમાં રાખતો હતો તે તથા તે કેવું અજાયબ કામ કરે છે તે વિષે કારીગરે વાત કરી. આ સાંભળી પાદરી સાહેબ નવાઈ પામ્યા. તે જોઈ કારીગરે કહ્યું "હું આ યંત્રને કાબૂમાં રાખું છું, પણ હું પોતાને કાબૂમાં રાખી શકતો નથી." તેને દારૂ પીવાની લત લાગી હતી, અને દારૂની દુકાન પાસે થઈને જતાં, તે અંદર જઈ પીધા વિના પસાર થઈ શકતો જ નહિ. પાદરી સાહેબ તેને પોતાને ઘેર લઈ ગયા. બંનેએ બેસીને ઘણી વાર સુધી વાતો કરી, છેવટે તે માણસે ઈસુને પોતાના તારનાર તરીકે સ્વીકારવાનું કબૂલ કર્યું, બંને

ઘૂંટણે પડીને પ્રાર્થના કરવા લાગ્યા. પ્રાર્થના પૂરી થયા બાદ તે માણસમાં કોઈ અજબ શક્તિ આવી, તેના ચહેરા પર નવી આશા સ્ફૂરેલી હતી, અને આજ ઘણા મહિના થયા, તે દારૂને અડક્યો પણ નથી.

ઈસુ આપણને ચારિત્ર બગાડનાર કુટેવોની ગુલામીમાંથી છોડાવી શકે છે, અને આપણને સ્વતંત્રતા આપી શકે છે; તે આપણને વિષયવાસનાથી બચાવી શકે છે, અને આપણને શુદ્ધ મન આપી શકે છે, તે આપણને સ્વાર્થથી બચાવી શકે છે, ને આપણને નિઃસ્વાર્થી મન આપી શકે છે. તે આપણને ખોટા મિજાજથી બચાવી શકે છે, અને આપણને સંયમ રાખતાં શીખવે છે.

ખચીત તમને જરૂર છે, એવો જ તે તારનાર છે. શું એ તમારો તારનાર બન્યો છે? તે જગતનો ઉદ્ધારનાર છે, એટલી માન્યતા બસ નથી. પણ તમારામાં એવો વિશ્વાસ હોવો જોઈએ; કે તે ખરેખર મારો અંગત તારનાર છે. તમે પોતાને તેના હાથમાં સોંપી દો.

બ્લોન્ડીન નામનો એક નામચીન નટ હતો, તે દોર પર કામ કરતો હતો. નાયગ્રા ધોધ પર એક લાંબો દોર બાંધવામાં આવેલો હતો. તેના પર ચાલીને ઘણીવાર તે સામે પાર ગએલો. એક દિવસ તે એક માણસને એક પૈડાંવાળી ખુરસીમાં બેસાડી તાર પર પેલી ગાડી ચલાવીને લઈ ગયો. હજારો માણસોની મેદની આ જોતી હતી. લોકોમાં ભારે સનસનાટી ફેલાઈ હતી. જો સહેજ પણ પેલો નટ ચૂકે તો બંને જણા બહુ જ ઊંડે, અને ઝપાટાબંધ વહેતા પાણીમાં પડીને ક્યાંય તણાઈ જાય. બ્લોન્ડીન આ માણસને સહિસલામત પેલી પાર લઈ ગયો.

પ્રેક્ષકોના ટોળામાં એક છોકરો હતો, તેને આ જોવામાં બહુ મઝા પડી. બ્લોન્ડીને એ છોકરા પાસે જઈ પૂછ્યું "હું પેલા

માણસને એક પૈડાવાળી ખુરસીમાં બેસાડી આ પાર લાવ્યો એ તેં જોયું ?"

"હા, સાહેબ."

"તું માને છે કે હું તને પણ પેલે પાર લઈ જઈ શકું છું ?"

"હા સાહેબ."

"તો ચાલ, હું તને આ ખુરસીમાં બેસાડી પેલે પાર લઈ જાઉં."

"ના સાહેબ." છોકરાએ ગભરાતાં ગભરાતાં જવાબ આપ્યો.

બ્લોન્ડીન લોકોને ખુરસીમાં બેસાડી પેલી પાર સહિસલામત લઈ જઈ શકે છે, તે આ છોકરો ખાતરીથી માનતો હતો, પણ તે પોતાને બ્લોન્ડીનના હાથમાં સોંપવા તૈયાર ન હતો.

કદાચ તમે માનો છો, કે ઈસુ જગતનો તારનાર છે, પણ એટલું બસ નથી. તમે પોતે તેના હાથમાં સોંપાઈ જાઓ, અને પછી તમને ખાતરી થશે કે તે તમારો તારનાર છે. હાલ જ તમે તેને તમારા અંગત તારનાર તરીકે સ્વીકારો.

ખ્રિસ્ત રહિત અશાંતિ,<br>
ખ્રિસ્ત સહિત શાંતિ.<br>
ખ્રિસ્ત રહિત નર્ક,<br>
ખ્રિસ્ત સહિત સ્વર્ગ.<br>
ખ્રિસ્ત રહિત પરાજય,<br>
ખ્રિસ્ત સહિત વિજય.

પ્રભુ ઈસુ તમને ચાહે છે, તે તમારો તારનાર થવા ઝંખે છે: જો તમે ખ્રિસ્ત રહિત રહેશો, તો તેમાં દેવનો દોષ નથી. તેમાં તમારો પોતાનો દોષ છે. ખ્રિસ્ત વગર તમે જીવી શકતાં જ નથી, ખ્રિસ્ત વગર મરણ પામવાની તમે હિંમત રાખી શકતાં જ નથી. આજે જ તમે પોતાને ખ્રિસ્તને સોંપી દો, તે તમને બચાવશે, તે પાપથી તમારું રક્ષણ કરશે; અને અંતે તે પોતાના ગૌરવની સમક્ષ તમને પરમાનંદ સહિત નિર્દોષ રજૂ કરશે.

# સર્વોત્તમ મિત્ર

"મેં તમને મિત્ર કહ્યા છે" (યોહાન ૧૫ : ૧૫).

મિત્રાચારી એ ઈશ્વરની સર્વોત્તમ બક્ષિસોમાંની એક છે. કોઈ ગરીબ માણસ હોય, પણ જો તેને એક સાચો મિત્ર હોય તો તે ભલે ગરીબ કહેવાય, પણ ખરી રીતે તો તે ધનવાન છે; પણ ધનાઢ્ય માણસને જો એક પણ સાચો મિત્ર નથી તો તેની હાલત તે દયાજનક ગરીબ જેવી છે. આપણા સુખદુઃખના ભાગીયા બનાવી શકીએ એવા મિત્રો હોય તો આપણી સફળતાઓ અને આનંદો બમણા થઈ જાય. જેઓની હમદર્દી પર આપણે ભરોસો રાખીએ એવા મિત્રો જો આપણને છે, તો આપણો બોજ તેમ જ આપણાં દુઃખો અડધાં થઈ જાય છે. એમ જો હોય તો આપણે દેવને ધન્યવાદ આપવો જોઈએ. મિત્રો વિનાનો માણસ ઘણું કરીને ખૂબ એકાંતવાસી હોય છે.

રૂપર્ટ બ્રુકસ નામનો એક યુવાન અંગ્રેજ કવિ થઈ ગયો. ઈ. સ. ૧૯૧૪નું મહાયુદ્ધ શરૂ થયું ત્યારે તે તેમાં જોડાયો. એક વખત અમલદારો તરફથી તેને એવું ફરમાન આવ્યું કે તેણે તાત્કાલિક લડાઈના મોરચા પર જવું. તેને એ હુકમ મળતાંની સાથે જ તે નીકળ્યો. તે લીવરપૂલ ગયો, ને ત્યાંથી મોરચા પર લઈ જનાર એક મોટી લશ્કરી આગબોટમાં ચઢી બેઠો. તેને તુરત જ નીકળવાનું હોવાથી તે કોઈને ખબર આપી શક્યો નહોતો, પરિણામે તેને વિદાયની સલામ આપવા કોઈપણ આવ્યું નહિ. તેને તરત જ લાગણી થઈ આવી. તેને એમ જણાયું કે આ દુનિયામાં મારું કોઈ નથી. આ વિચાર તેને અસહ્ય થઈ પડયો. તે (બંદર) ઉપર આમતેમ ફરવા લાગ્યો. એટલામાં તેણે એક છોકરાને ત્યાં જોયો. તેણે છોકરાને પૂછ્યું, "તારે ચાર આના કમાવા છે?" છોકરાએ કહ્યું, "હા

સાહેબ." રૂપર્ટે પૂછ્યું "તારી પાસે રૂમાલ છે?" પેલા છોકરાએ "હા" કહી એક મેલું ખાખી રંગનું ચીંથરું પોતાના ગજવામાંથી કાઢી બતાવ્યું. તેણે તે છોકરાને કહ્યું, "લે આ તારા ચાર આના, અને આ રૂમાલ તારી પાસે રહેવા દે; જ્યારે આ આગબોટ ચાલવા લાગે ત્યારે તું આ જગાએ ઊભો રહી આગબોટનાં માણસો અદશ્ય થાય ત્યાં સુધી આ રૂમાલ હલાવ્યા કરજે." પછી રૂપર્ટ બ્રુકસ આગબોટ પર ચઢ્યો, આગબોટ ચાલવા લાગી. સેંકડો સગાંઓ ને મિત્રો પોતાના હાથમાં રૂમાલો હલાવતાં હતાં, ત્યારે રૂપર્ટ બ્રુકસે થોડા વખત પહેલાં શોધી કાઢેલા એક નાના ને નવા મિત્ર તરફ પોતાની નજર રાખી. તે ઊભો ઊભો રૂમાલ હલાવતો હતો. આગબોટનાં માણસો અદશ્ય થયાં ત્યાં સુધી પેલા નાના મિત્રે રૂમાલ હલાવ્યા કર્યો. આથી રૂપર્ટ બ્રુકસને દિલાસો મળ્યો, અને તે મનમાં બોલ્યો કે "ચાર આનાના પ્રમાણમાં મને આજે ઘણો લાભ મળ્યો છે."

આપણામાંના કોઈને આજે સાચા-ખરા મિત્ર વિના રહેવાની કશી જ જરૂર નથી. કેમ કે એક એવો મિત્ર છે કે જે આપણા પ્રત્યેકનો મિત્ર થવા બહુ જ આતુર છે. એ શ્રેષ્ઠ ને સર્વોત્તમ મિત્ર છે. તેનું નામ પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે, તે તેના શિષ્યોને પણ મિત્ર કહે છે. હવે ઈસુ શ્રેષ્ઠ મિત્ર કેમ છે?

પહેલું. ઈસુ ખ્રિસ્ત આપણો શ્રેષ્ઠ મિત્ર છે, કેમ કે **બીજા મિત્રો આપણને ચાહે છે તેના કરતાં તે વધારે ને પુષ્કળ પ્રેમથી આપણને ચાહે છે.** ઈસુ પ્રત્યેનો દેવનો પ્રેમ સૌથી અજાયબ પ્રેમ છે. જેવો પ્રેમ દેવ તેના પર રાખે છે તેવો જ પ્રેમ તે આપણા પર રાખે છે. તે કહે છે, કે "જેમ બાપે મારા પર પ્રેમ રાખ્યો છે, તેમ મેં પણ તમારા પર પ્રેમ રાખ્યો છે" (યોહાન ૧૫:૯) જગતનો પાયો નાખ્યા અગાઉ જે સ્વર્ગના મહિમામાં ભાગીદાર હતો તે દેવના એકનાએક દીકરા ઈસુ ખ્રિસ્ત પ્રત્યે દેવપિતાનો કેટલો બધો પ્રેમ હતો,

તે વિષે આપણે વિચાર કરવા પ્રયત્ન કરીએ. આપણે ગ્રહણ કરી શકીએ, તે કરતા એ પ્રેમ વિશેષ છે. ઈસુ એવા જ પ્રેમથી આપણને ચાહે છે. તેણે આપણા પર એટલો બધો પ્રેમ કર્યો કે સ્વર્ગનો વૈભવ તજીને આ દુનિયામાં આપણી પાસે આવ્યો. અને જે મનુષ્યો તેના પિતાનું અપમાન કરતા હતા, અને તેને અનાજ્ઞાધીન હતા તેમની મધ્યે વસ્યો. આપણા પરના પ્રેમને લીધે તે આપણાં પાપોનું હરણ કરવા ક્રૂર રીતે વધસ્તંભ પર મરણ પામ્યો.

ઈસુએ કહ્યું કે "પોતાના મિત્રને સારુ જીવ આપવો તે કરતાં મોટો પ્રેમ કોઈનો નથી." છેલ્લા વિશ્વયુદ્ધમાં ઘણા માણસોએ પોતાના મિત્રોને સારુ પોતાના પ્રાણ આપ્યાના દાખલા આપણે સાંભળ્યા છે.

બ્રહ્મદેશમાં એક નાની ટુકડી બ્રિટિશ હદમાં આવવા મહેનત કરતી હતી. આઠ દિવસ સતત ત્રાસ ને મુશ્કેલી વેઠયા પછી ફુલીઝીયર ડન્નર નામનો એક સિપાઈ તદ્દન અશક્ત થઈ ગયો; અને માંદો થવાથી આગળ ચાલી શકયો નહિ, તેને લાગ્યું કે ટોળીના બાકીના સિપાઈઓને તે ભારરૂપ છે. કેમ કે તેને ઊંચકીને થાકી જવાથી આ સિપાઈઓ સલામત સ્થળે બનતી ઉતાવળે આગળ જઈ શકતા નહોતા. એક વખત તેઓ આરામ લેવા થોભ્યા હતા ત્યારે તક મળતાં તે અજાણ્યા જંગલમાં ચાલ્યો ગયો. આ વાતની ખબર પડતં સિપાઈઓએ તેની શોધ કરી પરંતુ તે મળ્યો નહિ. હવે તેઓની સાથે આ અશક્ત માણસ ન હોવાથી તેઓ ધારેલે સ્થળે જલદીથી સહિસલામત પહોંચી ગયા.

અમે જીવીએ તે માટે આ શૂરવીર પુરૂષે પોતાનો પ્રાણ આપ્યો. આ વાત તેઓએ બીજાઓની આગળ પ્રગટ કરી.

ઈસુએ પોતાનો પ્રાણ કેવળ તેના મિત્રો માટે જ નથી આપ્યો. પણ પોતાના શત્રુઓને પાપથી બચાવી પોતાના ખરા મિત્ર બનાવે તે માટે તેણે પ્રાણ આપ્યો. જગતના આરંભથી આજ સુધી આ

પૃથ્વી પર ઈસુ ખ્રિસ્તના જેવો પ્રેમ બીજા કોઈનો જોવામાં આવ્યો નથી.

બીજું. તે આપણો શ્રેષ્ઠ મિત્ર છે. કેમ કે **દેવની સર્વ યોજનાઓ તથા તેના વિચારોમાં તે આપણને સહભાગીદાર બનાવે** છે. તે આપણને કહે છે કે, "હવેથી હું તમને દાસ કહેતો નથી; કેમ કે પોતાનો શેઠ જે કરે છે તે દાસ જાણતો નથી. પણ મેં તમને મિત્ર કહ્યા છે. કેમ કે જે વાતો મેં મારા બાપ પાસેથી સાંભળી હતી તે બધી મેં તમને જણાવી છે." (યોહાન ૧૫ : ૧૫)

ગત મહાયુદ્ધમાં મહાન સિપાઈઓમાંનો એક ફિલ્ડ માર્શલ મંટગમરી નામે હતો તેણે અને તેના સિપાઈઓએ ઇજિપ્તમાં, લિબ્યામાં, ટ્રિપોલીમાં; ટ્યુનિશીઆમાં અને યુરોપમાંની લડાઈઓ જીતી હતી. કદાચ તમે એનાં ચિત્રો જોયાં હશે; જેમાં તે એના સૈનિકો સાથે વાતો કરતો દેખાય છે. આ તેની હંમેશની રીત હતી. દરેક મોટી લડાઈ પૂર્વે તે પોતાના સૈનિકોની સાથે મળીને પોતાની વ્યૂહરચના સમજાવતો. આથી તેના બધા જ સૈનિકો એના ઉદ્દેશ અને એની યોજનાથી પૂરેપૂરા વાકેફ રહેતા હતા. આ સૈનિકોને એવું લાગતું કે તેઓ ફક્ત નોકરો જ નથી, પરંતુ તેના મિત્રો પણ છે. કેમ કે ઈસુ ખ્રિસ્તના કહેવા પ્રમાણે પોતાનો શેઠ જે કરે છે તે દાસ જાણતો નથી, પણ મિત્ર જાણે છે." આ પ્રમાણેના વર્તનથી મંટગમરી એના સૈનિકોના પ્રાણમાં નવી જ ઉત્સાહી પ્રેરણા રેડતો હતો.

ઈસુ પાસે આ જગતને જીતવા યોજનાઓ છે. એ યોજનાઓ ટેંકો, બંદૂકો, બોંબ કે ઝેરી ગ્યાસની નહિ, પણ **પ્રેમની છે.** તે પોતાની યોજના આપણને કહી બતાવે છે. પોતે દેવના [illegible]રો

તેના પ્રેમી આત્માથી ભરપૂર થઈને બીજાંઓને પ્રેમી દેવ તરફ લાવવા આપણા પર તે આધાર રાખે છે.

ત્રીજું. ઈસુ આપણો શ્રેષ્ઠ મિત્ર છે કેમ કે **તે હંમેશાં આપણી સાથે રહે છે.** તે આકાશમાં ચઢી ગયો તે પહેલાં તેણે પોતાના શિષ્યોને કહ્યું કે "જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું." આપણે એમ સમજવાનું નથી કે ઈસુએ લાંબા સમય પરના માણસો પર પ્રેમ કર્યો ને તેમને માટે મરણ પામ્યો, અને પોતાથી જે કંઈ ઉત્તમ થઇ શકે તે કરીને પછી તેણે લોકોની સંભાળ લેવાનું બંધ કર્યું હતું. ના, એમ નહિ, પણ તેનો પ્રેમ તો સાર્વકાળિક છે. કાલવરીની ટેકરી પર જે લથડીયાં ખાતો ચઢતો હતો, અને જે વખતે તેનું અંગ ખિલાથી વિંધાતુ હતું તે વખતે જે પ્રેમ તેના અંતરમાં હતો, તે જ પ્રેમ આજે આપણા માટે પણ છે. આરંભથી જ તે આપણા પર પ્રેમ રાખે છે, અને અંત સુધી તેનો પ્રેમ ટકે છે. વળી તે પોતાના મિત્રો આગળ પોતાની યોજનાઓ રજૂ કરીને તેઓ જેમ તેમને યોગ્ય લાગે તેમ તેને અમલમાં મૂકે, એમ કહીને ચાલ્યો ગયો નથી. ના, તેણે કહ્યું છે કે હુ હંમેશાં–સર્વકાળ તમારી સાથે રહીશ. મારા હાથમાં સઘળી સત્તા છે. તમે મારા પર આધાર રાખી શકો છો. એની યોજનાઓ સહેલી ને સરળ નથી. કેમ કે ખ્રિસ્તને સારુ જગતને જીતવાનો બીજો કોઈ સહેલો ઉપાય છે જ નહિ એની યોજનામાં દુઃખ, વિપત્તિઓ, અને છેવટે કદાચ બલિદાન પણ આપવાનું છે. એ યોજનાઓ, વિપત્તિઓ અને મુસ્કેલીઓથી ભરપૂર છે. કોઈ વાર તેઓ આપણી શક્તિઓ ઉપરાંતની ... લાગે છે. અલબત આપણે આપણા પોતા પર જ આધાર રાખીએ ... ઉપરાંતની છે તે વાત ખરી છે, પરંતુ જો આપણી

ગયા મહાયુદ્ધ વખતે એક અમલદારે અમુક જોખમવાળું કામ કરવાની સ્વેચ્છા દર્શાવી, અને તે પણ એકલે હાથે જ કરવાનું હતું. કાર્ય ઘણું જોખમકારક હતું. કેમ કે કાર્ય કરવાની જગા શત્રુઓ સહેલાઈથી જોઈ શકે તેવી ખુલ્લી હતી. તે કાર્ય કરવા નીકળતાં પહેલાં તે પોતાના એક પાળક મિત્રને મળ્યો, ને પાળક સાહેબને કહ્યું, "હું કાર્ય સફળ કરીને સહિસલામત પાછો આવું માટે મારે માટે પ્રાર્થના કરજો." પાદરી સાહેબે કહ્યું. "હુ તમારી સાથે આવીશ." ઈસુ આપણને એમ કહેતો નથી કે હું તમને સહિસલામત પાછા લાવીશ, તે એમ પણ નથી કહેતો કે તમને જોખમ નહિ થાય કે તમને લેશમાત્ર દુઃખ નહિ પડે, પરંતુ તે એટલું તો જરૂર કહે છે કે, "હું તમારી સાથે આવીશ." જો ઈસુ આપણી સાથે છે તો પછી આપણને આથી શું વધારે જોઈએ ?

પ્રભુ ઈસુ આપણો શ્રેષ્ઠ મિત્ર છે તે આપણે આગળ જોઈ ગયા. તેને તમારો મિત્ર થવાની ઇચ્છા છે પણ જો તમે હજી સુધી તેના મિત્ર ન બન્યા હો તો પ્રથમ (અ) **આજે જ તેની મૈત્રી સ્વીકારી લો.** ઈસુ ખ્રિસ્તની મૈત્રી એ તો દેવની આપેલી બક્ષિસ છે. જો ખ્રિસ્ત આપણને પ્રાપ્ત થાય, તો પ્રાપ્ત કરવાનું ઉચિત છે, તે સઘળું આપણને મળશે. ખ્રિસ્ત રહિત જીવન ખાલી ને વ્યર્થ છે. અસંતોષકારક છે, આશાહીન છે. શાંતિથી અને પૂરા વિશ્વાસથી તમે તમારો હાથ ઈસુના હાથમાં સોંપો. તમારા પરના એના પ્રેમને લીધે તેનો આભાર માનો, અને એને તમારા શ્રેષ્ઠ મિત્ર તરીકે સ્વીકારો.

ખ્રિસ્તને તમારો મિત્ર બનાવ્યા પછી (બ) **તેની સાથેની તમારી મૈત્રી વિકસાવો.** આપણા કોઈ મનુષ્ય મિત્રને જો આપણે ઓળખવો હોય તો આપણે તેને વારંવાર મળીએ છીએ, તેની સાથે વાતો કરીએ છીએ, તેનું સાંભળીએ છીએ, તે જ પ્રમાણે ઈસુની મુલાકાત કરવા શાંત-મનનનો સમય રાખો, તેની સાથે વાત કરો,

તેની મદદ માગો, તેની વાત સાંભળો. પવિત્રશાસ્ત્ર–બાઇબલ, તેમાંયે મુખ્યત્વે કરીને નવો કરાર દરરોજ વાંચો; અને તમારી જિંદગી માટે ઈશ્વરનો શો ઇરાદો છે, કે શો હેતુ છે, તે જાણો તેમ જ શીખો. યાદ રાખો કે, તે સર્વસમયે તમારી પાસે છે, અને એની મદદથી તમે બતાવી શકો છો કે તમે તેના મિત્ર છો. (क) **તમારી સાથેની તેની મૈત્રીનું અભિમાન કરો.** ઈસુ તમારો મિત્ર છે, એ વાત અન્યોને જણાવતાં જરાયે શરમાશો નહિ. જો આપણે ઈસુને વફાદાર રહીશું, તેની આજ્ઞાઓ પાળીશું, તો લોકો આપણી મશ્કરી કરશે, અને સતાવશે પણ ખરા. આવું બનવાનું તે ઈસુ જાણતો હતો. ઈસુ બે સ્થળે પોતાના શિષ્યોને મિત્રો કહે છે. તે બંને સ્થળે ભવિષ્યમાં માઠા દિવસો આવશે તે વિષેની ચેતવણી તે આપે છે. તેણે કહ્યું, "મારા મિત્રો, હું તમને કહું છું કે જેઓ શરીરને મારી નાખે, અને તે પછી બીજું કંઈ ન કરી શકે તેઓથી બીહો મા" (લુક ૧૨ : ૪). "જો તેઓ મારી પૂઠે પડ્યા, તો તેઓ તમારી પૂઠે પણ પડશે" (યોહાન ૧૫ : ૨૦). ખ્રિસ્તના સઘળા સાચા મિત્રો માટે ભવિષ્યમાં માઠા દિવસો છે. પણ જે માણસોએ આ એમના મહાન મિત્રને પોતાના હૃદયમાં હંમેશને માટે સ્થાન આપીને તેનો પ્રેમ ભરવા દીધો છે, તેઓનામાં એવું આત્મિક બળ છે, અને એવી વફાદારી છે, કે જેથી તેમના આત્માનો કોઈ નાશ કરી શકે જ નહિ.

ચીનમાં ફેન નામનો એક વૃદ્ધ ટપાલી રહેતો હતો. એક વાર ફેને આ સમાચાર સાંભળ્યા કે દેવે પોતાના દીકરાને જગતનો તારનાર થવા મોકલ્યો છે. તે સાંભળ્યા પછી ફેને ઈસુને પોતાના મિત્ર તરીકે સ્વીકારવા, તથા તેની પાછળ ચાલવાનો નિર્ણય કર્યો. એ પછી કેટલાક માસ સુધી તેને ખ્રિસ્તી ધર્મનું શિક્ષણ આપવામાં આવ્યું. એક રવિવારે તેણે પુષ્કળ આનંદ સહિત બાપ્તિસ્મા લીધું; અને એમ તેણે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પરનો પોતાનો પ્રેમ અને વિશ્વાસ જાહેર કર્યો.

આ પછી કેટલેક વખતે કેટલાક સિપાઈઓ બધા ખ્રિસ્તીઓને મારી નાખવા ફેનના ગામમાં આવ્યા. તેઓ ફેનને એક ભવ્ય મૂર્તિ આગળ લઈ ગયા. તેના હાથમાં બળતું લોબાન મૂકયું, ને કહ્યું, "ફેન, જો તું આ મૂર્તિ આગળ નમે, ને આ લોબાન તેને અર્પે, તો અમે તને જીવતો જવા દઈશું." પણ ફેને પેલું લોબાન જમીન પર ફેંકી દીધું, ને હિંમતથી જવાબ આપ્યો, "હું ખ્રિસ્તનો માણસ છું. હું કોઈ દિવસ મૂર્તિને નમન કરીશ નહિ." પછી સિપાઈઓએ જમીનમાં એક ઊંડો ખાડો ખોદ્યો, ને ફેનને તેમાં ઉતાર્યો; ને તેઓ અંદર માટી પૂરવા લાગ્યા. જ્યારે ફેનની છાતી સુધી માટી પુરાઈ, ને તેઓએ તેના મોં સામું જોયું, તો તેના ચહેરા પર તેમણે એવું કંઈક જોયું કે જેથી તેઓ દુઃખી થઈ ગયા. તેઓએ કહ્યું. "ફેન, હમણાં તું લોબાન ચઢાવી શકતો નથી, કેમ કે તારા હાથ દટાએલા છે: પરંતુ તારું માથું પેલી મૂર્તિની દિશામાં નમાવ. અને અમે તને બહાર કાઢીશું." ફેને ઉત્તર આપ્યો. "ના." ફરી તેઓ માટી પૂરવા લાગ્યા. જ્યારે ફેનના હોઠ સુધી માટી આવી ત્યારે તેઓ થોભ્યા અને ફરી એક વાર પ્રયત્ન કર્યો, "અરે ફેન! તું શા માટે ના પાડે છે? મૂર્તિ તરફ ફક્ત તારી ડોક ધૂણાવ અમે તને બચાવીશું." ફેને નિર્ભયતાથી તેઓ તરફ જોઈને કહ્યું, "તમે સમજી શકતા નથી જે પ્રભુ પર હું પ્રેમ રાખું છું, ને જેની સેવા હું કરું છું તે મારે લીધે મરણ પામ્યો, અને તેની ખાતર હું મરી જાઉં એમાં મને આનંદ અને ગૌરવ છે." આથી તેઓએ ટોચ સુધી માટી પૂરી દીધી, અને ઢગલા પર તેઓ નિષ્ઠુરતાથી ફર્યા. ફેનનો આત્મા સ્વર્ગમાં ચાલ્યો ગયો. કેમ કે જે દેવ પર તે પ્રેમ રાખતો હતો તે દેવે તેના આત્માનો પ્રેમથી આવકાર કર્યો.

જે ખ્રિસ્તે ફેનને પોતા પ્રત્યે વિશ્વાસુ ને મરણ સુધી વફાદાર રાખ્યો હતો, તે જ ખ્રિસ્ત આજે જીવતો છે, અને તે આપણને કહે છે કે, "જુઓ, જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું."

---

# આપણા તારણનો અગ્રેસર

"કેમ કે જેને અર્થે સઘળાં છે, તથા જેનાથી સઘળાં [ ઉત્પન્ન થયાં ] છે, તેને એ ઘટિત હતું, કે તે ઘણા દીકરાઓને ગૌરવમાં લાવતાં તેઓના તારણના અધિકારીને ( મૂળ ભાષામાં અગ્રેસર, આગેવાન એ અર્થ છે) દુઃખદ્વારા પરિપૂર્ણ કરે." (હિબ્રીઓને પત્ર ૨ : ૧૦).

"આગેવાનની પાછળ ચાલો," એ નામની એક રમત છોકરાંઓ રમે છે. એ રમતમાં કોઈ છોકરો કે છોકરી આગેવાન બને છે, બાકીનાં બધાં રમનારાં એ આગેવાનની પાછળ હારમાં ચાલે છે. આગેવાન જ્યાં જાય ત્યાં તેઓ જાય છે, જે કંઈ આગેવાન કરે તે પ્રમાણે તેઓ કરે છે. દરેક રમનારને આગેવાન બનવાની ઉમેદ હોય છે. ક્યાં જવું ને શું કરવું તેની પસંદગી કરવામાં તેમને બહુ મઝા પડે છે.

આ તો ફક્ત એક રમત છે, અને તેમાં આગેવાન થવું એ બહુ મુશ્કેલ બાબત નથી. પરંતુ કોલંબસની પેઠે અમેરિકા શોધવા નીકળનાર ટોળીના આગેવાન બનવું, અગર દક્ષિણ ધ્રુવ શોધવા નીકળનાર કેપ્ટન સ્કોટની પેઠે આગેવાન થવું, અથવા એવેરેસ્ટ શિખરની ટોચ પર જવા હ્યુ રૂથ્લેજની પેઠે આગેવાન થવું, એ ખરેખરું જોખમદારી ને જવાબદારીવાળું કામ છે. એવાં સાહસિક કાર્યો માટે તો ઘણી જ હિંમતવાળો આગેવાન જોઈએ. જ્યારે કોઈ સાહસિક ટોળી નવી શોધખોળ માટે નીકળે છે ત્યારે તેના આગેવાનને ઘણી ઘણી અગત્યની બાબતોના નિર્ણયો કરવા પડે છે. કયો માર્ગ લેવો એ તેણે જ નક્કી કરવાનું છે. એની ટોળીના માણસોના ખોરાક અને સલામતી પર ધ્યાન આપવાનું છે. સંજોગો પ્રતિકૂળ થાય તો તેમનાં હૃદયોને ઉલ્લાસી રાખવાનું કામ તેનું છે. બધાનાં જીવની

સલામતી, અને એ સાહસિક સફરની સફળતાનો બધો જ આધાર તે આગેવાન ઉપર રહેલો છે.

આપણી સમક્ષ આ જીવન છે, તે એક શોધખોળની સફર જેવું છે. આપણી આગળ શું છે તે આપણે જાણતા નથી. આપણી આગળ એક વિશાળ પ્રદેશ છે, જેમાં કોઈ કદી ગયેલું નથી.

જો આપણે આ સફર આનંદક બનાવવી હોય, આપણે સફળતાપૂર્વક પેલે પાર જવું હોય, માર્ગમાં બીજાઓને મદદરૂપ થવુ હોય, આપણે પોતે સુખી થવું હોય, અને અંતે દેવના મહિમાવંત દેશમાં જવું હોય, તો આપણને આગેવાનની જરૂર છે. આપણને એક એવા આગેવાનની જરૂર છે કે જેની આપણે પ્રશંસા કરી શકીએ, જેના પર ભરોસો રાખી શકીએ અને જેના પર પ્રેમ કરી શકીએ.

હેબ્રીઓને પત્રમાં આપણને એવા એક આગેવાન વિષે કહેવામાં આવ્યું છે. એ આગેવાન પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે. એને તારણનો "નાખૂદા" કહેવામાં આવ્યો છે. "નાખૂદા"નો અર્થ અહીં "અગ્રેસર" અગર "રાજવી આગેવાન" એવો કરવામાં આવ્યો છે. જેઓ આ અગ્રેસરની પાછળ ચાલે છે, તેઓને આ જિંદગીનાં જંગલ અને રણોમાં થઈને પેલે પાર સ્વીર્ગય ઘેર તે દોરી જાય તે માટે દેવે તેને મોકલી આપ્યો છે. બીજા બધાનાં કરતાં તે જ આપણાં વખાણ, ભરોસો અને પ્રેમને પાત્ર છે. તે નીચેની ત્રણ બાબતોથી સ્પષ્ટ થાય છે.

પહેલી. **ઈસુ ખ્રિસ્ત સંપૂર્ણ આગેવાન છે.** આપણા આગેવાનને દેવે દુઃખો વડે સંપૂર્ણ બનાવ્યો છે એવું આપણે વાંચીએ છીએ. આજ સુધી દુનિયામાં ઘણા આગેવાનો થઈ ગયા છે, જેવા કે, આલેકઝાંડર, અકબર, નેપોલિયન, લિંકન, તેમ જ હાલમાં મહાત્મા

ગાંધી, ચ્યાંગ–કાઈ–શેક, માર્શલ સ્ટેલિન, જનરલ સ્મ્ટ્સ જેવા મહાન આગેવાનો છે. કરોડો આ આગેવાનોની પૂઠે જાય છે. આમાં કેટલાક આગેવાનો ભલા માણસો છે, પરંતુ એમાંનો સૌથી સારો તે પણ સંપૂર્ણ તો નથી જ. સૌથી મહાન પુરુષોમાં પણ ઊણપો, ખામીઓ, નબળાઈઓ અને પાપો છે. એમના જમાનામાં જેઓ દેવ તરીકે પૂજાતા હતા, તેમનાં જીવનોમાં પણ વખત જતાં ઇતિહાસે ઘણી ભૂલો બતાવી છે.

પ્રભુ ઈસુ એ બધાથી જુદો છે. જ્યારે આ પૃથ્વી પર તે હતો, ત્યારે રૂમી હાકેમ પીલાતે તેનો ન્યાય કરતી વખતે કહ્યું, "મને એનામાં કંઈ દોષ માલૂમ પડતો નથી." એનાં મરણ સમયે વધસ્તંભ પાસે ઊભેલા એક સેનાપતિએ કહ્યું, કે "ખચીત એ દેવનો દીકરો હતો," એ દિવસથી આજ લગભગ ૧૯૦૦ વર્ષ થયાં ખ્રિસ્તના શત્રુઓ અને ટીકાકારોએ એનામાં ભૂલો શોધવા એમનાથી બનતા સઘળા પ્રયાસો કરેલા છે, પરંતુ તેમના આ સંશોધનને પરિણામે ખ્રિસ્તની સુંદરતા અને સંપૂર્ણતા વિશેષ ઝળકતી બની છે.

દુઃખો વડે ઈસુ સંપૂર્ણ બન્યો, એમ આપણને કહેવામાં આવ્યું છે. તે સંપૂર્ણ ત્રાતા બને, માટે દેવે એના વહાલા દીકરાને દુઃખો સહન કરવા દીધાં. તે સંપૂર્ણ આગેવાન છે, એવી ખાતરી જેટલી આજે આપણને છે તેટલી જો ઈસુએ કદી દુઃખો વેઠયાં ન હોત, તો આપણને ન હોત. આ પૃથ્વી પર ઇસુએ અવર્ણ્ય દુઃખો વેઠયાં. યહૂદી લોકોએ તેના પર જૂઠાં તહોમતો મૂકયાં, રૂમી હાકેમ પીલાતે તેને અન્યાયી રીતે દોષિત ઠરાવ્યો, રૂમી સિપાઈઓએ તેને કોરડા માર્યા, તેની ઠઠ્ઠા મશ્કરી કરી, તેના માથા પર કાંટાનો તાજ મૂકયો, અને લાકડાના વધસ્તંભ પર તેને ખીલાથી જડી દીધો. જો કોઈ સાધારણ માણસને આવા દુઃખો વેઠવાં પડયાં હોત, તો તેનાં

એ પરિણામો આવત. (૧) જેઓએ એના પ્રત્યે ક્રૂર અને ગેરવર્તન કર્યું હતું, તેમના પ્રત્યે તેનું હૃદય કડવાશ અને દ્વેષભાવથી ભરાઈ જાત, પણ ઈસુએ એના દુશ્મનો પર પ્રેમ કર્યો, અને જ્યારે તેને વધસ્તંભ પર જડતા હતા ત્યારે તેણે ભારે વેદના ભોગવતાં પણ પ્રાર્થના કરી કે, "હે બાપ, તું તેઓને માફ કર. કેમ કે તેઓ શું કરે છે એ તેઓ જાણતા નથી." (૨) સાધારણ માણસ આવી વેદનાને લીધે પોતાને દયાપાત્ર ગણત અને પોતાની પુષ્કળ વેદનામાં બૂમો પાડત. પણ આપણે જાણીએ છીએ કે ઈસુ પોતાને ભૂલી ગયો, અને વધસ્તંભ પાસે ઊભેલી ભગ્ન હૃદયવાળી પોતાની માતા તરફ જોઈને પોતાના શિષ્ય યોહાનને કહ્યું કે "તુ એનો દીકરો થા, ને તેણીની સંભાળ લે." એની અતિશય વેદનામાં પણ તેનું હૃદય બીજાંઓ પ્રત્યે પ્રેમથી ભરેલું જ હતું.

ખ્રિસ્ત કે જેણે આપણા પરના તેના પુષ્કળ પ્રેમને લીધે રાજી-ખુશીથી આ બધી વેદનાઓ વેઠી, ને આપણી ખાતર પોતાનું લોહી વહેવડાવ્યું, તે ખ્રિસ્ત તરફ આપણે જોઈએ છીએ ત્યારે આપણને શું એમ નથી લાગતું કે તે સંપૂર્ણ આગેવાન છે? અને આપણે અંત સુધી તેની પાછળ ચાલવું જોઈએ?

બીજી. **ઈસુ ખ્રિસ્ત વિજયવંત આગેવાન છે.** આપણા આ મહાન આગેવાન વિષે હેબ્રીઓને પત્રના બીજા અધ્યાયમાં આપણે આ બીજી વાત વાંચીએ છીએ. "જેથી તે પોતે મરણ પામીને, મરણ પર સત્તા ધરાવનારનો એટલે શેતાનનો નાશ કરે; અને મરણની બીકથી જેઓ આખા જીવનપર્યંત દાસત્વમાં હતા, તેઓને મુક્ત કરે." (હેબ્રી ૨ : ૧૪, ૧૫);

જે સંશોધન સફર આપણે કરીએ છીએ, તેમાં શત્રુઓની માલિકીના પ્રદેશમાં થઈને આપણે જઈએ છીએ. આપણો શત્રુ તે

શેતાન છે, તે બહુ જ ચાલાક છે, તે બહુ જ મીઠાં ને આકર્ષક વચનો આપીને, આપણને ખરા માર્ગ પરથી આપણને ભમાવી આપણા આગેવાન પાસેથી દૂર કરવા મહેનત કરે છે. તે આપણી પાસે ખોટાં કામ કરાવવા યત્ન કરે છે, ને પછી મરણની બીકથી બીવડાવે છે. ઘણાં માણસો મરણની બીકને લીધે જીવનપર્યંત દાસત્વમાં હતાં, તેઓ ગભરાતા ગુલામોની માફક જીવતાં હતાં, પણ આપણા આગેવાન ઈસુએ શત્રુનો સામનો કર્યો, ને તેની સાથે યુદ્ધ મચાવ્યું. તેણે પુષ્કળ મહેનત કરી, પણ ઈસુ પર તે લેશમાત્ર ફતેહ મેળવી શક્યો નહિ. શેતાન જેને હરાવી શક્યો નહિ તેવો આ પહેલો જ માણસ હતો. છેલ્લું ભયંકર દ્વંદ્વ યુદ્ધ તો કાલવરી પર થયું. ત્યાં આપણા હિંમતવાન કપ્તાને (નાખૂદાએ) વેદના સહન કરી, અને વધસ્તંભ પર મરણ પામ્યો. ઈસુ મરણ પામ્યો, ઈસુ પુન: સજીવન થયો. પોતાના મરણ અને પુનરૂત્થાન દ્વારા તેણે શેતાન પર તથા લોકો પર ઝઝૂમતી મરણની બીક પર વિજય મેળવ્યો. જેઓ ઈસુ પર ભરોસો રાખે છે, તેને આગેવાન માનીને તેની સાથે ચાલે છે, તેઓને મરણની બીકથી જરાય બીવાનું નથી. જો મરણ વહેલું કે અણધાર્યું આવે તોપણ આપણે જાણીએ છીએ કે આપણો પ્રભુ આપણને ટૂંકા માર્ગે એના પ્રેમી ઘેર લઈ જાય છે.

ટોમ નામનો એક જુવાન માણસ લંડન શહેરમાં હતો, તેણે ઈસુ ખ્રિસ્તને પોતાનો અગ્રેસર–આગેવાન બનાવ્યો હતો. જ્યારે જર્મનો લંડન શહેર પર અગ્નિ બોંબવર્ષા વરસાવતા હતા, ત્યારે એ અગ્નિ હોલવવાનું કામ તેને કરવાનું હતું. રાતોની રાતો તેણે અને તેની ટુકડીએ સળગતા બોંબ હોલવ્યા હતા. ટોમની બમણી ઉંમરનો એક માણસ તેની ટોળીમાં હતો, તે નુકસાનથી ગભરાતો તથા મરણથી બીતો હતો. ટોમ જો કે નાનો હતો, તોપણ તે સૌથી વધારે જોખમ

હોય ત્યાં આનંદ સહિત દ્રઢતાથી ફરતો હતો, અને પેલા મોટી ઉંમરવાળા માણસનો ભય નાબૂદ કરવા પ્રયત્ન કરતો હતો.

થોડા વખત પછી ટોમને ટૅંક ચલાવવાનું કામ શીખવવામાં આવ્યું. ઉત્તર આફ્રિકાના પશ્ચિમના રણમાં તેને મોકલવામાં આવ્યો. એલ-આલામાઈનની લડાઈમાં તેણે પ્રથમ પોતાની ટૅંક વાપરી. એકવાર લડાઈ દરમિયાન તેણે પોતાના એક મિત્રને બહુ જ ગંભીર રીતે જખમી થઈને રેતીમાં પડેલો જોયો. ટોમ મરણની બીકની અવગણના કરીને ટૅંક ઊભી રાખી બહાર નીકળ્યો, ને પોતાના મિત્રને મદદ કરવા તેની પાસે પહોંચ્યો. એ જ વખતે એના પર કોઈએ બંદૂકની ગોળી છોડી, ને તે મરણ પામ્યો. તેનો આત્મા સીધો તેના પ્રભુની દૃશ્ય હાજરીમાં ચાલ્યો ગયો.

આપણો આગેવાન એના અનુયાયીઓને એવી જ શક્તિ અને દૃઢ હિંમત આપે છે.

**ત્રીજી. ઈસુ ખ્રિસ્ત સમજદાર આગેવાન છે.** ઈસુ ખ્રિસ્ત કેવો આગેવાન છે તે વિષે હેબ્રીઓના પત્રના બીજા અધ્યાયમાં આ ત્રીજી બાબત આપણે જોઈએ છીએ. "કેમ કે તેનું પરીક્ષણ થવાથી તેણે દુઃખ સહન કર્યાં, તેથી જેઓનું પરીક્ષણ થાય છે, તેઓને સહાય કરવાને તે શક્તિમાન છે." (હેબ્રી. ૨ : ૧૮)

ઈસુ આ પૃથ્વી પર હતો ત્યારે તે મનુષ્ય દેહમાં દૂર નહોતો, કે જેમ માણસને તંગી ને દુખ વેઠવાં પડે છે, તેમ ખરી રીતે તેણે વેઠ્યા ન હોય ! તે દેવ હતો છતાં તેણે મનુષ્યપ્રકૃતિ ધારણ કરી તેને પરીક્ષણનું દબાણ અને કસોટીનું દુઃખ અવશ્ય લાગતું હતું; તેણે કદી પાપ કર્યું નહિ. તેથી જ જેઓના ઉપર પરીક્ષણ આવે છે, ને કસોટી થાય છે, તેઓની પ્રત્યે તે સહાનુભુતિ દર્શાવે છે, અને તેમને મદદ કરે છે.

કોલસાની ખાણમાં કામ કરનાર માણસોની વસતિવાળા ભાગમાં એક જુવાન પાદરી સાહેબ કામ કરતા હતા. આમાંના ઘણાખરા ખાણીયા બહુ જ દારૂ પીતા હતા. દારૂની બૂરી ટેવ તજવા તેમણે તેઓને ઘણા સમજાવ્યા, પરંતુ આ લોકો કહેતા કે "ખાણમાં કામ કરવા વિષે તમે કશું જ જાણતા નથી, ખાણનું કામ એવું છે, કે દારૂ પીધા વગર આખો દિવસ કામ કરી શકાય જ નહિ." આ સાંભળી આ પાદરી સાહેબે કહ્યુ, "વારૂ, એક અઠવાડિયું હું ખાણમાં તમારી સાથે કામ કરીશ. અને દારૂ પીધા વગર ખાણમાં કામ કરી શકાય છે તે તમને સાક્ષાત્ બતાવી આપીશ." લાંબા અનુભવથી જેના સ્નાયુઓ પથ્થર જેવા સખત થઈ ગયા હોય એવાઓ માટે પણ ખાણનું કામ બહુ જ કઠણ છે. દુનિયાનાં ભારેમાં ભારે કામોમાંનું એ એક છે, વળી તેઓના જીવ હમેશાં જોખમમાં હોય છે. ખાણમાં અંધારું, ભેજવાળી હવા, તેમ જ ગરમી પણ પુષ્કળ હોય છે. અંદર કામ કરનારાનાં કપડાં તેમ જ ચામડી કોલસાની રજકણો તથા પરસેવાથી કાળાં પડી જાય છે. પાદરી સાહેબની એ ખરેખરી અગ્નિ કસોટી હતી, પરંતુ તેમણે પોતાનું કામ જારી રાખ્યું; ને ખાણમાં બીજાઓ સાથે એક અઠવાડિયું બરાબર કામ કર્યું, તે કદી પણ દારૂને અડક્યા નહિ. એ પછી પેલા ખાણીઆઓમાંના ઘણા તેમના મિત્રો બન્યા, ને ઘણાએ દારૂની ટેવ મૂકી દીધી. તેઓ એમ સમજ્યા કે પાદરી સાહેબે આપણી સાથે રહીને, દારૂ પીધા વિના કેટલી ભારે મજૂરી કરી અને મુશ્કેલી તથા પરીક્ષણો પર જય મેળવ્યો.

પ્રભુ ઈસુ ખ્રિસ્તે દેવના સ્વર્ગનું તેજ–પ્રકાશ તજી દીધો, અને આ અંધકારમય દુનિયામાં રહેવા આવ્યો. તે એક ગરીબ માણસ તરીકે જીવ્યો. શેતાનથી તેનું પરીક્ષણ થતું, પણ કદી તે શેતાનથી હારી ગયો નહિ. તેથી જ્યારે આપણા પર પરીક્ષણો આવે છે, ત્યારે

આપણા તારણના અગ્રેસર સિવાય બીજો કોણ આપણને મદદ આપી શકે ?

આપણામાંના દરેકને જુદાં જુદાં પરીક્ષણો આવે છે. કેટલાકને છેતરપિંડી કરવાનું પરીક્ષણ થાય છે, કેટલાકને શરમ લાગે તેવાં અને કડવાં વેણ કહેવાનું પરીક્ષણ થાય છે, કેટલાકને આળસુ ને એદી બનવાનું પરીક્ષણ આવે છે, કેટલાકને અભિમાની જીવન ગાળવાનું પરીક્ષણ આવે છે, કેટલાકને દેવને ભૂલીને પોતા પર જ ભરોસો રાખવાનું પરીક્ષણ આવે છે. તમારું પરીક્ષણ ગમે તેવું હોય, પણ ઈસુ તે બધું સમજે છે, એટલું જ જો તમે યાદ રાખશો; અને તેની પાસે સહાય માગશો, તો જરૂર તે તમને બધાં પરીક્ષણો ઉપર વિજય અપાવવા મદદ કરશે.

"માગો જો તારકની સહાય, પાળક બળદાતા, તે થાય;

મદદ દેવા છે તૈયાર ઈસુ ઉતારશે પાર."

ઉપરની બધી બાબતો પરથી પ્રભુ ઈસુ ખ્રિસ્ત આદર્શ આગેવાન તરીકેની બધી લાયકાતો શું નથી ધરાવતો ? એવો પ્રશ્ન હું તમને પૂછું છું. કોઈ પણ ડાઘ વગર, કોઈ પણ પ્રકારની નિર્બળતા વગર, તે સંપૂર્ણ આગેવાન છે. એના વખાણ આપણે કરી શકીએ છીએ, અને આપણા પૂરા હૃદયથી તેને માન ને માહિમા આપી શકીએ, એવો તે વિજેતા છે. તેણે શેતાન પર, તથા મરણ પર વિજય મેળવ્યો છે. જેઓ તેની પાછળ ચાલે છે, તેઓ મરણ પર જય પામીને સ્વર્ગમાં વિજયી પ્રવેશ કરશે, એ ખાતરીપૂર્વકની વાત છે. તે બહુ જ સમજદાર છે. અને આપણને મદદ તથા બળ અને હિંમત આપે છે. કેમ કે આપણી માફક તેના પર પણ પરીક્ષણો આવ્યાં હતાં; અને ઘણી કસોટીઓમાં થઈને તે પસાર થયો હતો.

આ અજાયબ આગેવાન આપણને તેડીને, તેની સાથે રાખીને આપણને સાહસ ખેડવાને પ્રોત્સાહન આપે છે. શું તમે તેની વાણી સાંભળો છો? "મારી પાછળ ચાલ."

એક અમલદારે એક ભારે જોખમવાળું કામ કરવાને કેટલાક માણસોને સાથે લીધા. તેણે તેઓને કહ્યું, "હું તમને સાફસાફ શબ્દોમાં જણાવું છું કે જેઓ મારી સાથે આ સંશોધન સફરમાં આવે છે, તેઓ કદાચ પાછા ઘેર આવી શકશે નહિ. જેઓ રાજાની ખાતર અને આ દેશની ખાતર પોતાની જિંદગી જોખમમાં નાખવા તૈયાર છે. તેઓ જ ફક્ત એક ડગલુ આગળ આવે." પછી આ અમલદાર ત્યાંથી ખસી ગયો. અને તેની શરમ રાખીને, આવવાની અનિચ્છા છતાં પણ તેઓ આગળ ડગલું ભરે, એમ ન બને માટે તે પીઠ ફેરવી ઊભો રહ્યો. થોડી પળો બાદ તે પાછો ફર્યો, ને જોઈને બહુ જ નિરાશ થયો, કેમ કે બધા જ માણસો એક સીધી હારમાં જ ઊભા હતા. તેણે કહ્યું, "શું તમારામાંનો કોઈ પણ–એક પણ સાહસ ખેડવા તૈયાર નથી?" સિપાઈઓએ તરત મક્કમતાથી જવાબ આપ્યો, "સાહેબ, અમે બધાએ એક ડગલું આગળ ભર્યું છે."

આપણા તારણનો અગ્રેસર આપણને એની પાછળ ચાલવા નિમંત્રણ આપે છે. આપણી આગળ જંગલો, રણો, પહાડો, ખીણો, નદીઓ અને ખડકો છે. એ ઓળંગતાં જોખમો ને વિટંબણાઓ આવશે, એ વાત તદ્દન સત્ય છે તોપણ આપણો આગેવાન–અગ્રેસર આપણી સાથે છે. અને તે આપણને ચોકક્સ ખાતરીપૂર્વક પેલે પાર દોરી જશે. ચાલો, આપણે એક ડગલું આગળ ભરીએ!

# રાજાઓનો રાજા

"જે ધન્ય તથા એકલો સ્વામી છે, જે રાજાઓનો રાજા તથા પ્રભુઓનો પ્રભુ છે......(૧ તીમોથી ૬ : ૧૫)

જ્યારે કોઈ રાજાને ત્યાં પુત્ર અવતરે છે, ત્યારે પુષ્કળ આનંદ થાય છે. તોપો ફોડવામાં આવે છે, રોશની કરવામાં આવે છે, આખી દુનિયામાં એ શુભ સમાચાર મોકલવામાં આવે છે; વર્તમાનપત્રોમાં તે મોટા અક્ષરે છાપવામાં આવે છે. નિશાળોમાં રજા આપવામાં આવે છે, તથા બાળકોને મીઠાઈ વહેંચવામાં આવે છે. જે રાજાને ત્યાં પુત્ર અવતર્યો છે, તેના પર ઘણે સ્થળેથી અભિનંદનના તારો મોકલવામાં આવે છે.

આજથી લગભગ બે હજાર વર્ષ ઉપર એક રાજાનો જન્મ થયો તેની વાત હું તમને કહેવાનો છું. યરુશાલેમ શહેરથી થોડે દૂર બેથલેહેમ નામના એક ગામડામાં એક તબેલામાં ઈસુનો જન્મ થયો. તેની ખબર તે જ સ્થળના કોઇક જ માણસ જાણતાં હતાં. જેઓ તે જાણતાં હતાં, તેમને એ વાતમાં કંઈ રસ કે આનંદ ન હતો; પરંતુ દૂર દેશમાં રહેતા કેટલાક વિદ્વાન માણસોએ આકાશમાં આશ્ચર્યકારક એક તેજસ્વી તારો જોયો, અને એ તારાએ કોઈક મહાન રાજા જન્મ્યો છે તેની ખબર તેઓની આપી. તેઓ એ તારાની પાછળ પાછળ યરુશાલેમ સુધી આવ્યા. ત્યાંના લોકોને તેમણે પૂછ્યું કે, "યહૂદીઓનો જે રાજા જનમ્યો છે, તે ક્યાં છે?...અમે તેનું ભજન કરવા આવ્યા છીએ." જ્યારે ઈસુ તેમને જડ્યો, ત્યારે તેમણે પોતાની ઝોળીઓ છોડી, ને તેમાંથી અમુક વસ્તુઓનું એને નજરાણું ધર્યું. કેમ કે તેઓ માનતા હતા કે ઈસુ દુનિયા પર રાજા તરીકે રાજ કરવા આવ્યો છે.

યહૂદી લોકો લાંબા સમયથી રાજાની અપેક્ષા રાખતા હતા. જૂના કરારમાં, મસીહ આવશે ને રાજ કરશે, એવી પ્રબોધકો તરફથી અગમવાણી તેમને આપવામાં આવી હતી. આવનાર મસીહ એક મોટો લશ્કરી આગેવાન થશે, અને તે યહૂદી પ્રજાનું મોટું લશ્કર ઊભું કરી રૂમી સલ્તનતને જડમૂળથી ઉખેડી નાખી યહૂદી પ્રજાને સ્વતંત્ર તથા બળવાન પ્રજા બનાવશે, એવું તેઓ ધારતા હતા. રૂમી ઝૂંસરી નીચે તેમને ઘણું દુઃખ હતું. ભારે કરવેરા નીચે તેઓ કચડાતા હતા, રોમના બજારોમાં સેંકડો યહૂદીઓને ગુલામો તરીકે વેચવામાં આવતા અને બીજા સેંકડોને ફાંસીને માંચડે ચઢાવવામાં આવતા હતા. ઈસુ નાનો છોકરો હતો, એ અરસામાં બે હજાર જુવાન યહૂદી દેશભક્તોને રૂમી સલ્તનત સામે ફિતૂર કરવાને અંગે વધસ્તંભ પર જડી મારી નાખવામાં આવ્યા હતા. યહૂદી લોકો રૂમી રાજ્યની સત્તા અને જુલમથી છોડાવનાર વચનના રાજાની કેવી આતુરતાથી રાહ જોતા હશે, તે આ વાત ઉપરથી આપણે સમજી શકીએ તેમ છીએ જ્યારે ઈસુએ પોતાની જાહેર સેવાની શરૂઆત કરી, અને લોકોએ તેના ચમત્કારો જોયા, ત્યારે લોકો ટોળાબંધ તેની પાછળ ગયા જે ઉદ્ધારકની રાહ અમે જોતા હતા, તે આજ છે એમ તેઓને લાગ્યું. પરિણામે તેઓએ જબરદસ્તીથી તેને રાજા બનાવવાનો પ્રયત્ન કર્યો, પણ ઈસુ એવા પ્રકારનો રાજા થવા ઇચ્છતો ન હતો. તેની પાસે દુનિયાઈ સૈન્ય નહોતું; અદાલત ન હતી, ગાદી ન હતી. હથિયાર વાપરીને બળજબરીથી તે રાજ કરવા આવ્યો નહોતો, તેથી દુઃખી થઈને તેઓની મધ્યેથી તે એકાંત સ્થળે ચાલ્યો ગયો.

કેટલાક સમય પછી ગધેડાના વછેરા પર બેસીને તે જાહેર રીતે યરુશાલેમમાં દાખલ થયો. તે વખતે લોકોમાં ફરી એક વાર ઉત્સાહ આવી ગયો. "સિયોનની દીકરીને એમ કહો કે, જો તારો રાજા તારી પાસે આવે છે. તે નમ્ર છે, તથા ગધેડી પર, હા,

બોલા પર એટલે ગધેડીના વછેરા પર સવાર થઈને આવે છે." પ્રબોધકની મસીહ સંબંધીની એ ભવિષ્યવાણી ઈસુમાં પૂરી થતી પ્રજાએ જોઈ. પરિણામે વિજયસૂચક ખજૂરીની ડાળીઓ લઈને તેમણે જયનાદ કર્યો કે "હોસાના! પ્રભુને નામે જે આવે છે તે આશીર્વાદિત છે." તે રાજ કરવા આવ્યો હતો, પરંતુ તેની રાજગાદી તે તો વધસ્તંભ હતી.

યરુશાલેમમાં રૂમી હાકેમ પીલાત આગળ તેને લાવવામાં આવ્યો; અને તેની વિરુદ્ધ એવું તહોમત મૂકવામાં આવ્યું કે, તે એમ કહે છેઃ "હું રાજા છું." પીલાતે તેને સીધો પ્રશ્ન કર્યો, કે "શું તું રાજા છે?" ઈસુએ જવાબ આપ્યો, હું રાજા છું ખરો, પરંતુ આ જગતના રાજ્યનો નહિ. પીલાત એ વાત સમજ્યો નહિ, અને યહૂદીઓને ખુશ કરવા તેણે ઈસુને વધસ્તંભે જડવા સિપાઇઓને સોંપી દીધો. તેઓએ તેને કોરડા માર્યા, જૂનો કિરમજી રંગનો ઝભ્ભો પહેરાવ્યો, એના માથા પર કાંટાનો મુગટ મૂકયો, રાજદંડ તરીકે હાથમાં બરૂની સોટી આપી, અને તેની આગળ નમીને કહેવા લાગ્યા કે "યહૂદીઓના રાજા સલામ." પછી તેઓ તેને શહેર બહાર લઈ ગયા, ને તેને વધસ્તંભે જડયો. "નાઝારેથનો ઈસુ યહૂદીઓનો રાજા." એવું તહોમતનામું ગ્રીક, લાતીન, અને હેબ્રી ભાષામાં લખીને પીલાતે તેના વધસ્તંભ પર મૂકયું. એનાં ભયંકર દુઃખો વખતે એક રાજાને ઘટે તેવી રીતે તેણે પોતાનું વર્તન રાખીને બધાં દુઃખો સહન કર્યાં. વધસ્તંભ મરનું એવું મરણ તે એનો પરાજય નહિ પણ વિજય હતો. મરણમાંથી તે જીવતો થઈને ઊઠયો તેને લીધે એની રાજા તરીકેની હકૂમત કાયમને માટે સ્થાપિત થઈ. તે સમયથી ઈસુના સર્વ અનુયાયીઓ તેને પોતાના રાજા તરીકે સ્વીકારવામાં ગર્વ લે છે; અને ભારે સતાવણીના સમયમાં પણ, જેને તેઓ રાજા કહે છે તે અને તેનું રાજ્ય આખરે વિજયવંત નીવડશે, એવી તેમની ખાતરી છે.

ઈસુ રાજા છે, પણ તે કેવો રાજા છે કે જે આપણામાં એના પ્રત્યે પૂજ્યભાવ તથા આત્મસમર્પણનો ભાવ ઉત્પન્ન કરે છે!

પ્રથમ. તે **પ્રેમનો રાજા છે.** ઘણા રાજાઓ અને શહેનશાહોએ દબાણ અને બળજબરીથી પોતાનાં સામ્રાજ્યો સ્થાપવાનો પ્રયત્ન કર્યો છે. એમની ફોજોએ તાબે થએલાંઓને પગ તળે કચડ્યાં છે; અને સમગ્ર દેશોને એમની આણ નીચે રાખ્યા છે, પણ ઈસુનો માર્ગ જુદો હતો. આખા સ્વર્ગનું બળ એને હવાલે હોવા છતાં પણ પોતાનો બચાવ કરવા, કે જગતના લોકો મને માન આપે તેને માટે તે એ બળનો ઉપયોગ કરતો નથી. જ્યારે પ્રમુખ યાજકના નોકરો તેને બાગમાં પકડવા આવ્યા, જ્યારે યાજકોએ એના પર ખોટાં તહોમતો મૂક્યાં, જ્યારે સિપાઈઓએ એની મશ્કરી કરી, જ્યારે પીલાત ન્યાયને મરડતો હતો. જ્યારે તેઓ તેને થંભ ઉપર જડતા હતા, ત્યારે દૂતોની મોટી ફોજ તેની મદદે આવી શકત, અને એ ક્રૂર માણસોનો સંહાર કરી શકત, પણ તેણે એ માર્ગ પસંદ કર્યો નહિ, તેણે શાંતિથી લોકોનાં મહેણાં સાંભળ્યાં, ધીરજથી દુઃખ અને કષ્ટ વેઠ્યું. એ ખીલાંઓએ તેને વધસ્તંભ જડયો નથી, પણ દુનિયા ઉપરના અથાગ પ્રેમે તેને ત્યાં જડયો છે. એ દિવસે જેના ચહેરાનું સૌંદર્ય જતું રહેલું, જે શરમજનક અવસ્થામાં મૂકાએલો, જેના મોં પર થૂંક પડેલું. એવા કષ્ટાતા ખ્રિસ્તે એવું રાજ્ય સ્થાપ્યું, કે જે કદી નાશ પામશે જ નહિ.

શહેનશાહ નેપોલિયનના શબ્દો સાંભળો.

"આલેકઝાંડરે, કાઈસારે, શાર્લમેને અને મેં સામ્રાજ્યો સ્થાપ્યાં. પરંતુ એ રાજ્યો સ્થાપવાનો આધાર અમે શેના પર રાખ્યો હતો?" "અમારા બળ પર." કેવળ ખ્રિસ્તે જ પોતાનું સામ્રાજ્ય પ્રેમ પર સ્થાપ્યું અને આ સમયે એને ખાતર લાખો માણસો પોતાનો પ્રાણ પાથરવા તૈયાર છે."

આપણે ગણી શકીએ તે કરતાં પુષ્કળ વધારે અને મોટી સંખ્યામાં માણસો પોતાનાં અંતઃકરણોમાં તેને રાજા તરીકે સ્વીકારવા આતુર છે. તેનું કારણ શું ? કારણ એ છે કે તેણે વધસ્તંભ પર પોતાનો પુષ્કળ પ્રેમ રેડી દીધો છે. લાખો માણસો તેના પર એટલો બધો પ્રેમ રાખે છે, કે જરૂર પડે ત્યારે તેને માટે પોતાનો પ્રાણ પણ આપી દે. ખ્રિસ્તની રૈયત તેની સેવા કરવામાં આનંદ માને છે. એના પ્રેમે તેમનાં હૃદયો જીતી લીધાં છે. અને એનો પ્રેમ તેમને સંભાળે છે.

એક વખત રશિયાનો રાજા ડેન્માર્કના રાજાની મુલાકાતે ગયો. કોપનહેગન શહેરમાં થઈને જતાં ડેન્માર્કના રાજાએ એક ઊંચા ટાવર તરફ આંગળી કરી તે ઝારને બતાવ્યો. ઝારે તે જોઈ કહ્યું; "હા, તે ટાવર બહુ ઊંચો છે, પણ તમે તમારી રૈયતમાંથી કોઈ ગરીબમાં ગરીબને આ ટાવર પર ચઢાવી તેની ટોચ પરથી નીચે કૂદી પડવાની ફરજ પાડી શકો છો શું ?" ડેન્માર્કના રાજાએ જવાબ આપ્યો, "ના, પણ હું ગરીબમાં ગરીબ ખેડૂતના ઝૂંપડે જઈ શકું છું અને આમંત્રિત મહેમાન બનીને સૂઈ પણ શકું છું."

આ સાંભળી ઝાર દિગ્મૂઢ થઈ ગયો.

રાજાઓના રાજા ખ્રિસ્તે પોતાના પ્રેમ દ્વારા કરોડો માનવીના હૃદયમાં શ્રેષ્ઠ સ્થાન લીધું છે. શું આપણે તેઓમાં આવી જઈએ છીએ ?

બીજું. ઈસુ જેમ પ્રેમનો રાજા છે, તેમ જ **સત્યનો રાજા છે.** પીલાતે જ્યારે તેને પૂછ્યું કે "શું તું ખરેખર રાજા છે ?" ત્યારે ઈસુએ ઉત્તર આપ્યો કે "હા, હું રાજા છું. એટલા માટે હું જગતમાં આવ્યો છું કે સત્ય વિષે સાક્ષી પૂરું." મારો ઉદ્દેશ સત્યનું રાજ્ય સ્થાપન કરવાનો છે. બીજે એક સ્થળે તેણે એમ કહ્યું કે "હું...સત્ય

છું." હવે સત્ય શું હશે? દેવ કેવો છે? જિંદગીનો હેતુ શો છે? એવા એવા અનેક પ્રશ્નો માણસોનાં મનોમાં થાય છે. એ બધાનો જવાબ આપણો પ્રભુ ઈસુ આપત. કહે છે, કે 'હું સત્ય છું." જો આપણે ઈસુ તરફ જોઈએ તો દેવ કેવો છે તે આપણે જાણી શકીએ છીએ. જો આપણે તેની પાછળ ચાલીએ, તો દેવને જે બાબતો પ્રસન્ન કરે છે; તે બાબતો કરવામા તે આપણી સહાય કરશે, અને એ જ કરવાને દેવે આપણને આ દુનિયામાં વસાવ્યાં છે.

જો આપણે સત્યના રાજા ઈસુની રૈયત હોઈશું તો આપણે હંમેશાં સત્ય જ ચાહીશું, ને સત્યની જ શોધ કરીશું. જિંદગીમાં ઘણી વાર આપણી આગળ એવા ગંભીર પ્રશ્નો આવે છે કે જે આપણને મૂંઝવણમાં નાખે છે; માનવી અક્કલ લાખે એવી પણ બાબતો આવે છે. પણ જો આપણે ઈસુની પાછળ ચાલીશું, તો તે આપણને સત્ય શું છે તે બતાવશે; આપણને જે પ્રકાશની જરૂર છે, તે તે આપશે અને પોતાના આત્મા વડે આપણને સઘળા સત્યમાં તે આપણને દોરી જશે.

જો આપણે સત્યના રાજાની પ્રજા તરીકે ઓળખાવા ઇચ્છતા હોઈએ, અને બીજાઓ ઈસુને સત્યના રાજા તરીકે સ્વીકારે એવું ઇચ્છતા હોઈએ, તો આપણે સત્યને વફાદાર રહેવું જોઈએ. જે કંઈ સત્ય અને પ્રમાણિક છે, તે જ કરવા માટે ગમે તેવા સંજોગોમાં ગમે તે ભોગે આપણે તૈયાર રહેવું જોઈએ. જે પૂરેપૂરો વિશ્વાસપાત્ર છે, સત્યવાદી છે, અને લાંચરૂશ્વતથી દૂર રહે છે; તે જ સત્યના રાજાનો પરાક્રમી અને બળવાન સાક્ષી છે.

ઈંગ્લાંડના વિષયી રાજા આઠમા હેનરીએ બીજી સ્ત્રી લાવવા પોતાની સ્ત્રી આરાગોનની કેથેરાઈનને ફારગતી આપી. એ જમાનાના સૌથી કુલીન પુરૂષ સર થોમ્સ મોરને રાજાએ એવા સમ ખાવાની

ફરજ પાડી કે પોતે જે કૃત્ય કર્યું છે તે કાયદેસર છે, અને ધર્મની દૃષ્ટિએ ખરું છે. થોમ્સ મોર સારી પેઠે જાણતો હતો કે, રાજાની આજ્ઞાનો નકાર એટલે મોત છે. જૂઠું બોલીને તે જીવ્યો હોત, પણ તેણે પોતાના મનમાં ઠરાવ કર્યો કે હું કદી જૂઠું બોલીશ નહિ. તેણે નિડરતાથી રાજાને કહ્યું કે "તમારું આ કામ ગેરકાયદેસર છે." તે સત્યને વફાદાર રહ્યો, તેથી રાજાએ તેનો શિરચ્છેદ કરાવ્યો.

એક હિંદી સ્ત્રી ડૉક્ટરને અદાલતમાં સાક્ષી આપવા બોલાવવામાં આવી. જૂઠી જુબાની ઘણી અપાએલી, પણ આ ખ્રિસ્તી સ્ત્રી ડૉક્ટરની જુબાની સાંભળ્યા પછી આ હિંદુ ન્યાયાધીશે કહ્યું "હવે સત્ય શું છે તે આપણે સાંભળ્યું છે."

દરેક સંજોગોમાં ગમે તેવો ભોગ આપવો પડે તોપણ સત્યના રાજાના અનુયાયીઓ સાચું બોલવા બંધાએલા છે.

**ત્રીજું. પ્રભુ ઈસુ ન્યાયીપણાનો રાજા છે.** નવા કરારમાં એક એવું વાક્ય છે કે "પુત્ર વિષે તે કહે છે, ઓ દેવ, તારું રાજ્યાસન સનાતન છે; અને તારો રાજદંડ તે ન્યાયીપણાનો દંડ છે" (હેબ્રી. ૧:૮).

રાજદંડ એ રાજાની એક નિશાની છે. રાજાઓના રાજા પાસે દૃશ્યમાન રાજદંડ નથી પણ ન્યાયીપણું એ એના ચારિત્ર્ય ને એની હકૂમતની નિશાની છે. એક ગીત કે જે ઈસુને પોતાને સારી પેઠે આવડતું હશે, તેમાં ઈસુના રાજ વિષે લખવામાં આવ્યું છે કે "તે ન્યાયીપણાથી તારા લોકોનો ન્યાય, અને ઇન્સાફથી તારા દીનોનો ઇન્સાફ કરશે" (ગીત. ૭૨:૨).

ઘણીવાર આપણે ખ્રિસ્તના પ્રેમ પર ભાર મૂકીએ છીએ, પણ તેની સત્યતા તથા ન્યાયીપણા વિષે ભૂલી જઈએ છીએ.

એવું ધારીએ છીએ કે આપણે ગમે તેમ વર્તીએ તોપણ ખ્રિસ્ત આપણને માફી આપશે. પરંતુ એવું ધારવું તે ખ્રિસ્ત જે ન્યાયીપણાનો સૂર્ય છે, તે આપણને બહુ જ ચાહે છે, અને આપણે તેના પ્રિય બાળકો હંમેશાં સાચા અને ન્યાયી થઈએ, એવી તેની ઈચ્છા છે.

ડૉ. સ્ટેન્લી જોન્સ બે અનાથ બાળકો વિષે એક વાર્તા કહે છે. આ બાળકો જે શહેરમાં તેમનાં માબાપ સાથે રહેતા હતાં, તે શહેર પર બોમ્બમારો થવાથી તેમનાં માબાપ મરણ પામ્યાં. હવે આ બે અનાથ બાળકોને એક ક્રૂર ને અવિચારી સિપાઈને સોંપવામાં આવ્યાં. એક દિવસ તે બે ભાઈઓ વચ્ચે વાદવિવાદ થયો. તેમાં એકે એવો અપશબ્દ વાપર્યો કે જે કદી એમનાં માબાપના ઘરમાં વાપરી શકે નહિ. સિપાઈ આ અપશબ્દ સાંભળી ગયો છે કે કેમ તે જાણવા તેણે આમતેમ નજર નાખી. આ જોઈ સિપાઈ બેપરવાઈથી હસીને બોલ્યો, "એમાં કંઈ નહિ, આ સાંભળીને છોકરાના મન ઉપર એવી અસર થઈ શબ્દો કે તે આંસુઓ સહિત બોલ્યો કે "જો તમે મારા બાપ હોત તો આ તમે બોલ્યા ન હોત."

"તું જે બોલ્યો છે તેમાં કંઈ ખોટું નથી."

જ્યારે ન્યાયીપણાનો રાજા ઈસુ ખ્રિસ્ત આપણને જે યોગ્ય નથી તે વિચારતાં અને કરતાં જુએ છે ત્યારે તેનું હૃદય અતિશય ખેદિત ને દુ:ખી થાય છે, અને જ્યારે તે લોકો પર થતો અન્યાય નિહાળે છે, ત્યારે તેનું અંતર દુ:ખથી રડે છે. જેઓ પોતાની જીદ્દી સ્વાર્થવૃત્તિને કારણે બીજાઓને ત્રાસ અને વેદના આપી રહ્યાં છે, તેઓના પ્રત્યે તેની નજર ક્રોધથી ઝળકી રહી છે.

એવી કઈ બાબતો છે કે જે એનામાં ક્રોધ સળગાવે છે તેમ જ સાથે સાથે અતિશય અનુકંપા કે દયા પણ ઉપજાવે છે?

(૧) **ગરીબાઈ.** હિંદમાં લાખો માણસો ગરીબાઈ તથા ભૂખ-મરો વેઠી રહ્યાં છે. પરંતુ હિંદમાં એટલું બધું દ્રવ્ય છે, તેમ જ સાધનસામગ્રી છે કે જો તેને યોગ્ય રીતે વિકસાવવામાં આવે અને સમાન રીતે વહેંચવામાં આવે તો સઘળાં માણસોની જરૂરિયાત પૂરી પાડી શકાય.

(૨) **અજ્ઞાનતા.** હિંદમાં હજી પણ ૮૫ ટકા માણસો નિરક્ષર છે. અને ઘણા વહેમ તથા જ્ઞાતિબંધનના ગુલામો છે.

(૩) **રોગચાળો.** લાખો માણસો અટકાવી શકાય એવા રોગોથી હિંદમાં મરે છે. આરોગ્યના નિયમોની અવગણના કરવાથી અકથ્ય દુઃખો લોકો ભોગવે છે.

(૪) **કોમવાદ.** કોમી ઝઘડાઓને લીધે માણસો એકબીજાના ભાઈઓ છે, એ વાત ભૂલી જાય છે, અને મારી નાખવા શોધે છે.

આ અને એના જેવી બીજી ઘણી અનિષ્ટ બાબતો હયાત હોવાનું એક જ મુખ્ય કારણ છે તે એ, કે માણસોએ ન્યાયીપણાના રાજા ઈસુને તજી દીધો છે. જ્યારે તે આ પૃથ્વી પર નજર કરીને જુએ છે, અને માણસો પોતાની મૂર્ખાઈને લીધે જે અત્યાચારો કરે છે, ત્યારે તેને કેટલું બધું દુઃખ થતું હશે?

પવિત્ર શાસ્ત્રમાં આપણે વાંચીએ છીએ કે દાઊદ યહૂદી લોકોનો રાજા હતો. તેના દીકરા આબ્શાલોમે લોકોની ખૂબ ખુશામત કરી તેમ જ સુંદર સુંદર વાતોથી લોકોનાં હૃદયો જીતી લીધાં. પરિણામે દાઊદ રાજાને ગાદી છોડી નાસી જવું પડયું. લોકો વધારે સુખ પામવાની જે આશાઓ રાખતા હતા તે આશાઓ પૂરી થઈ નહિ. બધું જ ખોટું થતું હતું, કૂળો અરસપરસ લડતાં હતાં અને એટલી બધી અરાજકતા થઈ ગઈ કે ખૂદ આબ્શાલોમનું ખૂન થયું. પછી યહૂદીઓ પોકારવા લાગ્યા. "રાજાને પાછો લાવો." અને જૂનો રાજા પાછો ગાદીએ આવ્યો.

આજે દુનિયાની સઘળી પરિસ્થિતિ બગડી ગઈ છે, કેમ કે લોકો પોતાની તેમ જ દુનિયાની ગાદી પર ઈસુ ખ્રિસ્તને સ્થાપન કર્યા સિવાય પોતે જ ગાદીએ બેસવા ઇચ્છે છે. દુનિયાની આવી ખરાબ સ્થિતિ થવાનું કારણ પણ એ જ છે એવું ઘણા લોકો સમજવા લાગ્યા છે. નવી શોધખોળો તેમ જ વિજ્ઞાન આ દુનિયાને સુધારવા અસમર્થ છે. જ્યારે સમસ્ત દુનિયા રાજાઓના રાજા ઇસુને પોતાને સ્વાધીન કરી તેની હકૂમત સ્વીકારશે, ત્યારે દુનિયા વધારે સારી બનશે.

રાજાને પાછો લાવો. ઇસુને રાજા બનાવો. એને તમારી જિંદગીનો રાજા બનાવો, અને પછી તેની શક્તિ પર આધાર રાખીને તમારા ઘરનો રાજા બનાવો; તમારા ધંધાનો રાજા બનાવો; તમારા ગામનો રાજા બનાવો, તમારા દેશનો રાજા બનાવો. અને હા, આખી દુનિયાનો રાજા બનાવો.

# મારા પ્રભુ ને મારા દેવ !

થોમાએ ઉત્તર આપ્યો, કે "મારા પ્રભુ ને મારા દેવ" (યોહાન ૧૦ : ૨૮).

કોઈ માણસ એકાએક આપણી વચમાં આવીને ઊભો રહે, તો આપણે શું કરીએ, એ વિષે તમે વિચાર કર્યો છે કદી ? ધારો કે તમારું બારણું ઉઘડી જાય, અને મહાત્મા ગાંધી, કે મહારાજા છઠ્ઠા જ્યોર્જ અંદર દાખલ થાય તો તમે શું કરો ? એક વખતે કેટલાક અંગ્રેજ સાક્ષરો એક ઠેકાણે એકઠા થયા હતા, અને અમુક નામાંકિત વ્યક્તિઓને મળવાની ઇચ્છા વિષે માંહેમાંહે વાતો કરતા હતા. એમાંના એક મહાન અંગ્રેજ લેખક ચાર્લ્સ લેમ્બે કહ્યું, કે જો શેક્સપિયર અહીં આવે તો આપણે ઊભા થવું જોઈએ; પણ જો ઈસુ ખ્રિસ્ત આ ઓરડામાં આવે તો આપણે ઘૂંટણે પડવું જોઈએ." જો અત્યારે ઇસુ ખ્રિસ્ત આપણી વચ્ચે આવીને ઊભો રહે તો જરૂર આપણે તેના ચરણોમાં ઢળી પડીએ, એ હું ખાતરીપૂર્વક માનું છું. આપણને એવી ભાવના થઈ આવે છે, કે તે સૌથી મહાન પુરુષો કરતાં પણ મહાન છે, હા, તે પ્રભુ છે.

જ્યારે ઇસુ આ પૃથ્વી પર આવ્યો, ત્યારે તે ખરો મનુષ્ય બાળક હતો. તે ભૂખ્યો થતો, ત્યારે રડતો હતો. એના ગામના બીજા છોકરાઓ સાથે રમતો રમવામાં તે આનંદ માનતો. જ્યારે તે સુથારી કામ શીખતો હતો, ત્યારે કોઈવાર આંગળી પર હથોડી પડતાં જેવું દુઃખ આપણને થાય છે, તેવું તેને પણ થતું. જ્યારે તે મોટો થયો ત્યારે બહાર ગામ જતાં રેતાળ રસ્તાઓ પર ચાલતાં વારવાર થાકી જતો અને તરસ્યો પણ થતો હતો.

ઈસુએ શિષ્યોને તેડ્યા, ત્યારે તે દેવનો સંદેશવાહક કે પ્રબોધક છે એમ માનીને તેઓ તેના અનુયાયી થયા. તેઓ એની સાથે રહ્યા,

એનું અજાયબ જીવન જોયું. જેમ જેમ તેની સંગતમાં તેઓ રહ્યા તેમ તેમ તેઓને એવું ભાન થયું, કે ઈસુ મનુષ્ય કરતાં મોટા છે. હા, સૌથી અજાયબ માણસ કરતાં પણ તે મોટા છે.

એક દિવસ શિષ્યોએ આખી રાત માછલાં પકડવામાં ગાળી, પણ કશું પકડયું નહિ. ઈસુએ આવી તેમને કહ્યું, "ઊંડા પાણીમાં હંકારો, ને માછલાં પકડવા તમારી જાળો નાખો." પરિણામે તેઓએ એટલી બધી માછલી પકડી કે તેમની જાળો તૂટવા લાગી. પીતર ઈસુને પગે પડયો ને વિનંતી કરી, "પ્રભુ, મારી પાસેથી જા; કેમ કે હું પાપી માણસ છું."

એ જ શિષ્યો એક દિવસ હોડીમાં ઈસુની સાથે હતા, અને ભારે તોફાન થયું. તે ઊંઘમાંથી જાગ્યો, ને પવન તથા મોજાંને શાંત પાડયાં. શિષ્યો અજાયબ થઈ બોલ્યા, કે "આ કેવી જાતનો માણસ છે, કે પવન ને સમુદ્ર પણ તેનું માને છે!"

એકવાર ઈસુએ પોતાના શિષ્યોને પૂછયું, કે "હું કોણ છું, એ વિષે તમે શું ધારો છો?" પીતર બધા વતી બોલી ઊઠયો, "તું ખ્રિસ્ત જીવતા દેવનો દીકરો છે."

ઈસુના શબ્દોથી લોકોને ખાતરી થઈ હતી, કે તે દેવ છે. એક દિવસ ઈસુના શત્રુઓએ કેટલાક અમલદારોને ઈસુને પકડવા મોકલ્યા. જ્યારે તેઓ તેની પાસે આવ્યા, ત્યારે તેણે તેમની સાથે એવી રીતે વાત કરી, કે તેને પકડવાની તેમની હિંમત ચાલી નહિ. તેઓ ઈસુને પકડયા વિના તેમના ધણીઓ પાસે પાછા ગયા, ને કહ્યું "એના જેવું કદી કોઈ બોલ્યું નથી."

આપણે પણ એ જ શબ્દો ઉચ્ચારવા જોઈએ. ઈસુનાં કેટલાંક વચનો પર વિચાર કરીએ.

"મારા બાપે મને સઘળું સોંપ્યું છે, અને બાપ વગર દીકરાને

કોઈ જાણતો નથી, અને દીકરા વગર તથા જેને દીકરો પ્રગટ કરવા ચાહે, તેના વગર બાપને કોઈ જાણતો નથી."

"ઓ વૈતરું કરનારાઓ તથા ભારથી લદાએલાઓ, તમે સઘળા મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ" (માત્થી ૧૧ : ૨૭, ૨૮).

"હું જગતનું અજવાળું છું, જે મારી પાછળ આવે છે, તે અંધકારમાં નહિ ચાલશે, પણ જીવનનું અજવાળું પામશે" (યોહાન ૮ : ૧૨)

"હું અને બાપ એક છીએ" (યોહાન ૧૦ : ૩૦).

શું આ શબ્દો મનુષ્યના હોઈ શકે ? જો આ શબ્દો માણસના હોય તો બોલનાર માણસ પોતા વિષે વધારે પડતો ખ્યાલ રાખે છે, એવું આપણે માનીએ. એનો કંઈ અર્થ કે એમાં કંઈ ખાસ સંદેશો રહેલો નથી, પણ જો ઈસુ મનુષ્ય કરતાં મોટો હતો, તો આ વચનો જીવન અને આશા આપનારાં છે. હજારો ને લાખો માણસોને આ વચનો સાચાં છે એવો અનુભવ થએલો છે.

ઈસુના અતિ વિષમ પ્રસંગે પણ તે પ્રભુ છે એવી ખાતરી આપણને થયા વિના રહેતી નથી. આપણામાંના ઘણાની પરિસ્થિતિ અનુકૂળ હોય ત્યાં સુધી ઠીક રીતે દિવસો ગાળે છે, અને જીવનનો આનંદ માણે છે; પરંતુ જ્યારે મુસાફરીમાં આપણો દાગીનો ક્યાંક ગૂમ થઈ જાય, આપણી સાથે બીજાઓ અયોગ્ય વર્તન રાખે, આપણે નિષ્ફળ થયાં હોઈએ, આપણો એક દાંત દુઃખતો હોય ત્યારે આપણે સહેજમાં મિજાજ ગુમાવીએ છીએ; અને સહેલાઈથી અઘટિત ઘણું બોલી નાખીએ છીએ. પરંતુ ઈસુ ? જ્યારે તેના શત્રુઓ તેના વિષે જૂઠી વાતો બોલતા હતા, જ્યારે લોકોનું ટોળું "તેને મારી નાખો." એમ પોકારતું હતું, જ્યારે પ્રમુખ યાજકના ચાકરે તેને તમાચો માર્યો, અને સિપાઈઓએ તેની ઠઠ્ઠામશ્કરી કરી ત્યારે તે શાંત સ્વસ્થ

અને પ્રેમથી ભરેલો હતો. જ્યારે તેના શરીરને ન કલ્પી શકાય એવી ક્રૂર રીતે રિબાવતા હતા, અને જ્યારે એના શરીરને ખીલાથી વધસ્તંભે જડી દીધું, ત્યારે વધસ્તંભ પર રહીને પોતાના શત્રુઓને માટે પ્રાર્થના કરી કે "ઓ બાપ, તું તેઓને માફ કર." એની પાસે ઊભેલા રૂમી સરકારી અમલદાર તે દેવનો દીકરો હતો, એવી શાહેદી પૂરે એમાં શી નવાઈ!

તેઓએ એ છૂંદેલા અને ભાગેલા શરીરને વધસ્તંભ પરથી ઉતર્યું, અને કબરમાં મૂકયું; પણ રવિવારને દિવસે તે તેના શિષ્યોને જીવતો દેખાયો. તે વખતે થોમા ત્યાં હાજર નહોતો, તેથી ઈસુ જીવતો છે એ વાત તે માની શકયો નહિ. એક અઠવાડીઆ પછી ઈસુ ફરી દેખાયો, અને થોમાને પોતાના વહેવાળા હાથ અને કૂખ બતાવ્યાં. થોમાનો સંદેહ મટી ગયો, તે બોલી ઊઠયો, "મારા પ્રભુ અને મારા દેવ."

એ દિવસથી ઈસુ કે જે તેમની સાથે રહેતો હતો, જે મરણ પામ્યો હતો, અને ફરી સજીવન થઈને ઊઠયો હતો એ વિષે તેમને જરાય સંદેહ રહ્યો નહિ. તેઓ પ્રાર્થના કરતા ત્યારે વારંવાર ઈસુ ખ્રિસ્તને સંબોધીને પ્રાર્થના કરતા હતા. જ્યારે સૌથી પ્રથમ ખ્રિસ્તી શહીદ સ્તેફનને ખ્રિસ્ત પ્રત્યેની તેની વફાદારીને લીધે પથ્થરે મારી નાખવામાં આવતો હતો, ત્યારે તેણે પ્રાર્થના કરી કે "ઓ પ્રભુ ઈસુ, મારા આત્માનો અંગીકાર કર." ઈસુ ખરેખર તેનો પ્રભુ અને તેનો દેવ હતો.

હવે જો ઈસુ આપણા પ્રભુ છે, તો આપણે નીચેની બાબતો ધ્યાનમાં રાખીને વર્તીશું.

પહેલું. આપણે હંમેશાં ઈસુના નામને **સન્માન** આપીશું. જેમ સંત પાઊલ કહે છે તેમ, "સર્વ નામો કરતાં તેણે (દેવે) તેને

એવું શ્રેષ્ઠ નામ આપ્યું, કે આકાશમાંનાં, ભૂમિ પરનાં તથા ભૂમિ તળેનાં સર્વ ઈસુને નામે ઘૂંટણે પડીને નમે." એનો ભાવાર્થ એ જ છે, કે આપણે ઈસુનું નામ હલકાઈથી કે અપમાન થાય તેવી રીતે ઉચ્ચારીશું નહિ. કેટલાક માણસો ઈસુનું નામ લઈ સમ ખાય છે. કેટલાક તે નામ મશ્કરીમાં વાપરે છે, વધસ્તંભે જડાએલા ઈસુનું નામ મશ્કરી કે મજાક માટે નથી.

ઇંગ્લાંડમાં ઈટન નામે એક શહેરની કોલેજના વાર્ષિક જમણ વખતે એક વિદ્યાર્થી ઊભો થયો, અને ખ્રિસ્તનું અપમાન થાય એવું ગીત ગાયું. કોલરીજ નામનો એક છોકરો ત્યાં હાજર હતો, તેને તેઓ ટૂંકમાં કોલી કહીને બોલાવતા. ગીત ગવાતું હતું તે દરમિયાન કોલી ઊભો થયો, ને એ ગીત સામે વિરોધ કર્યો. "જો એ ગીત બંધ કરવામાં નહિ આવે તો હું આ ઓરડામાં રહીશ નહિ." ગાયકે ગીત ચાલુ જ રાખ્યું. કોલી પોતાના વચન પ્રમાણે જમણ તજી દઈ ઓરડામાંથી ચાલ્યો ગયો. તે વખતે કેટલાક તેની મજાક કરતા હસ્યા, પણ પાછળથી એ લોકોને પોતાના કૃત્યની શરમ લાગી, અને કેટલાકે કોલી પાસે જઈને માફી માગી ત્યારથી ઈટન કોલેજના જમણ વખતે એવાં ગીતો ગવાતાં બંધ થઈ ગયાં.

ખ્રિસ્ત કોણ છે, તેણે આપણે માટે શું શું કર્યું છે એવો વિચાર જો કરીએ, તો આપણે તેનું નામ અદબ ને સન્માનથી લઈશું. મુંબઈમાં ધનજીભાઈ નામે એક પારસી ગૃહસ્થ હતા. તેઓ ખ્રિસ્તી થયા. તેઓ ઈસુનું નામ એવી રીતે ઉચ્ચારતા કે તે સાંભળવાથી જ તેમનો તારનાર પરનો પુષ્કળ પ્રેમ જણાઈ આવતો.

કેટલીકવાર ચોપડીઓમાં, સમાચારપત્રોમાં આપણે ઈસુનું નામ દુનિયાના સોક્રેટીસ, ગૌતમબુદ્ધ, કન્ફ્યુશિયસ, હઝરત મહંમદ સાહેબ જેવી નામાંકિત વ્યક્તિઓની હરોળમાં મૂકેલું જોઈએ છીએ. જ્યારે જ્યારે

હું એવું જોઉં છું ત્યારે ત્યારે મારું દિલ બહુ દુભાય છે. એ માણસો ગમે તેટલા મહાન હોય, પરંતુ તેઓ મનુષ્યો હતા. જ્યારે ઈસુ ખ્રિસ્તનું સ્થાન નોખું છે, અલાહિદું છે.–તે સર્વનો પ્રભુ છે, અને સઘળાં ઘૂંટણોએ તેની આગળ નમવું જોઈએ.

દર વરસે ઈંગ્લાંડમાં એક મોટી ગાયનટોળી ખ્રિસ્તની સ્તુતિને અર્થે એક મહાન્ ભજન ગાય છે. એ ભજનનું નામ "મસીહ" છે. એ સાંભળવા માટે ખૂદ ઈંગ્લાંડનો રાજા પણ હાજર થાય છે. જ્યારે આખી ગાયનટોળી ઊભી થઇ જાય છે, અને બહુ જ ઊંચે અવાજે "હાલેલૂયાહ, હાલેલૂયાહ" (પ્રભુનાં વખાણ કરો, પ્રભુનાં વખાણ કરો.) સર્વ શક્ય દેવ રાજ કરે છે. એ કડી ગાવામાં આવે છે ત્યારે એ ગીતની પરાકાષ્ઠા આવે છે. રાજા તથા સઘળાં શ્રોતાજનો ઊભાં થઈ જાય છે, અને રાજાઓના રાજા ખ્રિસ્તની આગળ અદબથી નમન કરી ઊભા રહે છે.

બીજું. ઈસુ પ્રભુ છે માટે આપણે તેનું **ભજન** કરવું જોઈએ. એક માણસ જન્મથી આંધળો હતો. ઈસુએ તેને દેખતો કર્યો. જ્યારે તેણે જાણ્યું કે મને આંખો આપનાર દેવપુત્ર ઈસુ પોતે જ છે, ત્યારે તેણે ઈસુ પર વિશ્વાસ કર્યો, કે તે પ્રભુ છે! અને તેનું ભજન કર્યું. પ્રાર્થનામાં આપણને માગમાગ કરવાનું બહુ ગમે છે. આપણે માગણી કરીએ એવું દેવ ઇચ્છે છે; પણ પ્રાર્થનાનો સૌથી અગત્યનો ભાગ તે ભજન કે આરાધના અને સ્તુતિ છે. આપણે પ્રાર્થના કરીએ તે વખતે દેવની હજૂરમાં શાંત રહેવું જોઈએ. અને યાદ રાખવું જોઈએ કે આપણે ખૂદ પ્રભુની પવિત્ર હાજરીમાં છીએ. એ પછી આપણે દેવ પર મનન કરવું જોઈએ. ઈસુ ખ્રિસ્ત વિષે વિચાર કરવો એ જ એનો અર્થ છે. એને તમારી નજર આગળ ઘેટાંની સંભાળ લેનાર ઉત્તમ ભરવાડ તરીકે, બીમારોને સાજાપણું આપનાર તરીકે, મૂએલાને સજીવન કરનાર તરીકે, જીવનના પ્રભુ તરીકે, વધસ્તંભ પર ટંગાનાર અને

મરણમાંથી ઉત્થાન પામનાર તરીકે કલ્પો. આપણી આંખો સમક્ષ એવું દૃશ્ય રાખીને તેની સ્તુતિ કરીએ, તેને વખાણીએ, અને તેના પર આપણે કેટલો બધો પ્રેમ રાખીએ છીએ તે કહીએ.

ત્રીજું. સાચી ભક્તિની સાથે જ **આજ્ઞાધીનતા** આવે છે.

ઈસુ પ્રભુ છે માટે આપણે તેની આજ્ઞાઓ પાળવી જોઈએ. હોઠોથી નહિ, પરંતુ આપણાં જીવનો વડે આપણે તેને આજ્ઞાધીન રહેવું જોઇએ. "જેઓ મને પ્રભુ પ્રભુ કહે છે તે સર્વ આકાશના રાજ્યમાં પેસશે એમ તો નહિ, પણ જેઓ મારા આકાશમાંના બાપની ઇચ્છા પ્રમાણે કરે છે, તેઓ જ પેસશે." એમ ઈસુ કહે છે. આપણે ઈસુ પર પ્રેમ કરીએ છીએ એમ કહેવું બસ નથી, આપણે તેની આજ્ઞાઓ પાળવી જોઈએ.

એક નાની છોડીએ તેની માને કહ્યું' "મા, હું તને બહુ જ ચાહું છું. જો મારી પાસે એક લાખ રૂપિયા હોત તો હું તને આપી દેત." માએ કહ્યું, "તું મને ચાહે છે તેની સાબિતી માટે તારી મીઠાઈમાંથી થોડી મને આપ." છોડીએ જવાબ આપ્યો, "ના, એ તો મારે ખાવી છે."

ઈસુએ આજ્ઞાધીન રહેવાથી આપણે એ બતાવીએ છીએ, કે આપણે તેને આપણા પ્રભુ ને દેવ તરીકે સ્વીકારીએ છીએ.

ઈંગ્લાંડમાં સી. ટી. સ્ટડ નામનો એક નામચીન ક્રિકેટર થઈ ગયો. એના જમાનામાં એ સૌથી પ્રખ્યાત ક્રિકેટ રમનાર હતો. તે ક્રિકેટ રમતો ત્યારે તે જોવા લોકોની ઠઠ જામતી. તેણે ઈસુ ખ્રિસ્તને એના જીવનનો સ્વામી બનાવ્યો. ત્યાર પછી ચીન દેશમાં મિશનરી તરીકે જવા માટે ઈશ્વરે તેને તેડું આપ્યું. ચીન જતાં પહેલાં તેણે મોટી વિદ્યાપીઠોની મુલાકાત લીધી, અને વિદ્યાર્થીઓને ખ્રિસ્તના પ્રેમ વિષે કહ્યું. ડો. એફ. બી. મેયર નામનો એક શખ્સ સ્ટડ વિષે આ પ્રમાણે લખે છે: 'હું શિયાળામાં એક વખત સવારે સાત વાગે એની

ઓરડીમાં ગયો. મીણબત્તીના તેજે મેં તેમને બાઇબલનો અભ્યાસ કરતા જોયા. ક્રિકેટ રમતી વખતે જે કોટ પહેરતા હતા તે તેમણે પહેર્યો હતો. મેં ચાર્લ્સ સ્ટડને પૂછ્યું, "આજે સવાર તમે વહેલા ઊઠયા છો?" તેમણે કહ્યું, "હા, હું આજે ચાર વાગે ઊઠયો હતો, મને ક્યારે પૂરી ઊંઘ મળી રહી છે, તે ખ્રિસ્ત હંમેશાં જાણે છે, ને મને તેની મીઠી સંગત માટે ઉઠાડે છે." મેં પૂછ્યું, "સવારે ઊઠીને તમે શું કર્યું?" તેમણે ઉત્તર આપ્યો, 'તમે જાણો છો, કે જો તમે મારા પર પ્રેમ કરો તો મારી આજ્ઞાઓ પાળો, એમ આપણો પ્રભુ કહે છે. પ્રભુ ઈસુએ જે બધી આજ્ઞાઓ આપી છે, તે હું શોધતો હતો, અને તે દરેક આજ્ઞા મેં પાળી છે કે નહિ, તેની તપાસ કરતો હતો; કેમ કે હું તેને ચાહું છું."

મેયરે પૂછ્યું, "હું તમારા જેવો કેવી રીતે થઈ શકું? સ્ટડે જવાબ આપ્યો, "તમે સંપૂર્ણપણે ખ્રિસ્તને અર્પાઈ જાઓ તો તે તમને ભરશે."

એ રાત્રે મેયરે પોતાને ખ્રિસ્તને સોંપી દીધો. તેની પાસે કૂંચીઓનો જે ઝૂમખો હતો તેમાંથી એક નાની કૂંચી પોતા પાસે રાખીને ઝૂમખો ખ્રિસ્તને સોંપ્યો. પ્રભુએ તેને પૂછ્યું, "શું બધી જ કૂંચીઓ આ ઝૂમખામાં છે?" મેયરે ઉત્તર આપ્યો, કે "અમારી એક બહુ જ નાની ઓરડી છે, જે અમે અમારા ઉપયોગ માટે રાખી છે અને તેની નાની કૂંચી મારી પાસે છે." પ્રભુએ તેને કહ્યું કે જો તું બધી કૂંચીઓ સોંપવા માટે વિશ્વાસ નથી રાખતો, તો તું મારા પર બિલકુલ વિશ્વાસ રાખતો નથી. કૂંચી રાખવા માટે મેયરે પ્રભુને ઘણી વિનંતિ કરી ને હું તારી મૈત્રી તોડવા માગતો નથી પણ પોતાના જીવનની ફક્ત આ એક નાના ભાગની હકૂમત પોતાના હવાલામાં

રાખવા માગે છે. પ્રભુ ઈસુ ઉદાસ થઈ ને જવા લાગ્યો. તરત જ મેયર ઊઠયો ને પેલી નાની કૂંચી પ્રભુને સોંપી દીધી. ઈસુ તરત જ તેના હૃદયમાં આવ્યો, અને તેનાં પાપ ધોઈ નાખ્યાં, અને એના હૃદયને પોતાની હાજરીથી ભરી દીધું, ત્યાર પછી મેયર દેવનો એક મહાન સંત બની ગયો.

આપણે પ્રત્યેક જણ મેયરની પેઠે આપણા હૃદયની બધી જ કૂંચીઓ આજે પ્રભુના હાથમાં સોંપી દઈએ, અને તેની આજ્ઞા પાળીએ. એ પછી ખ્રિસ્ત આપણને વાપરી શકશે. જેઓ તેને પોતાના સર્વસ્વનો પ્રભુ બનાવે છે તેમને જે આનંદ અને પરાક્રમ આપે છે તે આનંદ ને પરાક્રમ વડે આપણાં હૃદયો ભરાઈ જશે.

---

# ઈસ્ટરની ચાર વાર્તાઓ

ઈસ્ટરનો સંદેશો એ છે કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત જે ગુડ ફ્રાયડેને દિવસે મરણ પામ્યો, તે ઈસ્ટરના રવિવારે ફરી ઊઠયો, અને તે હજી પણ જીવનના પ્રભુ તરીકે, પાપ અને મરણના વિજેતા તરીકે જીવે છે, અને તે આપણને સામર્થ્ય આપીને પાપ અને મરણ પર આજે પણ વિજય પમાડે છે.

વર્ષના પ્રત્યેક દિવસે આ સુવાર્તા આપણને મદદકર્તા થઈ પડે છે. ઇંગ્લાંડમાં ડૉ. ડેઇલ નામનો એક સુપ્રસિદ્ધ ઉપદેશક થઈ ગયો. એક દિવસ તે ઈસ્ટર વિષેનું ભાષણ તૈયાર કરવા બેઠો હતો ત્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્ત જીવતો છે, એ વિચારે એના આત્મા પર એટલી પ્રબળ અને વાસ્તવિક રીતે અસર કરી, કે તે એકદમ ઊભો થઈ ગયો, ને વારવાર આ પ્રમાણે સ્વગત બોલવા લાગ્યો, "ઈસુ જીવતો છે, ઈસુ જીવતો છે," તે પછી જે દરેક ભક્તિસભા તે ચલાવતો, તેમાં તે ઉત્થાન પામેલા ને જીવતા ખ્રિસ્તનો ઉલ્લેખ કરતો.

પ્રેરિત યોહાનની સુવાર્તામાં વર્ણવેલ ઈસ્ટરની ચાર વાર્તાઓનો આપણે વિચાર કરીએ. ૧૯૦૦ વર્ષ પહેલાં પુનરુત્થાન પામેલો ખ્રિસ્ત જે આશીર્વાદો, પુરુષો ને સ્ત્રીઓને આપી શકયો, ને જે આજે પણ આપણને સર્વને આપી શકે છે, તેનું આ ચાર વાર્તાઓ આપણને સ્મરણ કરાવે છે.

૧. પહેલી વાર્તા તે તો **શોકની** વાર્તા છે (યોહાન ૨૦: ૧૧–૧૮). સૂર્યોદય થયો તે પહેલાં મોટે મળસકે, હજી તો અંધારું હતું એવામાં, મરિયમ નામની એક ભગ્ન હૃદયની સ્ત્રી, જે કબરમાં ઈસુના ભંગિત અને ઘાવાળા શબને મૂકવામાં આવ્યું હતું, તેની બહાર ઊભી હતી. તે ડુસકાં ખાતાં ખાતાં ધ્રૂજતી હતી. તેણે કબરમાં

ડોકિયું કર્યું, તો જ્યાં પ્રભુ ઈસુનું શબ હતું ત્યાં તેણે બે દૂતને દીઠા, પણ દૂતોના દર્શન કે શ્રવણથી ઉપજતી અજાયબી તેના શોકગ્રસ્ત હૃદયનું શાંત્વન કરી શકી નહિ. તેણીના પ્રભુને મારી નાખવામાં આવ્યો હતો, અને હવે તેનો વહાલો દેહ અદશ્ય થઈ ગયો હતો, અને તેથી શોક અને ગભરાટથી તેનું હૃદય ભરાઈ ગયું હતું.

જ્યારે તે કબર તરફથી વળી, ત્યારે ઈસુ તેની આગળ જીવતો ઊભો હતો, પણ તેણે તેને ઓળખ્યો નહિ.

ઈસુએ તેને પૂછ્યું, "બાઈ, તું કેમ રડે છે? તું કોને શોધે છે?" પ્રશ્ન પૂછનાર માળી હશે, એમ ધારી, તેણે જવાબ આપ્યો, "સાહેબ, જો તેં તેને અહીંથી ઉઠાવી લીધો હોય, તો તેં તેને ક્યાં મૂક્યો છે. તે મને કહે, એટલે હું તેને લઈ જઈશ." ખ્રિસ્ત પરના અનહદ પ્રેમને લીધે મરિયમે પોતે એકલીએ જ તેના મૃત દેહને લઈ જવાનો પ્રયાસ કર્યો હતો!

ઇસુ તેને કહે છે "મરિયમ." તે ફરીને તેને કહે છે કે "રાબ્બોની, એટલે ગુરુજી." મરિયમનો શોક આનંદ અને અજાયબીમાં કેવી રીતે પરિવર્તન પામ્યો તેનો વિચાર કરો. જેને તે મૂએલો ધારી શોક કરતી હતી તે તો જીવતો હતો.

ઈસુ તેને કહે છે "મને સ્પર્શ ન કર; કારણ કે હું હજી મારા બાપની પાસે ચઢી ગયો નથી; પણ મારા ભાઈઓની પાસે જઈને તેમને કહે, કે જે મારો બાપ તથા તમારો બાપ, અને મારો દેવ તથા તમારો દેવ, તેની પાસે હું ચઢી જાઉં છું."

મરિયમે આ આજ્ઞા તરત માની. આ સ્ત્રી ખ્રિસ્તના શિષ્યોને સંદેશીઆરૂપ બને છે, અને તેમને પોતાના ને તેમના પ્રભુના ઉત્થાનની વધામણી પ્રગટ કરે છે. ઉત્થાન પામેલા ખ્રિસ્તના દર્શનથી આ શોકાતુર સ્ત્રીનું, સુવાર્તાના આનંદી સંદેશવાહકમાં બદલાણ થયું.

જો તમારાં હૃદયોમાં દિલગીરીને સ્થાન હોય, તો પ્રભુ ઈસુ જીવતો છે, એવો આ ઈસ્ટરનો સંદેશો તમારે માટે સુવાર્તારૂપ છે. તમારા શોકમાં ખ્રિસ્તને સહભાગીદાર કરો. કદાચ તમારો શોક તે દૂર ન કરે, પણ જરૂર તે આ શોકના બોજામા સહભાગીદાર થશે, ને તે પોતાની શાંતિથી તમારાં હૃદયોને ભરપૂર કરશે. એ જાણીને તમને આનંદ થશે કે તમે એકલા નથી, પણ ઈશ્વરનો પુત્ર પોતે તમારી પડખે ઊભો છે.

ઈસુ મરણ પામ્યો તેની આગલી રાત્રે ઈસુએ પોતાના શોકગ્રસ્ત શિષ્યોને કહ્યું, કે હવે તમે શોકાતુર થાઓ છો, પણ હું તમને ફરી મળીશ, ને તમારાં અંતઃકરણો આનંદ કરશે, ને તમારો આનંદ તમારી પાસેથી કોઈ છીનવી શકશે નહિ; હું તમને અનાથ નહિ મૂકું; હું તમારી પાસે પાછો આવાશ. તેનું ઉત્થાન આ વચનોની સિદ્ધિરૂપ હતું. મરિયમ અને પોતાના પ્રથમ શિષ્યો માટે ખ્રિસ્તે જે નિષ્ઠાથી આ વચનો પાળ્યાં, તે જ રીતે આપણે માટે પણ આજે તે વચનો તે પૂર્ણ કરશે.

૨. આપણી બીજી વાર્તા તો **ભયની** વાર્તા છે. યોહાન ૨૦ : ૧૯–૨૩માં આપણે ભયથી કંપતા ૧૦ જણ વિષે વાંચીએ છીએ. યહુદા ને થોમા સિવાયના બાકીના શિષ્યો એક ઓરડામાં ખીચોખીચ એકઠા થયા હતા, ને યહૂદીઓના ભયને લીધે બારણાં બંધ કરવામાં આવ્યાં હતાં. તેમની શિસ્તને ભારે ફટકો પડયો છે. તેમના આગેવાનને યહૂદીઓએ પકડીને, તિરસ્કાર કરીને, દુઃખ દઈને મારી નાખ્યો છે, ને તેના શબને કબરમાં મૂકવામાં આવ્યું છે. હવે એમ કેમ ન બને કે યહૂદીઓ તેમના વૈમનસ્ય અને ઝનૂનનો પ્રવાહ ઈસુના અનુયાયીઓ તરફ ન વાળે ? લોકોમાં અફવા ચાલતી હતી કે કબર ખાલી છે, અને કદાપિ ઈસુના શબને ચોરી લઈ જવાનું જૂઠું આળ તેમના પર મૂકવામાં આવે ! હવે તેમનું શું થશે તે વિષે તેઓ ભયભીત બન્યા છે.

કમજોર અને ગાભરા જેવા, તેઓ એકબીજાના કાનમાં ગુસપુસ કરતા, ને જે અફવાઓ ફેલાવા પામી હતી, તેની ચર્ચા કરતા બેઠા હતા.

એકદમ પ્રભુ ઈસુ આવીને તેઓની વચમાં ઊભો રહ્યો, ને તેમને કહ્યું, "તમને શાંતિ થાઓ." આમ કહીને તેણે પોતાના હાથ અને કૂખ તેમને બતાવ્યાં. તેથી શિષ્યો પ્રભુને જોઇને હર્ષ પામ્યા. જીવન હવે તેમને માટે તત્કાળ બદલાઈ ગયું યહૂદીઓ અને રૂમી સિપાઈઓએ, ઈસુ પર પોતાથી થાય, તે બધું વિતાવવામાં કંઈ બાકી રાખ્યું નહોતું. તોપણ અત્યારે તે તેમની મધ્યે, ઘાના ચિહ્નના ધારણ કર્યાં હોવા છતાં, ગૌરવી રીતે જીવતો, અને સદા અજેય, એવો ઊભો રહે છે, ને તમને કહે છે, "તમને શાંતિ થાઓ."

અને એ જ ખ્રિસ્ત આપણી વચમાં ઊભો છે. તે આપણાં બધાં ભયસ્થાનો જાણે છે. કદાપિ ભવિષ્યની આપણને બીક લાગતી હોય! કદાચ આપણને મંદવાડની, દુઃખની, ટીકાની, આપણે કરવાના કામની, બેકારીની, વૃદ્ધાવસ્થાની, કોઈ આપ્તજનના વિયોગની કે આપણા પોતાના મરણની બીક લાગતી હશે! ઉત્થાન પામેલો ખ્રિસ્ત તેની પવિત્ર સંગતદ્વારા આ બીકને નષ્ટ કરીને, આપણને તેની શાંતિ પમાડી શકે છે.

જાપાનનો ખ્રિસ્તી યોદ્ધો કાગાવા, જેનાં દુઃખોની પરંપરાની કલ્પના પણ થઈ શકે નહિ, તે ઉત્થાન પામેલા ખ્રિસ્તની જાથુ સંગતમાં રહે છે; તેણે લખ્યું છે કે, "કારાગૃહમાં, કે હુલ્લડની ધરપકડમાં, કે માથે ઝઝૂમતા ખંજરના ભયમાં, મારા અંતરમાં રહેલું શાંતિરૂપી રત્ન કદી ઝાંખું પડયું નથી."

ગત મહાવિગ્રહમાં, એક સિપાઈ જેને નોરમન્ડીના કિનારે ઊતરી દુશ્મન તરફથી-વરસતી ગોળીઓની ભયંકર ઝડીમાં થઈને કિનારે પહોંચવાનું ફરમાન કરવામાં આવ્યું હતું. તેણે મને આ પ્રમાણે કહ્યું,

"આ બધો વખત, ખ્રિસ્તના સાન્નિધ્યની જાગૃત સ્મૃતિએ મારી બીક નસાડી મૂકી, ને મારા હૃદયને અજાયબ જેવી શાંતિથી ભરપૂર કર્યું."

એ જ ખ્રિસ્તની પ્રેમાળ સંગત, આપણી બીક ને ભીતિને દૂર કરીને, તેની અપૂર્વ શાંતિ વડે, આપણા આત્માઓનું દુર્ગની પેઠે સંરક્ષણ કરી શકે છે.

૩. ઈસ્ટરની આપણી ત્રીજી વાર્તા તો **સંદેહની** વાર્તા છે.

આપણો તારનાર પોતાના શિષ્યોને ઈસ્ટરની રાત્રે દેખાયો તે સાંજે થોમા નામનો શિષ્યોમાંનો એક હાજર નહોતો. જ્યારે તેઓએ તેને ખ્રિસ્તના થએલા દર્શન વિષે કહ્યું, ત્યારે તે કેવળ માની શક્યો નહિ. શું ખ્રિસ્તને વધસ્તંભે જડવામાં, અને કબરમાં મૂકવામાં આવ્યો નહોતો? તો તે કેવી રીતે દર્શન દઈ શકે? શિષ્યોએ જે જોયું તે કદાપિ પ્રેત કે આભાસ હોય! ને તેથી તેણે કહ્યું કે "તેના હાથમાં ખીલાઓના વેહ જોયા વિના તથા મારી આંગળી ખીલાઓના વેહમાં મૂક્યા વિના, તથા તેની કૂખમાં મારો હાથ ઘાલ્યા વિના હુ વિશ્વાસ કરવાનો જ નથી."

આઠ દિવસ પછી શિષ્યો એકઠા થયા હતા, ને થોમા પણ તેમની સાથે હાજર હતો, ત્યારે ફરી ઈસુ તેઓની વચમાં હાજર થયો. મને લાગે છે કેવળ થોમા માટે જ તે ખાસ કરીને આવ્યો હતો; તેણે થોમાને કહ્યું, "તારી આંગળી અહીં સુધી પહોંચાડીને મારા હાથ જો; તારો હાથ લાંબો કરીને મારી કૂખમાં ઘાલ, અને અવિશ્વાસી ન રહે, પણ વિશ્વાસી થા." પણ એટલામાં તો થોમાનો અવિશ્વાસ અદશ્ય થઈ જાય છે, ને બધા શિષ્યોના દેખતાં તે વિશ્વાસની કબૂલાત આપે છે કે, "મારા પ્રભુ અને મારા દેવ."

વધસ્તંભે જડાયેલા, ઘવાયેલા ઈસુના દર્શને થોમાના શકને ભગાડી મૂક્યો હતો, ને તેનામાં અચળ ખડક જેવો વિશ્વાસ ઉત્પન્ન કર્યો હતો.

આપણામાંના ઘણાને આવા જ શક અને મૂંઝવણના પ્રસંગો પ્રાપ્ત થાય છે. દુઃખ–અને પાપ, ઈશ્વર અને મનુષ્ય, જિંદગીનો અર્થ અને મનુષ્યનું ભાવિ, એવા એવા જગજૂના–પ્રશ્નો આપણને મૂંઝવે છે અને નિરાશ કરે છે. પણ જે ખ્રિસ્ત ગેથસમાને વાડી અને કાલવરીના દુઃખસહનમાંથી અણીશુદ્ધ પસાર થયો, અને જેના શરીરમાં હજી એ અકથ્ય દુઃખનાં ચિહ્ન છે, તેણે જે શ્રદ્ધા ને વિશ્વાસ થોમામાં પ્રદિપ્ત કર્યાં, તે આપણામાં પણ સતેજ કરવા શક્તિમાન છે. આપણે આપણાં શક, સંદેહ કે ભીતિ તેની પાસે લાવીએ, અને તેની આગળ પૂજ્ય-ભાવે અને આજ્ઞાંકિતપણે ધૂંટણીએ પડીને બૂમ પાડીએ કે "મારા પ્રભુ અને મારા દેવ, હું તારા પર પ્રેમ કરું છું. ને હું તારી પાછળ ચાલીશ." તો આપણે પણ અંધકારમાં નહિ ચાલતાં, જીવનનો પ્રકાશ પામીશું.

૪. આપણી ચોથી વાર્તા તો **પાપની** વાર્તા છે (યોહાન ૨૧) પીતરે છેક છેલ્લી ઘડીએ પોતાના પ્રભુને દગો દીધો હતો, જો કે બીજાઓ ગમે તે કરે, પણ હું તો તારો નકાર નહિ જ કરું, એવું પ્રતિજ્ઞાપૂર્વક તે બોલ્યો હતો. ને જોકે એ તદ્દન સાચું છે કે ખુલ્લી લડાઈમાં તે પોતાના ગુરુ માટે સામી છાતીએ લડયો હોત, તોપણ ન્યાયસભાના ઠંડા વાતાવરણમાં, મજાક કરતી એક દાસી, અને ઠઠ્ઠા-ખોર ટોળાની આગળ, મરધો બોલતી વખતે તેણે પોતાના ગુરુનો નકાર કર્યો. અત્યાર સુધીમાં ખ્રિસ્ત પીતરને બે વાર દેખાયો હતો, પણ પીતરનું પાપ, તેને અંદરખાનેથી કોરી ખાતું હતું. તેને લાગ્યા કરતું હતું કે મારું પાપ હજી ભુંસાયું નથી.

આને લીધે પીત્તરને કંઈ જંપ નહોતો, ને તેથી પોતાની આ બેચેની જરા દૂર કરવાના હેતુથી તેણે પોતાના મનમાં કહ્યુ કે "હું માછલાં મારવા જઈશ." બીજાઓ પણ તેની સાથે ગયા, પણ તેમના આખી રાતના પરિશ્રમનું કંઈ સંતોષજનક પરિણામ ન આવ્યું, કારણ કે તેઓને

હાથ કંઈ આવ્યું નહિ. પણ પોહ ફાટતી વેળાએ ઈસુ–કિનારે ઊભો હતો. તેઓએ તેને ઓળખ્યો નહિ. પરંતુ ક્યાં જાળ નાખવી તે તેણે તેમને બતાવ્યું. તેઓએ તેનું કહ્યું માન્યું, ને માછલાંનો મોટો જથ્થો તેઓએ પકડયો. પીતરે જ્યારે જાણ્યું કે એ તો ઈસુ છે, ત્યારે તે હોડીમાંથી કૂદી પડયો, અને પાણીમાં થઇને તેની પાસે ગયો. માછલાં ગણ્યા પછી અને નાસ્તો કર્યા પછી, પીતરના–સંસ્થાપન અને સેવા સોંપણીની મૂલ્યવાન ઘડી આવી પહોચે છે.

ઈસુ પીતરને ત્રણ વાર પૂછે છે કે શું તું મારા પર પ્રેમ કરે છે? પીતર જવાબ આપે છે કે પ્રભુ, તું જાણે છે કે હું તારા પર હેત રાખું છું. ઈસુ તેને કહે છે, "મારાં ઘેટાંને પાળ." આ પ્રમાણે કહીને પ્રભુ ઈસુએ બતાવ્યું કે તેણે પોતાના પતિત શિષ્ય પીતરને માફી બક્ષીને સંસ્થાપિત કર્યો છે, ને હવે પોતાની મંડળીના જુવાન અને વૃદ્ધ તમામને દોરવાનું અને તેમનું પ્રતિપાલન કરવાનું કામ સુપ્રત કરતો હતો.

પીતરની પેઠે આપણે પણ–કદાચ–પીતરના કરતાં ઓછા મુશ્કેલ અને પરીક્ષણમય પ્રસંગોમાં,–ખ્રિસ્ત અને તેના હક્ક-દાવાઓને વફાદાર રહ્યા નથી.

પણ આજે, તે આપણી મધ્યે ઊભો છે, ને જો પીતરની પેઠે આપણે પણ સરસાઈથી કહી શકીએ કે પ્રભુ, તું જાણે છે કે હું તારા પર હેત રાખું છું, તો આપણે જાણીશું કે હાલ- આપણને સાજાપણું અને માફી બક્ષવા, અને ભવિષ્યમાં, તેની વધુ લાયક શાહેદી પૂરવા અને તેની અવિશ્રાંત સેવા માટેનું બળ-આપવા તે આવ્યો છે.

ઈસ્ટરનો સંદેશો એ જ છે કે ખ્રિસ્ત જીવતો છે, અને પ્રથમ ઈસ્ટરે જે તેણે પોતે તેના શિષ્યો માટે કર્યું, તે જ આપણે માટે પણ તે કરશે.

તે આપણા **શોકને આનંદમાં** પલટાવી દે છે;

તે આપણી **બીકને શાંતિમાં** ફેરવી નાખે છે;

તે આપણા **સંદેહને વિશ્વાસમાં** ફેરવી નાખે છે;

તે આપણાં **પાપને માફીમાં** ફેરવી નાખે છે.

તમારી દરેક જરૂરીઆત કે કોયડાનો ઉકેલ વધસ્તંભે જડાયેલા, પરંતુ હાલ જીવતા ખ્રિસ્ત પાસે છે. આજે તે તમારી પાસે ઊભો છે, ત્યારે તમારી દરેક અગત્ય તેની પાસે લાવો. આ જરૂરીઆત કદાપિ શોકની, બીકની, શકની કે પાપની, યા તો ગમે તે પ્રકારની હોય તે તેની પાસે લાવો. તેની પાસે દરેક કોયડાનો ઉકેલ છે; તે પોતે જ રામબાણ ઉકેલ છે.

# ચાર પ્રકારનો વિકાસ

## (ખાસ કરીને જુવાનો માટે)

"ઈસુ જ્ઞાનમાં તથા કદમાં, ને દેવની તથા માણસોની પ્રસન્નતામાં વધતો ગયો" (લુક ૨ : ૫૨).

વૃદ્ધિ કે વિકાસ એ જીવનનું એક ચિહ્ન છે. જો નાનું બાળક વધે નહિ, તો તે તંદુરસ્ત નથી, અને તે જીવશે નહિ; એમ આપણે સમજીએ છીએ. બાળ ઈસુ વધતો ગયો. જેમ ઈસુ વધતો ગયો તેમ સઘળા છોકરા તથા છોડીઓ વધે એવી દેવની ઈચ્છા છે. "ઈસુ જ્ઞાનમાં તથા કદમાં, દેવની તથા માણસોની પ્રસન્નતામાં વધતો ગયો," એમ આપણે વાંચીએ છીએ. ઈસુ બાર વર્ષની ઉંમરનો હતો, ત્યારથી ત્રીસ વર્ષની ઉંમરનો થયો, અને એ ઉંમરે તેણે જાહેર સુવાર્તિક સેવા શરૂ કરી; એ વચ્ચેના સમયનું તેનું જીવનવૃત્તાંત આ એક વાક્યમાં આવી જાય છે. જો આપણે ઈસુની પેઠે વધતા નથી, તો જાણવું કે આપણા જીવનમાં કંઈક ખોટું છે.

આપણો વિકાસ થાય એ જરૂરનું છે, અને તે વિકાસ સર્વ દિશામાં હોવો જોઈએ. જ્ઞાનમાં તથા કદમાં દેવની તથા માણસોની પ્રસન્નતામાં વધતાં જઈએ એ અગત્યનું છે. એટલે માનસિક, શારીરિક, આત્મિક અને સામાજિક વિકાસ કે વૃદ્ધિ એ જ એનો અર્થ છે. કેટલાક માણસોનો વિકાસ એક જ દિશામાં હોય છે. એક માણસને હું ઓળખું છું, તે બહુ જ હોશિયાર વિદ્યાર્થી હતો. હાલમાં તે એક હાઇસ્કૂલમાં હેડમાસ્તર છે. જ્યારે તે છોકરો હતો, ત્યારે તે બધો વખત અભ્યાસમાં જ ગાળતો, તે કદી રમત રમે નહિ, કે કસરત કરે નહિ. ચૌદ વર્ષની ઉંમરે તે મેટ્રિક પાસ થયો, અને અઢાર વર્ષની ઉંમરે તે બી. એ. થયો; પણ એ વખતથી તેનું શરીર બગડી ગયું

છે. તે તંદુરસ્ત રહેતો નથી. શરીરના ભોગે મેં માનસિક વિકાસ કર્યો, તેનો મને હમણાં બહુ જ પસ્તાવો થાય છે, એવું તેણે એકવાર મને કહ્યું હતું.

હું એક બીજા છોકરાને ઓળખું છું, તે રમતગમતમાં બહુ જ હોંશિયાર, ચપળ, દોડનાર, ક્રિકેટ, હોકી તથા ફૂટબોલનો સારો ખેલાડી હતો; પણ તે અભ્યાસ કરતો નહોતો. તે કદી મેટ્રિકની પરીક્ષા પસાર કરી શક્યો નહિ. તે પોતાનો બધો જ વખત રમવામાં ગાળતો, અને તેણે પોતાના શરીરને સારું કસરતબાજ અને મજબૂત બાંધાનું બનાવ્યું; પણ તેનું મગજ નબળું રહ્યું. તેણે બહુ જ ઓછું જ્ઞાન મેળવ્યું.

પ્રભુ ઈસુ આપણને સંપૂર્ણ વિકાસ કે વૃદ્ધિનો સંપૂર્ણ નમૂનો આપે છે. જે ચાર પ્રકારનો વિકાસ ઈસુએ કર્યો તે પર આપણે વિચાર કરીએ, અને જેમ તે વધતો ગયો તેમ આપણે વધીએ છીએ? એવો પ્રશ્ન આપણે પોતાને પૂછીએ.

પહેલો **માનસિક વિકાસ,** "ઈસુ......જ્ઞાનમાં વધતો ગયો." બાળ ઈસુ આ પૃથ્વી પર અગાધ જ્ઞાન લઈને આવ્યો નહોતો. બીજાં યહૂદી બાળકોની પેઠે જ એના પહેલા પાઠો એની માએ શીખવ્યા હતા. ગામઠી રાબી (ગુરૂ)ના હાથ નીચે તે સભાસ્થાનમાં ભણવા જતો. દશ વર્ષનાં થાય ત્યાં સુધી છોકરાઓને જૂના કરાર સિવાય બીજું કોઈ પુસ્તક વાંચવા માટે અપાતું નહિ. બાળ ઈસુના મનમાં યુસફની, મુસાની, દાઊદની, દાનીએલની, તેમ જ બીજા યહૂદી સંતોની તથા શૂરવીરોની વાર્તાઓ વાંચીને કેવા પ્રકારની લાગણી થતી હશે!

વળી તે કુદરત પાસેથી દેવ વિષે ઘણું શીખ્યો હતો. કેમ કે તે પાલેસ્ટાઈન દેશ પરના પહાડો પર ફરતો, અને ફૂલો, પક્ષીઓ, પ્રાણીઓ, તથા ગામડાના જીવનનાં જુદાં જુદાં દશ્યો તે નિહાળતો અને નિરીક્ષણ કરતો. ઈસુ કોઈ હાઈસ્કૂલ કે કોલેજમાં ભણ્યો નથી, એણે

કોઈ ઉચ્ચ કેળવણી લીધી નથી; પરંતુ તેને જ્ઞાન મેળવવાની જે સૌથી સારી તકો મળી, તેનો તેણે પૂરેપૂરો ઉપયોગ કર્યો. જૂના કરારની વાતો પર તે ઊંડુ મનન કરતો, અને કુદરતના દૃશ્યોનું બહુ બારીકાઇથી અવલોકન કરતો. એમ દિવસે દિવસે તે જ્ઞાનમાં વધતો ગયો.

આપણે કેવી રીતે આપણાં મન ખીલવીએ કે કેળવીએ ? આપણે અભ્યાસ કરવામાં તેમ જ મનન કરવામાં કેટલો વખત ગાળીએ છીએ ? જિંદગી ટૂંકી છે, વખત મૂલ્યવાન છે, માટે આપણે આપણા વખતનો સદુપયોગ કરીએ. ગપાં મારવામાં, પત્તાં રમવામાં, સારા ચારિત્ર્ય પર ખોટી અસર કરે તેવી ભૂંડી ફિલ્મો જોવામાં વખત બગાડો નહિ, પરંતુ પવિત્ર શાસ્ત્રનો અભ્યાસ કરવામાં, ધર્મનાં સાહિત્યનાં તેમ જ વિજ્ઞાનનાં પુસ્તકો વાંચવામાં, આપણી આસપાસની કુદરતનું અવલોકન કરવામાં બને તેટલો વધારે વખત ગાળીએ. હિંદુસ્તાનમાં અને દુનિયામાં દેવની સેવાને અર્થે બને તેટલું જ્ઞાન સંપાદન કરવાની ખાસ જરૂર છે.

ફ્લોરેન્સ નાઇન્ટેંગલ એક અંગ્રેજ બાઈ હતી. તેનાં માબાપ બહુ પૈસાદાર હતાં, પોતાની દીકરી ઉજાણીઓમાં, પાર્ટીઓમાં જાય અને મોઝમઝામાં જીવે એવી તેમની બહુ ઇચ્છા હતી; પરંતુ એમની ઇચ્છાની વિરુદ્ધ જઇને તે ફ્રાન્સ ગઈ. ઘણી અગવડ તેમ જ મુશ્કેલીઓ વેઠીને તેણે નર્સની તાલીમ લીધી. જ્યારે ક્રિમિયાનો વિગ્રહ શરૂ થયો, ત્યારે તે ત્યાં ગઈ. ત્યાં તેણે હજારો બીમારો તેમ જ ઘવાયેલા સિપાઈઓની સેવા કરીને તેઓના પ્રાણ બચાવ્યા. લડાઈ પૂરી થઈ, ત્યારે તે ઇંગ્લાંડ પાછી આવી; અને ત્યાં નર્સોને તાલીમ આપવા એક સંસ્થા સ્થાપી. અજાયબી પમાડે એવી સેવામાં ઈશ્વરે તેને વાપરી, કેમ કે જ્યારે તે નાની છોડી હતી, ત્યારે તેણે પોતાનો વખત ગમાવ્યો નહિ; પરંતુ તેણે અભ્યાસ કરવામાં તથા તાલીમ લેવામાં પોતાનો સમય ગાળ્યો હતો.

ઈગ્લાંડમાં વિલિયમ કેરી નામનો એક મોચી રહેતો હતો. તે પોતાની દુકાનમાં બેસી જોડાં સીવતો અને ફાટેલાં બુટ સાંધતો હતો. સાથે સાથે અન્ય ભાષાઓનો અભ્યાસ પણ કરતો હતો. જ્યારે તક આવી ત્યારે હિંદમાં આવવા તે લાયકાતવાળો ગણાયો. હિંદમાં આવ્યા પછી ટૂંક સમયમાં પવિત્ર શાસ્ત્રનો, તેના અમુક ભાગોનો ગૂજરાતી સુદ્ધાં હિંદની બીજી ઘણી ભાષાઓમાં તરજુમો કરવા તે શક્તિમાન થયો.

ડેવીડ લિવીંગ્સ્ટન સ્કોટલાંડમાં જન્મ્યો હતો. તેનાં માબાપ ગરીબ હતાં. દશ વર્ષની ઉંમરે તેને કાપડની મીલમાં કામ કરવા જવું પડયું હતું, તેથી તે નિશાળનો લાભ લઈ શકયો નહિ પણ જે શાળ પાસે તે કામ કરતો હતો, ત્યાં પોતા પાસે તેણે લાટીન ભાષાનું વ્યાકરણ રાખ્યું હતું. શાળ પર કામ કરતાં એકાદ મિનિટ મળે કે તરત તે વ્યાકરણમાંથી કંઈક વાંચી લેતો. વર્ષો જતાં તે એક મહાન સંશોધક, મિશનરી અને ડોકટર તરીકે આફ્રિકા ગયો. ઘણાં બીમાર લોકોને સાજા કરવામાં અને ગુલામીની પ્રથાનો નાશ કરવા દેવે તેને વાપર્યો.

આપણી પાસે સારી નિશાળો તેમ જ સારા શિક્ષકો છે. આપણી આસપાસ કુદરત છે, આપણી પાસે ઉત્તમ પુસ્તકો છે, અને સૌથી અગત્યનું પુસ્તક બાઈબલ છે;-જૂનો કરાર અને નવો કરાર. આ બધી ઉત્તમ વસ્તુઓનો આપણે પુષ્કળ ઉપયોગ કરીને, પ્રભુ ઈસુની માફક "જ્ઞાનમાં વધતા" જઈએ.

બીજો **શારીરિક વિકાસ કે વૃદ્ધિ,** "ઈસુ...કદમાં...વધતો ગયો." તે શરીરમાં વધ્યો ને મજબૂત બન્યો. સુતારનું કામ કરતાં તે હળ, ઝૂંસરી, ગાડાં, બારીબારણાં વગેરે બનાવતો હતો. તે ઘણું ઉમદા ને પ્રામાણિક કામ કરતો હતો, એને લીધે તેને ત્યાં ઘરાકો આવતા હતા. હાથમાં લીધેલું કામ વખતસર પૂરું કરવા કેટલીક વાર

તેને લાંબો વખત કામ કરવું પડતું. જેમ જેમ તે હથોડી, છીણી, તથા કરવતથી કામ કરતો ગયો તેમ તેમ તે તાકાતવાન ને બળવાન બનતો ગયો. તેનું શરીર કદાવર ને મજબૂત બાંધાનું હતું. આપણા જાણવા પ્રમાણે તે કદી બીમાર પડ્યો નથી. મજબૂત માણસ જ ચાળીસ દિવસનો સતત ઉપવાસ ખેંચી શકે. ઈસુ જે ભગીરથ કામો કરતો, લાંબીલાંબી મજલો ચાલતો, અવિરાંત સેવાઓ કરતો, તે બધું જ કામ મજબૂત શારીરિક બાંધાવાળો જ માણસ કરી શકે. નાઝારેથ ગામમાં ગાળેલાં શાંતિનાં વર્ષો દરમિયાન એણે જે સાદું જીવન ગાળ્યું, અને પુરુષને ઘટે એવી સખત મહેનત કરી, તેને લીધે તે પોતાનું શરીર મજબૂત બનાવી શક્યો. એને પરિણામે એના ત્રણ વર્ષના જાહેર સેવાકાર્ય દરમિયાન તે સખત પરિશ્રમ ને કસોટીઓ સામે ટકી શક્યો. એ ત્રણ વર્ષ દરમિયાન તે ભલું કરતો તથા લોકોને દેવ કેવો છે, તે વિષે જણાવતો ફર્યો.

આપણાં શરીર એ દેવે આપણને સોંપેલી અનામત થાપણ છે. આપણી પવિત્ર ફરજ છે કે આપણે તેની યોગ્ય વૃદ્ધિ કરીએ, તથા તેની સેવાને માટે બની શકે તેવું ઘટિત ને લાયક બનાવીએ. તે કેવી રીતે લાયક ને ઘટિત બને ?

અ. શરીરને બહારથી સ્વચ્છ રાખો. દરરોજ સ્નાન કરો.

બ. શરીરને અંદરથી સ્વચ્છ રાખો. દારૂ કે બીજા કોઈ માદક પીણાંનો કદી સ્પર્શ ન કરો. જેમ ઝેરથી દૂર રહો છો, તેમ તેનાથી દૂર રહો.

બીડી, સીગારેટ પીશો નહિ. તમાકુમાં નિકોટીન અને બીજાં અગિયાર ઝેરી તત્ત્વો છે, બીડી કે સીગારેટ પીવાથી તબિયત સુધરે છે, એવું કહેનાર મને હજુ એક પણ માણસ મળ્યો નથી. બીડી પીવાથી શરીર બગડે છે. એવું કહેનારા મને ઘણા મળ્યા છે. ત્રીસ

અને પીસ્તાળીસ વર્ષની ઉંમરની વચ્ચેના બીડી પીનારાઓનું મરણ પ્રમાણ, બીડી નહિ પીનારાઓના કરતાં બમણું છે. એમ ડૉ. રેમેલ પર્લ કહે છે.

બીડી સીગારેટ પીનારાઓને હું કહું છું, કે એ ટેવ મૂકી દો, જેઓને એ કુટેવ નથી પડી તેમને સલાહ આપું છું, કે તમે કદી બીડી કે સીગારેટ પીશો નહિ. ઈશ્વરે આપણને જે સુંદર શરીર આપ્યું છે, તેને તમાકુના ધુમાડા ફૂંકીને શા માટે કાળું બનાવીએ, અને નુકસાન પહોંચાડીએ ?

ક. તમારું મન શુદ્ધ રાખો. હલકા વિચારો, ભય, ઈર્ષા કે બીજા દુર્ગુણો તમારા મનમાં પ્રવેશ કરે નહિ. માટે તમારા મનમાં સારા ઉદ્દેશોવાળા, અને સુંદર વિચારોથી ભરેલું રાખો. ખોટા વિચારો માનસિક રોગ ઉત્પન્ન કરે છે. ચોખ્ખું, શુદ્ધ મન શરીરની સુખાકારીમાં ઉત્તમ ફાળો આપે છે, જ્યારે સ્વચ્છંદી ઇચ્છા અને સ્વાર્થવૃત્તિ રોગ અને અસ્વસ્થતા લાવે છે.

ड. આરોગ્યના નિયમોનું પાલન કરો. જો મચ્છરનો ઉપદ્રવ હોય તો મચ્છરદાની વાપરો, ને મલેરીઆથી મુક્ત રહો. માખોને તમારા ઘરની આસપાસ થવા ન દો, ખોરાક પર બેસવા ન દો; ચોખ્ખું પાણી પીઓ.

ई નિયમિત કસરત કરો. પૂરી હોંસથી અને નિખાલસ ભાવે રમતો રમો. ફૂટબોલ ને હોકીનાં મેદાનો ક્રિકેટની જગા, અને વોલીબોલ કોર્ટ, જિંદગીરૂપી રમતની તાલીમ માટેની ઉત્તમ જગાઓ છે.

જે વડે આપણે દેવની તેમ જ દેશની સેવા કરી શકીએ એવું ઉત્તમ સાધન તે એક શરીર જ છે. તેથી એ સાધન આપણાથી બને તેટલું સુંદર ને સારું રાખવું જોઈએ.

ત્રીજો **આત્મિક વિકાસ કે વૃદ્ધિ.** "ઈસુ...દેવની... પ્રસન્નતામાં વધતો ગયો." બાર વર્ષનો છોકરો ઈસુ યરુશાલેમના મંદિરમાં જવાનું ચાહતો હતો. જેમ જેમ દિવસો વિતતા ગયા તેમ તેમ તેને ચમત્કારિક રીતે, તે દેવનો દીકરો છે, એવી સમજણ આવી. જેમ તે યહૂદી સભાસ્થાનમાં જતો હતો, તેમ તે સવારે વહેલો ઊઠીને તેના દેવબાપની સંગત માટે એકાંત જગાએ જતો હતો. એ વાત આપણે ખાતરીપૂર્વક માનવી જોઈએ. દિવસ દરમિયાન પણ તે કોડમાં કામ કરતાં અનુક વખત કામ બંધ કરીને, પોતાના બાપની આગળ પોતાનું હૃદર દોરી જતો હતો; અને આ બધા વખતમા દેવ સંબધીનું તેનું જ્ઞાન વધતુ જતું હતું. દેવ સાથે તેનો અજાયબ ધાડ સંબંધ બંધાતો હતો. એક દિવસ તેણે પોતાનાં સુથારી કામનાં ઓજારો મૂકી દીધાં, ને યરદન નદીએ ગયો, ત્યાં તેના પર દેવનો આત્મા ઊતર્યો, અને "આ મારો વહાલો દીકરો છે, એનામાં હું પ્રસન્ન છું." એવી આકાશવાણી થઈ.

દેવની મુલાકાત કરી તેની ઇચ્છા પૂરી કરવી, એ જ ઈસુનો સર્વોત્તમ આનંદ હતો. તે જ્ઞાનમાં ને કદમાં વધ્યો, પણ તે સાથે આત્મામાં વધવું ને મજબૂત થવું, એ જ મુખ્ય બાબત છે, એવું તે ખાસ સમજતો હતો. એ આત્મિક બળ તેણે એના સ્વર્ગીય દેવ-બાપની સંગત દ્વારા મેળવ્યું હતું.

જો આપણે દેવની પ્રસન્નતામાં વધવું હોય, અને આત્મામાં બળવાન અને મજબૂત બનવું હોય, તો આપણે આપણા બાપની સંગત માટે પ્રાર્થનાનો અમુક વખત ઠરાવવો જોઈએ. આપણે કોઈ ઓરડીમાં, દેવળમાં, કોઈ ખૂણામાં કે ખેતરમાં જવું જોઈએ, જ્યાં આપણને દેવની સમક્ષતાનો અનુભવ થાય, આપણે તેની સાથે વાત કરી શકીએ; અને તેનું સાંભળી શકીએ એવા સ્થાને જવું જોઈએ. પ્રાર્થના એટલે દેવ પાસે અમુક બાબતોની માગણી કરવી

એમ નહિ, પણ દેવની સાથે સંગત મેળવી તેનું પરાક્રમ આપણામાં આવે, એ જ એનો ખરો અર્થ છે.

એક પાદરી સાહેબ હંમેશાં એક ખેડૂતને દેવળમાં જતા, અને જાણે દેવની સાથે વાતચીત કરતો હોય, એમ ઘૂંટણે પડીને પ્રાર્થના કરતો જોતા હતા. એક દિવસ પાદરી સાહેબે ખેડૂતને પૂછ્યું, "તમે દેવને શું કહો છો ?" ખેડૂતે ઉત્તર આપ્યો, "અરે ! તે મારી સામે જુએ છે, ને હું એની સામે જોયા કરું છું."

એ જ આત્મિક જીવનમાં વૃદ્ધિ કરવાનું રહસ્ય છે. એના સિવાય બીજો કોઈ માર્ગ નથી. જો આપણે દેવની પ્રસન્નતામાં વધવું હોય, અને તેના જેવા થવું હોય, તો આપણે તેની મુલાકાતનો ચોક્કસ સમય ઠરાવવો જોઈએ. દેવની મુલાકાત કરવાનો, એનો પ્રકાશ આપણા મુખ પર પડવા દેવાનો અને એના પ્રેમને આપણાં અંતઃકરણોમાં વસવા દેવાનો સારામાં સારો સમય તે મળસકનો છે. આખો દિવસ રમતા હોઈએ, કે કામમાં હોઈએ તોપણ આપણે દેવના પ્રેમમાં અને તેના આત્મામાં પોતાને ટકાવી રાખીએ. આ જીવનવહેવારમાં ઘણીવાર ટ્રેન મોડી હોય, કે મળવા આવનાર વ્યક્તિ મોડી આવે તો તેની રાહ જોવી પડે છે. આપણે એવા વિલંબનો વખત પ્રાર્થનામાં ગાળીએ. એથી આપણને અકળામણ થશે નહિ, ને પોતાને વત્તાં સારાં ને દઢ બનાવી દેવની પ્રસન્નતામાં વધીશું.

ચોથો **સામાજિક વિકાસ કે વૃદ્ધિ.** "ઈસુ...માણસોની પ્રસન્નતામાં વધતો ગયો." તે દેવનો માનીતો હતો એટલું જ નહિ, પણ તે માણસોનો માનીતો હતો. માણસો અમુક વ્યક્તિ પર કેમ પ્રેમ કરે છે ? આ પ્રશ્નનો જવાબ આ છે, કે બીજી બાબતો કરતાં આનંદથી બીજાઓને મદદરૂપ થવાનો જે આત્મા તેનામાં જણાય છે, તેથી તે બીજાઓના પ્રેમનું પાત્ર ઠરે છે. ઈસુ સેવાભાવી હતો, અને આનંદથી ભરપૂર હતો. જ્યારે તે નાનો છોકરો હતો, ત્યારે

તેની માને, બહેનોને, ભાઈઓને અને પડોશીઓને મદદરૂપ હતો. નાનાં નાનાં છોકરાં હર્ષથી ને પ્રેમથી તેની કોડમાં આવતાં હતાં, અને ઈસુ તેમને જમીન પર પડેલો છોલ લેવા દેતો, તેમ જ નવરાશના વખતમાં તેમને રમકડાં બનાવી આપતો હતો. કોઈવાર તે બધાંને પોતાની આસપાસ બેસાડી રમૂજી વાર્તાઓ પણ કહેતો હતો, અને હસાવતો હતો એમ પણ હું માનું છું. આપણે જાણીએ છીએ, કે મોટા થયા પછી તે હંમેશાં માંદાઓની, ભૂખ્યાઓની, અને તંગીમાં આવેલાઓની મદદ કરતો, અને આ લોકો તેના પર પ્રેમ રાખતા હતા.

જૂના કરારમાં એક રાજા વિષે આપણે જુદી જ જાતનું વર્ણન વાંચીએ છીએ. તે યહૂદાહનો રાજા હતો, તેનું નામ યહોરામ હતું; તે ચાળીસ વર્ષની ઉંમરે મરણ પામ્યો. એના સંબંધમાં પવિત્ર શાસ્ત્રમાં એક ભયંકર વાક્ય લખવામાં આવ્યું છે. "તે લોકોને અકારો થઈ પડ્યો હતો." લોકો તેનાથી કંટાળી ગયા હતા. તે એકતાળીસ વર્ષ જીવે એવું કોઈ ઇચ્છતું નહોતું. તેણે સ્વાર્થી, ક્રૂર ને વ્યર્થ જિંદગી ગાળી હતી. તેના મરણ વખતે કોઈએ શોક કર્યો નથી.

જો લોકો આપણને ચાહે એવું આપણે ઇચ્છતાં હોઈએ, તો આપણે બીજાને મદદરૂપ થવામાં આગળ વધવું જોઈએ; સેવાભાવમાં વધવું જોઈએ. દેવ આપણા પ્રત્યે બહુ જ કૃપાળુ રહ્યો છે, અને આપણે પણ બીજાઓ પ્રત્યે કૃપાળુ રહેવું જોઈએ. પ્રભુ ગરીબોને તું આશીર્વાદ આપ, એવી પ્રાર્થના આપણે કર્યા કરીએ, પણ આપણે પોતે એવાંઓની કંઈજ મદદ ન કરીએ, તો આપણે ઈસુના જેવાં બનતાં નથી. તે પરોઢીએ ઊઠીને પ્રાર્થના કરતો, અને પછી આખો દિવસ લોકોને મદદ કરવામાં ગાળતો. પ્રથમ દેવનું દર્શન, પછી તંગીમાં આવેલી દુનિયાને મદદ કરવા માટે બહાર જવાનું. બંને બાબતો એકબીજી સાથે સંબંધ ધરાવે છે, એક સિવાય બીજી અપૂર્ણ છે.

ગ્રીસમાં ખ્રિસ્તીઓ બે સંતો પ્રત્યે ખાસ ભાવ બતાવે છે.–સંત કાસીયન અને સંત નીકોલસ. કાસીઅન એ અંગત ભક્તિભાવનો નમૂનો છે. એણે પોતાના આત્માની અને પોતાના તારણની ખૂબ દરકાર ને ચિંતા રાખી. તે દિવસમાં છ ભજનસેવામાં હાજરી આપતો. તે ઉપવાસ કરતો, અને પોતાના શરીરને કોરડા મારતો. નીકોલસ બીજા પ્રકારના જીવનનો નમૂનો છે. એણે એનું જીવન સેવા કરવામાંજ ગાળ્યું. ખ્રિસ્તની ખાતર તેણે ગરીબોની મદદ કરી, માંદાઓની સારવાર કરી, દબાયેલાંઓની હિમાયત કરી, અને નાનાં બાળકો પર પ્રેમ કર્યો.

દંતકથા કહે છે, કે કાસીઅન સ્વર્ગમાં દાખલ થયો, ત્યારે પ્રભુએ તેને પૂછયું, "કાસીઅન, તું અહીં આવતો હતો, ત્યારે રસ્તામાં તેં શું જોયું ?"

કાસીઅન—"પ્રભુ, મેં એક ગાડાવાળાને જોયો, એનું ગાડું કાદવમાં ખૂંચી ગયું હતું, તે તેને બહાર કાઢવા મહેનત કરતો હતો."

"તેં એને જરાય મદદ કરી નહિ ?"

"ના, પ્રભુ, હું તારી હાજરીમાં આવતો હતો, અને મારો સફેદ ઝભ્ભો ખરડાય એવી મારી ઇચ્છા નહોતી."

એ પછી નીકોલસ અંદર આવ્યો, તેનાં કપડાં કાદવવાળાં ને ખરડાયેલાં હતાં.

"નીકોલસ, તારાં કપડાં આવાં ગંદાં ને ખરડાયેલાં કેમ છે ?" પ્રભુએ પૂછયું.

"મેં એક ગાડાવાળાને જોયો, તેનું ગાડું કાદવમાં ખૂંચી ગયું હતું, તે બહાર કાઢવા મહેનત કરતો હતો; હું તેની પાસે ગયો, ને પૈડાંને ખભા વડે જોર આપીને ગાડાને કાદવમાંથી બહાર કાઢી આપ્યું.

તેથી મારાં કપડાં આવાં કાદવવાળાં ખરડાયેલાં છે." નીકોલસે જવાબ આપ્યો.

પ્રભુએ કહ્યું, "નીકોલસ, તેં બહુ જ ઉત્તમ કામ કર્યું છે. કાસીઅન, તેં તારો ઝભ્ભો સાચવી રાખવા માટે બહુજ કાળજી રાખી, તેથી તારા માન માટે વરસમાં એક દિવસ નક્કી કરવામાં આવ્યો છે."

"નીકોલસ, તેં તારા ભાઈના ગાડાને કાદવમાંથી બહાર કાઢવા મદદ આપી છે, તેથી તારા માન માટે વરસમાં ચાર દિવસ નક્કી કરવામાં આવ્યા છે."

આપણે પ્રભુનાં ગરીબ અને નિરાધાર બાળકોને રોગ, વહેમ, અને પાપના કાદવકીચડમાંથી બહાર ખેંચી લાવીએ, એને માટે જ પ્રભુએ આ જગતમાં આપણને મોકલ્યાં છે.

પ્રભુ ઈસુએ પોતાના જીવન મારફતે આપણી સમક્ષ માનસિક, શારીરિક, આત્મિક અને સામાજિક વિકાસ કે વૃદ્ધિનો સંપૂર્ણ નમૂનો મૂકયો છે. કેવી રીતે આગળ વધવું તે આ નમૂના પરથી આપણે જાણી શકીએ છીએ, છતાં પણ એ પૂરતો નથી. આપણા પોતા પર આધાર રાખીને આપણે ઈસુનું અનુકરણ કરી શકતાં નથી. પ્રભુ ઈસુ ફક્ત આપણે માટે એકલો નમૂનો જ નથી, પણ તે આપણો જીવતો પ્રભુ છે. જેમ તે વધ્યો, તેમ આપણને વધવા માટે શક્તિ આપે છે. આપણે એ શક્તિ મેળવીએ એવું તે ઇચ્છે છે. જો આપણે આપણાં જીવનો પ્રભુ ઈસુને અર્પી દઈએ. અને એની નીકટની સંગતમાં જીવન ગાળીએ, તો ખ્રિસ્તી જીવનનો ચોગણો વિકાસ આપણે કરી શકીશું; ને આપણે જ્ઞાનમાં, કદમાં, દેવની અને માણસોની પ્રસન્નતામાં આગળ ને આગળ વધતાં જઈશું, અને એમ પ્રૌઢ પુરુષત્વમાં, એટલે ખ્રિસ્તની સંપૂર્ણતાની પાયરીએ પહોંચી જઈશું (એફેસી. ૪ : ૧૦)

---

# ભરપૂર જીવન

"તેઓને જીવન મળે, ને તે પુષ્કળ મળે, માટે હું આવ્યો છું" (યોહાન ૧૦ : ૧૦).

વિખ્યાત "લંડન ટાવર"ની તમે મુલાકાત લો તો ત્યાં શાહી ઝવેરાત તમારા જોવામાં આવશે. આ ઝવેરાત, ઇંગ્લાંડના રાજાની માલિકીનાં મૂલ્યવાન રત્ન ને હીરાઓનો સંગ્રહ છે. આવો વિપુલ સંગ્રહ એકી સાથે ને એક જ સ્થળે જોવો તે ખરેખર હેરત પમાડે તેવું દૃશ્ય છે.

જો તમે પ્રેરિત યોહાનની આખી સુવાર્તા વાંચી જાઓ, ને તેમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તનો અંગીકાર કરનારાઓને ઈશ્વર તરફથી જે અગણિત આશીર્વાદ આપવા બાબતનું અભયવચન આપવામાં આવ્યું છે, તે સર્વ આશીર્વાદની નોંધ કરો, તો તમે પણ જાણે કે એક અજાયબ જેવા ખજાનાની આગળ ઊભા હો તેવો ભાસ થશે! પણ આ આશીર્વાદરૂપી ખજાનાઓ સંબંધી જે ખાસ મહત્વની બાબત તે એ કે તેઓ આપણી માલિકીના થઈ શકે છે. શાહી ઝવેરાત કદી આપણું થઈ શકે નહિ તે તો કાચ અને પોલાદના મજબૂત સળીઆઓથી સુરક્ષિત છે; પરંતુ રાજાઓનો રાજા જે આશીર્વાદ તેના પ્રિય પુત્ર ઈસુ ખ્રિસ્તદ્વારા આપણને બક્ષે છે તે સર્વ આશીર્વાદ આપણા પોતાના થઈ શકે છે.

યોહાનની સુવાર્તામાં નિર્દેશ કરેલા આશીર્વાદોમાંના થોડાકનો આપણે વિચાર કરીએ; પાપનું હરણ, ઈશ્વરના દીકરા થવાનો હક્ક, ઈશ્વરવિષયક જ્ઞાન, ખ્રિસ્તની મૈત્રી, પવિત્ર આત્માનું શિક્ષણ ને માર્ગદર્શન, આનંદ, શાંતિ ને જગત પર વિજય, બાપના સ્વર્ગીય સદનમાં રહેવાનાં ઘણાં ઠેકાણાં અને તે ઉપરાંત બીજા અનેક આશીર્વાદ

છે. પણ જેનો વારંવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે, ને જેના પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે તે આશીર્વાદ તો "જીવન" છે.

માણસોને જીવન મળે, માટે પ્રભુ ઈસુ આ દુનિયામાં આવ્યો, ને મનુષ્યો જાણે કે પ્રભુ ઈસુમાં જીવન છે, ને તે જીવન તેઓ મેળવી શકે છે એ જ યોહાનની સુવાર્તા લખવાનો હેતુ હતો.

I. પ્રભુ ઈસુ આપણને જે જીવન આપે છે તે સંબંધી સૌથી પ્રથમ વાત આપણે એ શીખીએ છીએ કે **એ જીવનની સર્વને સરખી જરૂર છે.** જેઓ પ્રભુ ઈસુને ઓળખતાં નથી તેઓ હજી પોતાનાં પાપમાં મૂએલાં છે. ફરોશી નામનો યહૂદીઓનો એક સંપ્રદાય હતો. આ ફરોશીઓ જીવન માટે ઈસુ પાસે આવવા ચહાતા નહોતા, ને તેથી ઈસુએ તેઓને આ પ્રમાણે કહેવું પડયું કે "તમે તમારાં પાપમાં મરશો." એફેસસ ને કલોસેની મંડળીના ખ્રિસ્તીઓને સંબોધીને પ્રેરિત પાઊલ કહે છે કે જ્યારે તમે ખ્રિસ્ત રહિત હતા ત્યારે તમે તમારાં પાપમાં મરેલા હતા.

સૂકાઈને નિષ્પ્રાણ થયેલું એક ઝાડ મારા જોવામાં આવ્યું. તેનાં પાંદડાં બધાં ખરી પડયાં હતાં. તે ઉજ્જડખંખ ને બળતણના કામ સિવાય તદ્દન નિરૂપયોગી હતું. તે શાથી સૂકાઈ ગયું હતું તેની તપાસ કરતાં મને જણાયું કે એક નાના સરખા કીડાએ વૃક્ષના મર્મ-સ્થાનને કોરી ખાધું હતુ, ને એ રીતે ઝાડનો અંત આણ્યો હતો.

પાપ પણ એ જ પરિણામ લાવે છે. તે માણસની આત્મિક જિંદગીનો વિનાશ કરે છે, ને તેને પેલા વૃક્ષની પેઠે સૂકવી નાખીને નિર્જીવ કરી મૂકે છે. જો તમારા જીવનમાં પાપે પ્રવેશ-પગરણ કર્યું હશે, અને કદાપિ પેલા વિનાશક કીડા જેવું તમારા મર્મસ્થાનને કોરી ખાતું તે નાનકડું પાપ હશે તો તો આત્મિક રીતે તમે પણ મરેલા છો. તમે કોઈ સાથે છેતરપિંડી કરી હોય, કોઈ પર અત્યાચાર ગુજાર્યો

હોય, તમારી કલ્પનામાં અશુદ્ધ વિચાર નિરંકુશ વિહાર કરતા હોય, તો નિશંક જાણજો કે તમે પણ મરેલા છો. તમે જીવંત હો તેમ કદાચ લાગે, તમારા હાથપગ હલનચલન કરતા હોય, તમારી જીભ હાલતી હોય, ને ચક્ષુઓ પલકારા મારતી હોય, પણ તેથી કંઈ તમારો આત્મા જીવંત છે એમ સાબિત થતું નથી. સાર્દિસની મંડળીને ઈશ્વરે કહ્યું, "તારાં કામ હું જાણું છું કે નામે તું જીવે છે, પણ તું મૂએલી છે." બાહ્ય રીતે આપણે જીવતા, ચેતનવંતા જણાઈએ, પણ ઈશ્વર અભ્યંતરમાં દૃષ્ટિપાત નાખે છે, ને જો તે પથ્થરવંત્ કે અપશ્ચાત્તાપી હોય તો તે કહે છે કે "તમે મરેલા છો" ઉડાઉ દીકરો બાપનું ઘર ત્યજીને દૂર પરદેશમાં ગયો ત્યારે તે પણ એક રીતે મૃતપ્રાય સ્થિતિમાં જ હતો. જે આત્મા પાપે કરીને ઈશ્વરપિતાથી વિમુખ થાય છે તે મરેલો જ છે.

મૃતદેહને સજીવન કરવાનો પ્રયત્ન કરવો એ કેવું નિરાશાજનક ને નિરર્થક કાર્ય છે તે આપણે બધા જાણીએ છીએ. મરણને અટકાવવા દાક્તરો પોતાથી બનતું બધું કરી છૂટે છે. પણ એકવાર મોત નિપજ્યું, જીવનલીલા સંકેલાઈ ગઈ, ને દેહમાંથી પ્રાણપંખેરૂં ઊડી ગયું કે તેઓ પોતાની લાચારી ને હાર કબૂલ કરે છે. માણસો જીવન બક્ષી શકતા નથી. કદાચ કોઈ શબના હોઠ રંગે અને રક્તવાહિનીઓમાં રસાયણીક પદાર્થ દાખલ કરે, ને એક ક્ષણ માટે જીવ હોય તેવો ભાસ ઉત્પન્ન કરે, પણ તે શરીરને ચેતનવંતુ કરી શકતો નથી. માત્ર ઈશ્વર જ આ કરી શકે.

જો આપણે આત્મિક રીતે મરેલા હોઈએ, તો આપણે પોતાને જીવંત કરી શકવાના નથી. ધર્મના ઓછાયા તળે કે ધાર્મિકપણાનો સ્વાંગ ધારણ કરવાથી જીવંત થઈ શકાતું નથી. કેટલાક સારા ને સ્તુત્ય ઠરાવો કરવાથી કે હૃદયમાં દાખલ કર્યેથી આપણામાં જીવન પ્રવેશી શકશે તેમ માનવું તે ભ્રમ છે. આપણે પોતે પોતાને સજીવન કરી

શકતા નથી, પણ ખ્રિસ્ત તે કરી શકે છે. જો આપણે તેને આમંત્રણ આપીએ તો તે આવીને આપણાં અંત:કરણોમાં વસશે, ને આપણને જીવતા કરશે. જે જીવન ખ્રિસ્ત આપે છે તેની સર્વને એકસરખી જરૂર છે, ને તે વ્યક્તિમાત્રને આ જીવન આપવા તૈયાર ને શક્તિમાન છે. તેની પાસે કોઈ કેસ કે કોયડો નિરાશાજનક નથી. તેનું વચન છે કે– "તેઓને જીવન મળે, ને તે પુષ્કળ મળે, માટે હું આવ્યો છું."

II. બીજું આપણે એ શીખીએ છીએ કે જે જીવન ઈસુ બક્ષે છે તે **ભરપૂર જીવન છે.**

વરસાદ વરસે તે અગાઉ ઘણાં ઢોર કેવાં દુબળાં ને ક્ષીણકાય દેખાય છે? તેઓ જાણે હાડપિંજરનું માળખું હોય તેવાં દેખાય છે, તે વખતે તેમનાં હાડકાં પણ ગણી શકાય છે! તેઓ ધીમે ધીમે ચાલે છે. જીવન તો જરૂર છે. પણ જેને આપણે ઊભરાતું, છલકાતું જીવન કહીએ તેનો અભાવ છે. આ દુ:ખદ સ્થિતિનું શું કારણ હશે? ભૂખમરો. ખાવા માટે ઘાસચારો નથી તે જ. પણ પછી ચોમાસું બેસે છે, વરસાદ પડે છે, ને બધે લીલુંછમ ઘાસ ઊગી નીકળે છે, અને આ ઢોરઢાંકને પુષ્કળ ખોરાક મળે છે. થોડી જ વારમાં આ ઢોરોમાં ભારે પરિવર્તન દેખાય છે. ને તેઓ માતેલાં, મજબૂત હષ્ટપુષ્ટ ને તાજગી ભરેલાં થાય છે.

જેવી સ્થિતિ વરસાદ પહેલાં પેલાં ઢોરની હોય છે, તેવી જ ઘણાં માણસોની આત્મિક ને નૈતિક સ્થિતિ પણ હોય છે; તેથી મરવાની આળસે જાણે તેઓ જીવતાં હોય તેવાં દુર્બળ અને ચીઢીયાં દેખાય છે; તેઓ ઠોકર ખાય છે ને પરીક્ષણને વશ થાય છે. ઘણી વાર તેઓ ઉદાસ ને નિરાશાવાદી બની જાય છે. શું કારણ? ભૂખમરો. પ્રભુ ઈસુ જે જીવતું પાણી તેને તેઓ પીતા નથી; પ્રભુ ઈસુ જે જીવતી રોટલી તેને તેઓ આરોગતા નથી. તેઓ તેનામાં રહેતાં નથી, અને તેથી તેમનાં જીવનો નબળાં ને ખ્રિસ્તી નામને કલંકરૂપ બને છે. પ્રભુ

ઈસુ પોતે કહે છે કે "મારાથી નિરાળા રહીને તમે કંઈ કરી શકતા નથી."

આવા માણસો કેવા મૂર્ખ કહેવાય! ખ્રિસ્ત તેમને ઉત્સાહી, ઉલ્લાસી, ઊભરાતું ને જયવંત જીવન આપવા ચાહે છે! ખ્રિસ્ત એવું ઈચ્છે છે કે તેઓ–આત્મિક લક્ષાધિપતિની પેઠે હરે ફરે પણ તેને બદલે તેઓ મુફલિસની પેઠે રહેવા માગે છે!

એકવાર છાપામાં એક સુથાર કુટુંબ વિષે મારા વાંચવામાં આવ્યું. આ સુથાર દંપતી સાથે તેમની એક પુત્રી પણ રહેતી હતી. છોકરીનાં માબાપ ભારે ખંતીલાં ને મહેનતુ હોવા ઉપરાંત કરકસરથી પોતાના ઘરનો કારભાર ચલાવતાં હતાં. મા અને બાપ બંને લગભગ થોડે થોડે અંતરે મરણ પામ્યાં, ને વિશાળ જગતમાં પેલી છોકરી એકલી પડી. પાસે કંઈ જીવનનિર્વાહનું સાધન નહોતું, ને તેથી લગભગ ૨૫ વર્ષ સુધી કચેરીઓમાં સવારે ઝાડુ કાઢીને, ને સાંજે ફૂલો વેચીને તેણે પોતાનું ગુજરાન ચલાવ્યું.

પરંતુ જેમ જેમ વૃદ્ધાવસ્થા આવતી ગઈ તેમ તેમ જીવન-નિર્વાહના તેને સાંસા પડવા લાગ્યા, ને તે ભારે દરિદ્રતામાં આવી પડી. મંડળીના લોકો તેને અવારનવાર મદદ આપતા. એક દિવસ પાદરી સાહેબે તેને પૂછ્યું કે બહેન, તારે કોઈ મિત્રો છે? કે વારસા બાબતના દસ્તાવેજો વગેરે છે? બાઈએ જવાબ આપ્યો કે મારી પાસે એક જૂની પતરાંની પેટી જે મારા બાપે મરતી વખતે મને સુપ્રત કરી હતી તે સિવાય મારી પાસે બીજું કાંઈ જ નથી. પિતાના અવસાન સમયે પેટીનું તાળું વાસેલું હતું, ને મારી પાસે ચાવી નહિ હોવાથી મેં તેને આજ સુધી ઉઘાડી નથી. ધર્મસેવકે તે પેટી તરત જ ખોલાવી તો તેની અંદરથી ૨૦,૦૦૦ પૌંડ (રૂ. ૨,૬૦,૦૦૦)ની કિંમતની નોટો મળી આવી.

કોઇ કહેશે કે કેવી મૂર્ખ સ્ત્રી! છતે પૈસે ને ધનવાન થવાનું હાથવેંતમાં હોવા છતાં લગભગ પા સદી સુધી ગરીબાઈમાં સબડયા કરી! પરંતુ આ સ્ત્રીને પણ ટપી જાય તેવાં અસંખ્ય સ્ત્રીપુરૂષો છે, જેઓ આત્મિક રીતે ગરીબ ને ભૂખ્યાં રહે છે, જ્યારે તે બધો વખત તેઓ સમૃદ્ધ જીવનનો સુખાનુભવ કરે એવું ખ્રિસ્ત ઇચ્છતો હોય છે.

III. ખ્રિસ્ત જે જીવન બક્ષે છે તે સંબંધી ત્રીજી મહત્વની બાબત એ છે કે **જે પળથી આપણે ખ્રિસ્તનો અંગીકાર કરીએ છીએ તે જ પળથી આ જીવનની શરૂઆત થાય છે.** પવિત્ર શાસ્ત્રનું વચન આ પ્રમાણે છેઃ "જે કોઈ દીકરા પર વિશ્વાસ કરે છે તેને અનંતજીવન છે. ત્યાં અનંતજીવન 'મળશે" એમ કહ્યું નથી પણ અનંતજીવન "છે."

ભવિષ્યમાં હું તમારે માટે આમ કરીશ ને તેમ કરીશ એવાં વચન આપનારનો દુનિયામાં તોટો નથી, પણ તેમના વચનનું પાલન ઘણીવાર ભાવિ પર અવલંબે છે.

શેતાનનાં વચનો આજ પ્રકારનાં હોય છે. તમને યાદ હશે કે તેણે ખ્રિસ્તને જગતનાં રાજ્યો દેખાડીને કહ્યું કે "જો તું પગે પડીને મારું ભજન કરે તો આ સઘળાં હું તને આપીશ." શેતાનના સર્વ વચનો ભવિષ્ય માટે છે. તેનો શબ્દ "આવતી કાલ" છે, જ્યારે ઈશ્વરનો શબ્દ "આજ" છે.

એક વખતે જ્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્ત રસ્તે થઈને જતો હતો ત્યારે તેણે જાખી નામના એક ઠીંગણા ને દ્રવ્યલોભી દાણીને ઝાડની ડાળી પર બેઠેલો જોયો. ઇસુએ તેને કહ્યું, "જાખી, તું ઉતાવળે નીચે ઊતર, કારણ કે "આજ" હું તારે ત્યાં પરોણો રહેવાનો છું." ઇસુ તેને ઘેર ગયો. જાખીએ પોતાના અંતઃકરણમાં ઇસુનો સ્વીકાર કર્યો, ને ઈસુએ કહ્યું, "આજ આ ઘેર તારણ આવ્યું છે."

પ્રભુ ઈસુના પ્રેરિત પીતરને એક વખતે એક એનિયસ નામના આઠ વર્ષથી પક્ષઘાતથી પીડાતા પુરુષનો ભેટો થયો. પીતરે તેને કહ્યું, "એનિયસ, ઈસુ ખ્રિસ્ત તને સાજો કરે છે; ઊઠ, ને તારું બિછાનું પાથર." ને તે તત્કાળ ઊભો થયો. જે ક્ષણે આપણે ખ્રિસ્તનો સ્વીકાર કરીએ છીએ તે જ પળથી આપણને જીવન પ્રાપ્ત થાય છે. આપણે સ્વર્ગમાં પહોંચીએ, કે લક્ષચોર્યાસી અવતારના ફેરા ફરીએ ત્યાં સુધી થોભવાની કંઈ જરૂર નથી. આ જીવનની શરૂઆત હાં ને હમણાં જ થાય છે. ઈસુ કહે છે, "જે મારાં વચન સાંભળે છે, ને મારા મોકલનાર પર વિશ્વાસ કરે છે તેને અનંતજીવન છે, ને તે અપરાધી નહિ ઠરશે, પણ મરણમાંથી નીકળીને જીવનમાં આવ્યો છે" (યોહાન ૫ : ૨૪)

IV. ઈસુ જે જીવન આપે છે **તે સાર્વકાળિક છે.** શારીરિક મરણ સાથે તેનો અંત નથી. **તે તો અનંત, અપરિમિત જીવન છે.**

મારથા તેના ભાઈ લાજરસના અવસાન બદલ ખેદ કરતી હતી ત્યારે ઈસુએ તેને કહ્યું કે "પુનરુત્થાન તથા જીવન હું છું; જે મારા પર વિશ્વાસ કરે છે તે જોકે મરી જાય તોપણ જીવતો થશે, અને જે કોઈ જીવતાં મારા પર વિશ્વાસ કરે છે તે કદી નહિ જ મરશે." અહા! અદ્‌ભુત-આશાની કેવી ચીણગારી તારનાર આપણામાં પ્રજ્વલિત કરે છે.

જર્મન તત્ત્વવેત્તા હેઈન આ પ્રમાણે બોલ્યો, "અંતે આપણ સર્વે એક જ ગરીબ ધર્મશાળાએ આવી પહોંચીએ છીએ, જેનું દ્વાર કોદાળી વડે ઉઘાડાય છે." પરંતુ એક ખ્રિસ્તી લેખકે આનો પ્રત્યુત્તર વાળતાં કહ્યું કે "ખરી વાત, પણ એ દ્વારની પેલી પાર એક બીજું દ્વાર છે, જે જીવનનું દ્વાર યાને અનંતજીવન એવા નામથી ઓળખાય

છે, અને એ દ્વાર તો જેના હાથમાં ખીલાના વેહ છે એવા એક સમર્થ હાથે ઉઘાડયું છે."

ખ્રિસ્તી માણસ માટે મૃત્યુ એ કંઈ છેવટનો અંત નથી, પણ એક દ્વાર છે, જેની મારફતે આપણે ઈશ્વર અને તેના સહવાસમાં રહેનાર તેના સેવકોની પ્રત્યક્ષ હાજરીમાં વધારે સમૃદ્ધિ, વધારે આનંદી, વધુ સારા ને ઉત્કૃષ્ટ જીવન તરફ જઈ શકીએ છીએ.

આ પ્રકારનું જ્ઞાન ખ્રિસ્તી માણસની મોતની બીક ફગાવી દે છે.

સ્તેફન નામના ખ્રિસ્તના એક અનુયાયીના દુશ્મનો જ્યારે તેને પથ્થરે મારતા હતા ત્યારે તેનો ચહેરો પ્રેમ અને માફીથી ઝળહળી ઊઠયો, ને તે બોલી ઊઠયો, "જુઓ, આકાશ ઊઘડેલું તથા દેવને જમણે હાથે માણસના દીકરાને ઊભેલો જોઉં છું. પોતાના વિશ્વાસુ સેવકનો સ્વીકાર કરવા ઈસુ રાહ જોઈને ઊભો હતો.

મહાન પ્રસિદ્ધ ઉપદેશક ડી. એલ. મુડી મરણપથારીએ પડયા હતા; છેલ્લો શ્વાસ ચાલતો હતો; તેનાં પ્રિય ને આપ્તજનો ગંભીર ને ચિંતાતુર વદને તેમને ઘેરીને ઊભાં હતાં, ત્યારે તેમણે તેમને આ પ્રમાણે કહ્યું, "પૃથ્વી અદૃશ્ય થતી જાય છે; સ્વર્ગ મને નિમંત્રે છે, મારે જવું જોઈએ." પોતાના હોઠ પર આ વિજયવંત શબ્દો વડે એક ગૌરવી ને મહિમાવાન પ્રદેશમાં તેઓ વિલીન થઈ ગયા.

જે જીવન બક્ષવા ઈસુ આ અવની પર આવ્યો તે જીવન તમને પ્રાપ્ત થયું છે? અનંત અને અપરિમિત? કેવળ ઈસુ એકલો જ આ જીવન આપી શકે છે. હાં ને અત્યારે જ તે આપે છે. કેટલાક લોકોને તેને ભારે હૈયે આ પ્રમાણે કહેવું પડયું, "તમને જીવન મળે માટે તમે મારી પાસે આવવા ચ્હાતા નથી." ખ્રિસ્તથી અલગ કે અલિપ્ત રહીને આ જીવન પ્રાપ્ત કરાતું નથી. આપણી આગળ એ

સ્પષ્ટ માર્ગ છે. એક જીવનનો ને બીજો મર્ત્ય કે વિનાશનો. દીકરા પર જે વિશ્વાસ કરે છે તેને અનંતજીવન છે; પણ દીકરાનું જે નથી માનતો તે જીવન નહિ દેખશે.

કેટલાંક શહેરો જ્યાં પાણીની ભારે તંગી હોય છે, ત્યાં ભીસ્તી લોકો પોળોમાં જઈને શહેરીઓને પાણી વેચાતું પૂરું પાડે છે. તેઓ પોળમાં બૂમો પાડે છે "એક પૈસામાં પીવાનું પાણી, એક પૈસામાં પીવાનું પાણી." કોઇ વખત એકાદ ઉદાર ને સુખી ગૃહસ્થ આખી મશક ખરીદી લે છે, ને પછી પેલા ભિસ્તીને તે મફત આપવાનો આદેશ કરે છે, ને પછી ફરી પોળમાં ફરતાં ફરતાં પેલા ભીસ્તીની બૂમ જુદા જ પ્રકારની હોય છે; "પીવાનું પાણી મફત; મફત પાણી; કોઈ મફત લો."

ઈશ્વરનો સંદેશો આપણને પણ એ જ છે. પ્રભુ ઇસુ ખ્રિસ્તે પોતાનું પ્રાણાર્પણ કર્યું, એ માટે કે મને ને તમને મફત જીવનનું પાણી મળે; તેની મધુર વાણીને કાન ધરો. "પાણી, જીવતું પાણી, મફત લો, કોઈ મફત લો." અત્યારે જ તમે તે લો માટે ઈશ્વર તમારી સહાય કરો.

---

# મૂર્ખ શ્રીમંત

"ઓ મૂર્ખ, આજ રાત્રે તારો જીવ તારી પાસેથી માગી લેવામાં આવે છે" (લુક ૧૨ : ૨૦).

દુનિયામાં કેટલા બધા ઝઘડા મિલકતને અંગે થાય છે! જ્યારે કોઈ માણસ મૃત્યુ પામે છે, ત્યારે હજી તો તેના શબને દફનાવ્યું પણ ન હોય તે પહેલાં મરનારનાં સગાંવહાલાં મિલકતના તેમના હિસ્સા બાબત ઝઘડવા માંડે છે, પુત્રપરિવાર અને બીજાં સગાંસ્નેહીઓ જે દેશદેશાંતરમાં વસતા હોય, તે ત્યાંથી ચાલી નીકળે છે, ને પોતાનો હક્ક દાવો રજૂ કરે છે. પરિણામે ઘણીવાર તેમના દાવાઓની પતાવટમાં કાયમી કલેશ ને કડવાશ ઉદ્ભવે છે.

પણ આ બાબતમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તના દેહધારીપણાના દિવસોથી માંડીને આજ સુધી કંઈ ઝાઝો ફેર પડયો નથી. એક દિવસ એક માણસ પ્રભુ ઈસુ પાસે આવીને તેને કહેવા લાગ્યો, "ગુરુ, મારા ભાઇને કહે કે તે વારસાનો ભાગ મને આપે." ઈસુએ તેને ઉત્તર આપ્યો. "અરે ભાઈ, મને તમારા પર ન્યાયાધીશ કે વહેંચી આપનાર કોણે ઠરાવ્યો છે"?

પછી પોતાની રીત મુજબ, ઈસુ આ એક નાના બનાવ પરથી એક મહત્વનું નૈતિક અને આધ્યાત્મિક સત્ય શિખવવા તરફ વળે છે. પોતાનાં શ્રોતાજનોને દ્રવ્યલોભ વિરૂદ્ધ ચેતવણીનો સૂર ફૂંકતા તે કહે છે કે માણસની જિંદગી તેની સાંસારિક માલમિલકતની વિપુલતામાં સમાઈ જતી નથી. આ સત્યની વધુ સ્પષ્ટ સમજૂતાને અર્થે પોતાની હંમેશની લાક્ષણિક ઢબે તેણે એક દૃષ્ટાંત કહ્યું :—એક શ્રીમંત માણસ હતો; પુષ્કળ પરિશ્રમ કરીને તે ધંધામાં આબાદ થયો હતો. તેની જમીનમાંથી એટલો અઢળક પાક ઉત્પન્ન થયો હતો કે તેનો સંગ્રહ કરવા તેની પાસે જોઈતા કોઠારો નહોતા. તેથી તેણે પોતાના મન

સાથે વિચાર કર્યો કે હું મારી વખારો તોડી પાડીને નવા ને મોટા કોઠારો બંધાવીશ, ને તેમાં મારું બધું ધાન્ય ને માલમત્તા ભરી રાખીશ. પછી હું મારા જીવને કહીશ કે "ઓ જીવ, ઘણાં વરસને માટે ઘણી માલમિલકત તારે સારુ રાખી મૂકેલી છે; આરામ લે, ખા, પી, આનંદ કર."

પણ ઈશ્વરે તેને કહ્યું, "ઓ મૂર્ખ, આજ રાત્રે તારો જીવ તારી પાસેથી માંગી લેવામાં આવે છે; ત્યારે જે વસ્તુઓ તેં સિદ્ધ કરી છે તે કોની થશે? જે પોતાને સારુ દ્રવ્યનો સંગ્રહ કરે છે ને દેવ પ્રત્યે ધનવાન નથી, તે તેવો જ છે."

આ શ્રીમંતનો વિચાર કરતાં તેણે જે ત્રણ મહામોટી ને ગંભીર ભૂલો કરી તે તરફ આપણું ધ્યાન ખેંચાય છે :

**I. આ પૈસાપાત્ર પુરુષે બીજાઓનો વિચાર નહિ કરતાં કેવળ પોતાનો જ વિચાર કર્યો.**

તે બહુ જ સ્વાર્થી અને સંકુચિત વૃત્તિનો માણસ હતો કેટલી વાર તે અહંભાવ દર્શાવતા શબ્દો જેવા કે હું, મારું વગેરે વાપરે છે! **હું** શું કરું? કેમ કે **મારી** ઉપજ ભરી મૂકવાને **મારી** પાસે જગા નથી. **હું** આમ કરીશ; **મારી** વખારોને **હું** પાડી નાખીશ, ને તે કરતાં મોટી બંધાવીશ; ને ત્યાં **મારું** બધું અનાજ તથા માલમિલકત **હું** ભરી મૂકીશ.

(अ) જે ઈશ્વરે પાકને ઉગાવવા ને સફળ કરવા માટે વરસાદ ને સૂર્યનો પ્રકાશ મોકલ્યો, તેને તે જરાએ સંભારતો નથી; આપણ સર્વનો ને સર્વસ્વનો આધાર ઈશ્વર પર છે, તે વાતનો તે સ્વીકાર સરખો પણ કરતો નથી; જાણે કે તેની સર્વ આબાદી ને સમૃદ્ધિ સર્વાંશે–સ્વપ્રયત્નને આભારી હોય તેવો ભાસ આપણને થયા વિના રહેતો નથી!

જીવનમાં સફળ ને સમૃદ્ધ થનારાઓમાં આ પ્રકારની વૃત્તિ જોવામાં આવે છે. ઘણીવાર, માણસ જ્યારે કંઈ વિસાતમાં હોતો નથી ને ગરીબાઈમાં સબડતો હોય છે, ત્યારે તે ઈશ્વરને સંભારે છે; ત્યારે તો તે નિયમિત રીતે ઈશ્વરમંદિરમાં જાય છે; પણ પરિસ્થિતિ જ્યારે પલટો લે છે ને લક્ષ્મી તેના પર પ્રસન્ન થાય છે, ત્યારે તે ઈશ્વરને ભૂલી જાય છે. ત્યારે તો તે એમ માને છે કે મને કોઈની ગરજ નથી, ને ઈશ્વર વિના પણ હું મારું ગાડું ગબડાવીશ.

જેની કૃપા ને ભલાઈને લીધે આપણને સર્વસ્વ પ્રાપ્ત થામ છે, તે ઈશ્વરનો વિચાર સરખો પણ ન કરવો તેના જેવી હલકટ કૃતઘ્નતા ને મૂર્ખાઈ બીજી કોઈ નથી.

આપણામાંના પ્રત્યેકનો આધાર ઈશ્વર પર છે, ને તેથી આપણા સંરક્ષણ તેમ જ જીવન માટેની તમામ જોગવાઈ માટે આપણે તેનો આભાર દરરોજ માનવો જોઈએ.

ડૉ. બોરહામ, ન્યૂઝીલેન્ડમાંના પોતાના એક ખેડૂત મિત્રને ઘેર અતિથિ તરીકે વારંવાર જતા. તે વિષે લખતાં તે જણાવે છે કે જમતાં પહેલાં, ઈશ્વરની આરાધના કરતાં યજમાન ખેડૂત મેજને એક ખૂણે પોતાનું મસ્તક નીચું ઢાળી આ પ્રમાણે બોલતો :—

રોટી પૂર્વે આટો શ્વેત,
કણક પહેલાં ચક્કી,
ઘંટી પહેલાં ઘઉં, ને વળી મેહ,
તાપ, ને ઈશ્વરેચ્છા નક્કી.

મેજને સામે ખૂણેથી ખેડૂતની પત્ની પ્રત્યુત્તર વાળતી કે :—

લોટ અને ઘંટી,
સૂર્ય અને વૃષ્ટિ,

કૃપા તવ એ સહુ છે જગદીશ,
ઝૂકાવીએ શીશ અમો અહર્નિશ.

ઈશ્વરને કદી ભૂલતા ના. ગીતકર્તા સાથે તમે પણ આ પ્રમાણે ઉચ્ચારો, "હે મારા આત્મા, યહોવાહને સ્તુત્ય માન, ને તેના સર્વ ઉપકારો તું ભૂલી ન જા."

(બ) આ શ્રીમંત ઈશ્વરને ભૂલી ગયો એટલું જ નહિ, પણ પોતાના માનવબંધુઓને પણ વિસરી ગયો. તેને તો માત્ર પોતાના પંડની ને પૂંજીની પડી હતી. વધારાના અનાજનું શું કરવું એ જ અહર્નિશ તેની ચિંતાનો વિષય હતો. મારી ખાતરી છે કે તેની આજુબાજુ એવાં અસંખ્ય ગરીબગુરબાં હતાં જેઓને જો તેના તરફથી અનાજની સખાવત કરવામાં આવી હોત તો ગદ્‌ગદ્‌ કંઠે તેઓએ તેનો સાભાર સ્વીકાર કર્યો હોત ! તે વડે તેમનાં ઘરોમાંથી ભૂખમરાનો પગ મહિનાઓ સુધી ટાળી શકાયો હોત. વધારાનો પાક દાનધર્મમાં આપી દેવાનું કે સસ્તા ભાવે વેચી દેવાનું આ કઠોર હૃદયના માનવીને કદી સૂઝયું નહિ. શું હું કંઈ મૂર્ખો છું ? હું તો મોટા ભૂગર્ભ કોઠારો બંધાવીશ, ને ભાવોમાં જબ્બર ઉછાળો આવશે ત્યાં સુધી એ ધાન્યને તેમાં ભરી રાખીશ. ને પછી જોઈ લો, મોં માગ્યું મૂલ્ય મને મળશે, પછી કામ કરવાની જરૂર રહેશે નહિ, ને બાકીનું જીવન હું વૈભવ ને એશઆરામમાં વ્યતીત કરીશ.

આ શ્રીમંત બહુ સ્વાર્થી હતો. ધનવાન થયા વિના પણ સ્વાર્થી હોવું એ અશક્ય છે. જે માણસ કેવળ પંડને અર્થે ને અંગત સુખ-ચેન ને આનંદપ્રમોદ માટે જ જીવે છે, જેને પોતાનાં નજીકનાં કુટુંબીજનો સિવાય બીજા કોઈની પડી નથી, એવો માણસ આ શ્રીમંત જેવો છે. સ્વાર્થી અને એકલપેટું જીવન કેવું હોઈ શકે તેનો સહજ ખ્યાલ નીચેના રમૂજી ટુચકા પરથી આવી જશે :

"આજ સાંજના ત્રણ વાગે મેં એક ચાપાણીનો કાર્યક્રમ ગોઠવ્યો. મેળાવડો બહુ નાના પાયા પરનો હતો, ને તેમાં મેં ત્રણ મહેમાનો એટલે "હું", "પોતે" ને "મને" ને આમંત્ર્યા હતા. 'પોતે' એ બધી માખણ ચોપડેલી રોટી ખાધી; જ્યારે 'સેવક' બધી ચા ગટગટાવી ગયો. વળી ભજીયાં પણ ખાનાર "હું" જ હતો ને બંદાએ કેક પણ 'મને'જ ધર્યું. આવું જીવન જે બીજાઓના લાભમાં ખર્ચ્યાં વિના કે અન્યની સાથે સંપથી સહકારપૂર્વક વહેંચી લીધા વિના બધું પોતે જ ઓહિયાં કરી જાય છે, તે ખરેખર બીમાર ને બીસ્માર જીવન છે, ને જો તેમાં પરિવર્તન ન થાય તો તે વહેલું યા મોડું વિનાશ પામે છે.

આયર્લેન્ડમાં અમારે ત્યાં એક રેડીઓ હતો. રેડીઓનું યંત્ર એક ઓરડીમાં હતું, જ્યારે ધ્વનિવર્ધક યંત્ર સાથેનું તેનું જોડાણ બીજી ઓરડીમાં હતું. એક દિવસ કોઈએ ધ્વનિવર્ધક યંત્ર બંધ કર્યું, પણ તે સાથે બીજી ઓરડીમાંના રેડીઓની ચાંપ બંધ કરી નહિ. પરિણામે રેડીઓમાં વીજળીનો પ્રવાહ આવવો સતત ચાલુ રહ્યો, પણ તેને બહાર નીકળવાનો માર્ગ નહિ મળવાથી આ પ્રવાહ પાછો નળીમાં (વાલ્વ) ઠેલાયો, ને એ રીતે ચોમેરથી રૂંધાએલા પ્રવાહે વાલ્વને બાળીને ભસ્મ કરી દીધી, ને રેડીઓ ભાંગી ગયો. રેડીઓ ભાંગી પડયો કારણ કે પ્રવાહ અંદર આવ્યે જતો હતો, પણ તેને નિકાલ માટે માર્ગ જડતો નહોતો.

માનસિક દર્દોનાં બધા નિષ્ણાત ચિકિત્સકો એવા અભિપ્રાયમાં સંમત છે કે જે જીવન કેવળ પોતામાં જ કેન્દ્રિત રહે છે, તે વિનાશ તરફ વેગથી ધસે છે. ઈસુએ જે કહ્યું તેનું તેઓ સમર્થન કરે છે, કે જો જીવન મેળવવું હોય તો તેને ખોવું જોઈએ; પ્રાપ્ત કરવું હોય તો તેને ખર્ચી નાખવું જોઈએ; બચાવવું હોય તો તેનું સ્વાર્પણ કરી દેવું જોઈએ.

II. આ માણસે કેવળ પોતાનો જ ને નહિ કે બીજાઓનો વિચાર કરવાની પ્રથમ ભૂલ કરી. તેની જે બીજી ભૂલ તે એ હતી કે **તેણે આત્માનો વિચાર નહિ કરતાં કેવળ દેહનો જ વિચાર કર્યો.**

પણ કોઈ કહેશે કે તે જરૂર તેના આત્માનો વિચાર કરતો હતો. શું તેણે પોતાના જીવને આ પ્રમાણે ન કહ્યું કે રે જીવ, વર્ષો સુધી ચાલે એટલા પુષ્કળ અનાજ ને સંપત્તિનો મેં તારે માટે સંચય કર્યો છે; આરામ લે, ખા, પી ને મોજ કર! પણ જ્યારે તે આ પ્રમાણે સ્વગત બોલતો હતો, ત્યારે તે શરીરને આત્મા તરીકે ઓળખાવવાની ભૂલ કરતો હતો. આત્મા સાથે ઉત્પાદન, માલમિલકત, વખારો, ખાનપાન વગેરે વિષે વાતચીત કરવાનો કંઈ અર્થ નથી; જો કોઈ પોતાના આત્માને જાગૃત કરવા ઇચ્છતો હોય, તો તો તેણે તેની સાથે પાપ, માફી, વધસ્તંભ, ન્યાયકાળ, અનંતકાળ અને ઈશ્વર સંબંધી વાતચીત કરવી જોઈએ. વાસ્તવમાં, આ માણસ તો પોતાના દેહ વિષે વિચારતો હતો, આત્મા વિષે નહિ.

આજકાલ ઘણા આજ પ્રકારની ભૂલ કરે છે; તેઓ પૈસાના પૂજારી છે, ને કેવળ પૈસો, ને પૈસાથી ખરીદાતી વસ્તુઓ માટે જીવે છે.

કેટલાંક વર્ષ ઉપર મિસર દેશના એક નિરીક્ષકે આ પ્રમાણે લખ્યું હતું; " મુસ્લિમ વસતીવાળાં શહેરોમાં જ્યાં ત્યાં કાપડની મિલો અને મસ્જિદો દૃષ્ટિગોચર થાય છે; મિલોનો પ્રભાવ મસ્જિદો કરતાં વિશેષ છે; સાંપ્રતકાળનો મિસરના મુસ્લિમનો મુદ્રાલેખ એવો છે કે કપાસ સિવાય અન્ય દેવ નથી. ને કલદાર પૌંડ એ કપાસનો દૂત છે. "

આના જેવી જ ભળતી વાત ખાસ કરીને કેવળ મુસ્લિમો માટે જ નહિ, પણ હિંદમાંના બીજા લોકો માટે પણ કહી શકાય. કેટલા બધા માણસો એવા છે જે ખોરાક, વસ્ત્ર, ઘરબાર કે પૈસાને ઈષ્ટ દેવ તરીકે પૂજે છે. આ બધી વસ્તુઓ જીવન માટે આવશ્યક છે, પણ કેવળ આ વસ્તુઓમાં જ જીવનનું સાફલ્ય કે સાર્થકતા સમાયેલાં છે

એ રીતે જીવવું એ ખતરનાક ભૂલ છે. અન્ન અને વસ્ત્ર દેહ માટે ઉપયોગી છે, પણ આત્માની ભૂખ તો તેઓ કદી ભાંગી શકે નહિ.

શેતાને જ્યારે પ્રભુ ઈસુનું પરીક્ષણ કર્યું, ને તેને ચમત્કાર કરી પથ્થરની રોટલી બનાવી દેવાનું કહ્યું ત્યારે ઈસુએ તેને આ પ્રમાણે ઉત્તર આપ્યો, "માણસ એકલી રોટલીથી નહિ, પણ હરેક શબ્દ જે દેવના મુખમાંથી નીકળે છે તેથી જીવશે." દેવનું વચન આત્મિક અન્ન છે; પ્રાર્થના, પવિત્ર શાસ્ત્ર, ને ઈશ્વરવિહોણું જીવન આત્માને જરૂર ભૂખે મારશે.

સુપ્રસિદ્ધ ઉપદેશક ડી. એલ. મુડી સાહેબ આગળ એક માણસે કબૂલાત કરી કે ચાળીસ વર્ષથી મારા આત્માને કંઈ ખોરાક મળ્યો નથી. મુડી સાહેબે તેને જવાબ આપ્યો, "વારુ, આત્માને કંઈ જ ખોરાક નહિ આપવો એ તો આત્મા માટે બહુ જ કઠોર કહેવાય." આ માણસ તો અત્યારે જીવતા હજારો ને લાખો મનુષ્યોના પ્રતિકરૂપ છે, જેમના બિચારા આત્માઓ ભૂખે મરે છે. આ દેહ જે આજે છે. ને કાલે પડશે તેની આપણે કેટલી બધી સંભાળ રાખીએ છીએ! દિવસમાં ત્રણ વાર તેને ભોજન આપીએ છીએ, સારાં વસ્ત્રાલંકાર પહેરાવીએ છીએ, શોભાયમાન બનાવીએ છીએ, ને એમ દરેક રીતે તેની સંભાળ લઈએ છીએ. ધીમે ધીમે તે ઘોર તરફ પ્રયાણ કરે છે, જ્યાં તેને કીડાઓ ખાઈ નાખનાર છે. પણ આંતરિક માણસ આત્મા જે સદાકાળ સુધી જીવવાનો છે, તેને ભૂખે મારીને દુર્બળ બનાવીએ છીએ. ઈશ્વરની હાજરીમાં પોતાને આ પ્રશ્ન પૂછો કે મારું શરીર અને આત્મા એ એમાંથી હું કોની વધારે દરકાર કરું છું?

III. દૃષ્ટાંતમાંના ધનિકે પોતાનો જ, ને નહિ કે બીજાઓનો, પોતાના શરીરનો, અને નહિ કે આત્માનો વિચાર કર્યો. ઉપરાંત તેણે એક ત્રીજી પણ ગંભીર ભૂલ કરી. **તેણે અનંતકાળનો નહિ પણ માત્ર ચાલુ સમયનો જ વિચાર કર્યો.**

આ માણસે વિચાર કર્યો કે મારા પરસેવાનું ફળ, ને સંગ્રહ કરેલી સર્વ ઉપજનો ઉપભોગ કરવા મારે હજી ઘણાં વર્ષો સુધી ચાલે એટલું મેં એકઠું કર્યું છે, આરામ લે. જાણે પૃથ્વી પર સદાકાળ રહેવાનો ઈજારો લીધો હોય તે પ્રમાણે તે વાત કરવા લાગ્યો. મરણ, ન્યાય ને અનંતકાળ જેવી કોઈ ચીજ છે કે તે ભૂલી ગયો. તેનું ઘડિયાળ મંદ ગતિથી ચાલતું હતું, તે એકાએક તેજ રાત્રે ઈશ્વરી કલાકનો છેલ્લો ટકોરો પડયો. તેની સઘળી બાજી ધૂળમાં મળી; તેની સઘળી ગણતરી ઊંધી પડી. ઈશ્વરે તેને કહ્યું, "ઓ મૂર્ખ, આજ રાત્રે તારો જીવ તારી પાસેથી માગી લેવામાં આવે છે, ત્યારે જે વસ્તુઓ તેં સિદ્ધ કરી છે તે કોની થશે?

આપણે મારવાનું છે તે વાત આપણે કેટલી બધી વાર વિસરી જઈએ છીએ. આપણી ચોમેર હજારો મનુષ્યો દરરોજ મરે છે, તે જાણ્યા છતાં જાણે પૃથ્વીમાં આપણે ચિરકાળ રહેવાનાં હોઈએ તે રીતે જીવીએ છીએ. મરણ વિષે હરહંમેશ વિચાર કર્યા કરવો તે ભૂલ ભરેલું છે, પણ તે સાથે મરણ વિષે કદી વિચાર સરખો પણ ન કરવો ને જીવવું, ને આ માણસની પેઠે મરણ માટે તૈયારી ન કરવી એ એના કરતાં પણ વિશેષ ખતરનાક ભૂલ છે. ઘણીવાર, મોત આપણે તેની અપેક્ષા ન રાખતાં હોઈએ તે પળે અણચિંતવ્યું આવે છે. આપણે મોતને બોલાવીએ ત્યાં સુધી તે રાહ જોતું નથી. આ ધનવાનની રાહમાં તણાઈને બીજાઓ તેની સગવડ સ્વાભાવિક રીતે સાચવતા. પણ અહીં તો એવો આગંતૂક હતો જે કોઈ પણ હિસાબે તેની સગવડ સાચવે તેમ નહોતું. દરરોજ પુરુષો ને સ્ત્રીઓ પોતાના ઘેરથી નીકળે છે, પણ પાછાં ઘેર ફરતાં નથી; દર રાત્રે પુરુષો ને સ્ત્રીઓ વિશ્રાંતિ માટે ઊંઘી જાય છે, પણ તેમાંનાં ઘણાં એ નિદ્રામાંથી ફરી જાગતાં નથી. તમને બોલાવવા મોતની નોબત ક્યારે બજશે તે તમે જાણતાં નથી.

એક પાદરી સાહેબ, એક મોટા વેપારીને મળવા માટે ગયા. વેપારીએ ઉદ્ધતાઈથી પૂછયું, કેમ, શું કામ છે? પાદરી સાહેબે કહ્યું, "મારે આપની સાથે જરા આત્મા અને તેના શાશ્વત લાભની થોડી વાત કરવી છે." વેપારીએ જવાબ આપ્યો, "અત્યારે હું ઘણા કામમાં છું. મને ફુરસદ નથી." ઉપદેશકે, જાણે સલામ કરી વિદાય લેતો હોય, તેમ પોતાનો હાથ લંબાવ્યો, ને અચંબામાં ગરક થયેલા પેલા વેપારીની છેક પાસે જઈને ગંભીરતાથી કાનમાં કહ્યું "ધારો, કે હું યમરાજા હોત તો"? આ શબ્દો વેપારીની જાગૃતિના કારણરૂપ બન્યા. તે ખ્રિસ્ત તરફ ફર્યો અને જીવન ને મરણ બંને માટે સજ્જ બન્યો.

મિત્રો, મરણ માટે તમે તૈયાર છો? મોત કદાચ આજે રાત્રે આવે! ઈશ્વરની વાણી તમને બોલાવતી ફરી સાંભળો તે અગાઉ કદાચ મરણ તમને ઝડપી લે. તમારું શરીર મૃત્યુ પામે ને આત્મા ખ્રિસ્તના ન્યાયાસન આગળ જાય, ત્યારે સાથે લઈ જવાનું ભાથું તમારી પાસે શું છે? આ શ્રીમંત પાસે કોઠારો, માલમિલકત ને ઉપજ હતાં, છતાં ઈશ્વરે તેને કહ્યું કે "ઓ મૂર્ખ, આ બધાં વાનાં તું સાથે લઈ જઈ શકતો નથી. ધનવાન તરીકે પૃથ્વી પર તને માન; આબરૂ મળ્યાં હશે, પણ ઈશ્વરની હજૂરમાં તો તારે એક ગરીબ, પાપી, સ્વાર્થી ને શુષ્ક આત્મા તરીકે ખડા થવું પડશે."

એકવાર એક વૃદ્ધ અમેરિકન પોતાના એક મિત્રને તેની સઘળી દોલત ને સંપત્તિ બતાવવા લાગ્યો. એક ભવ્ય ઇમારતમાં મિત્રને લઈ જઈને તે બોલ્યો, "આ ભૂવન **મારું** છે." દૂરના એક નાના ગામડા તરફ આંગળી ચિંધીને તે બોલ્યો, "એ ગામ **મારું** છે; મારા નામ પરથી તે ગામનું નામ પાડવામાં આવ્યું છે." વિશાળ એવા ઘાસના એક બીડ તરફ આંગળી કરી, વળી તેણે આગળ ચલાવ્યું "એ આખું બીડ **મારું** છે, આના કરતાં વિશેષ સુંદર બીડ પર સૂર્ય કદી પ્રકાશ્યો નહિ હોય, એવું ફળદ્રુપ ને કિંમતી બીડ છે, ને

તે **આખું મારું** છે.” બીજી દિશામાં ત્રીસ માઈલ સુધી પથરાયેલ ફળદ્રુપ ખેતરો બતાવી વળી તે બોલ્યો, “એ બધાં ખેતરો **મારાં** છે.” પછી પોતાના ભુવનમાં તેને લઈ જઈને પોતાનાં સુંદર ચિત્રો, મહામૂલી સોનાની થાળીઓ, ઝવેરાત ઇત્યાદિ બતાવી હંમેશના હુંકારથી તે બોલ્યો. “એ સર્વ **મારાં** છે; મહેલાતનો આ વિશાળ ખંડ મેં બંધાવ્યો છે, મારા નામ પરથી ખંડનું નામ પાડવામાં આવ્યું છે, ને તેના પર **મારી** પોતાની મુદ્રા ને નિશાન છે; છતાં, એકવાર હું એક ગરીબ છોકરો હતો. પણ એ બધું મેં મારા પુરુષાર્થથી સંપાદન કર્યું છે.”

પેલો મિત્ર તો આ વૃદ્ધ તરફ જોઈ જ રહ્યો ને બોલ્યો “વારુ, પૃથ્વી પર આ બધું તમારે માટે છે, પણ **પણે** કંઈ છે?”

વૃદ્ધે પૂછ્યું, “પણે એટલે ક્યાં?”

“ઉપર આકાશમાં”

વૃદ્ધે કહ્યું, “મને બીક રહે છે કે ત્યાં તો કંઈ ઝાઝું નથી.”

પેલા મિત્રે કહ્યું, “અરે ભાઈ, પણ તમારે એક દી મરવાનું ને આ પૃથ્વી છોડીને જવાનું છે; આ બધી વસ્તુઓમાંથી તમે ત્યાં શું લઈ જશો? તમે ભિક્ષુક તરીકે મરશો, કારણ કે આ બધું દ્રવ્ય આકાશના રાજ્યમાં કંઈ વિસાતમાં નથી; તમે નાદાર બનશો, કારણ કે ઉપર સંતોના વારસામાં તમારો કંઈ હિસ્સો હશે નહિ.” પેલા રંક (દુન્યવી રીતે પૈસાદાર હોવા છતાં વાસ્તવિક રીતે તો તે ગરીબ જ હતો) ડોસાની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં; ભવિષ્ય માટે તેને કંઈ આશા નહોતી. ચાર માસની મુદતમાં તો તે મરણ પામ્યો, અને અત્યારે તે ક્યાં છે? ઈશ્વર વગર તે જીવ્યો અને ઈશ્વર વગર આ કે આવતી દુનિયામાં કંઈ આશા વિના મર્યો.

વહાલાં ભાઈબહેનો, મારી ખાતરી છે કે અહીં એવું કોઈ નથી, જે આ માણસની પેઠે મરીને ઈશ્વર સમક્ષ જવા ઇચ્છતું હોય! મરણને માટે તમે કેવી રીતે તૈયાર થશો? સાંભળો, હું તમને કહું:

ઈસુ ખ્રિસ્ત વિષે એવું કહેવામાં આવ્યું છે કે તે ધનવાન છતાં આપણે લીધે દરિદ્રી થયો, એ માટે કે તેની દરિદ્રતાથી આપણે ધનવાન થઈએ (૨ કરીંથી ૮ : ૯). દેવનો પુત્ર ઈસુ ખ્રિસ્ત તમારા પર પ્રેમ કરીને આ દુનિયામાં આવ્યો ને તમારે માટે મરણ પામ્યો. તમારાં પાપ ને શ્રાપ, સ્વાર્થ ને પ્રમાદ સર્વ તેણે પોતા પર લીધાં. તમારાં પાપ ત્યજીને ખ્રિસ્ત પર વિશ્વાસ કરો; તેના પર પ્રેમ કરો, તેનો અંગીકાર કરો, ને ત્યારે તો જીવન કે મરણમાં તમારે કશાની બીક રાખવાની રહેશે નહિ. તમે પાઊલની સાથે બેધડક બોલી શકશો કે "મને જીવવું તે ખ્રિસ્ત, ને મરવું તે લાભ છે."

# ઈશ્વરનો માતૃપ્રેમ

"જેમ કોઈ માણસને તેની મા દિલાસો આપે છે, તે પ્રમાણે હું તમને દિલાસો આપીશ" (યશા. ૬૬ : ૧૩).

"ઈશ્વરને માતા તરીકે કલ્પવો એ દેવનો પ્રેમ સમજવાની સુંદર રીત છે." એમ એક હિંદી ખ્રિસ્તી આગેવાને કહ્યું છે. હું માનું છું, કે આપણે બધાં એ વાતને અનુમતિ આપીશું. પોતાના નાહિંમત થયેલા દેશબંધુઓને હિંમત ને આશ્વાસન આપતાં યહૂદી પ્રબોધક આ સુંદર રૂપક વાપરે છે. "જેમ કોઈ માણસને તેની મા દિલાસો આપે છે, તે પ્રમાણે હું તમને દિલાસો આપીશ."

દેવનો સ્વભાવ પ્રગટ કરવા પોતાના લોકોની આગળ પ્રબોધક માતાની ઉપમા વાપરે છે. એ એના વિશ્વાસનું કેવું મહિમાવંત સાહસ કહેવાય? ખરેખર આવી જાતની વિશ્વાસભરી કબૂલાત કે માન્યતા તે એના વિશ્વાસનું સાહસ જ કહેવાય. આજે આપણે પણ એ બાબતની ખાતરી કરી શકીએ છીએ. આપણા સનાતન દેવનું હૃદય અજાયબ જેવું માયાળુ છે, એવા વિશ્વાસની સામે વિરોધ બતાવનાર તત્ત્વોવાળી દુનિયામાં આપણે કેવી રીતે તેની ખાતરી કરી શકીએ? આપણે જરૂર તેવી ખાતરી કરી શકીએ છીએ, કેમ કે આપણે ખ્રિસ્તને જોયો છે. ખ્રિસ્તનું જીવન એ વાતને સમર્થ ટેકો આપે છે. દેવનો પ્રેમ તે માતાનો, હા, તેથીયે વધારે પ્રેમ છે. તે ઈસુ ખ્રિસ્તની મારફતે આપણે જાણીએ છીએ. પ્રભુ એવું કરે, કે માતાના પ્રેમનો વિચાર, આપણને દેવના અકળિત પ્રેમનું નવીન ને તાજું દર્શન કરાવે!

માતાના પ્રેમ વિષે વિચાર કરતાં આપણા મનમાં ઘણા સારા વિચારો આપોઆપ સ્ફુરી આવે છે. તેમાં પ્રથમ વિચાર આ છે, કે

**માતાનો પ્રેમ લાયકાત જ ધ્યાનમાં લેતો નથી.** શરૂઆતથી જ બાળકની સંભાળ કરવાનું કામ માતાનું છે, અને તે બાલ્યાવસ્થા તેમ જ કીશોરાવસ્થામાં નાનાં મોટાં જોખમોમાંથી બાળકનું રક્ષણ કરે છે, તેને માટે માતાનું દિલ ચોકી રાખે છે, યોજનાઓ ઘડે છે, અને પ્રાર્થના કરે છે.

સાહિત્ય, ઇતિહાસ તેમ જ આપણું પોતાનું જ્ઞાન માતાના આ અચંબો પમાડનાર પ્રેમની સાક્ષી પૂરે છે. માતાનો પ્રેમ સંપાદન કરવા શી લાયકાત આપણે ધરાવીએ છીએ ? આવો પ્રશ્ન આપણે પોતાને જ પૂછીએ તો એનો ઉત્તર એ છે, કે "કશી જ નહિ." આપણે માની ગોદમાં હસતા બાળકને જોઈએ છીએ, જો કે તે પ્રેમ મેળવવા તેણે કશું જ કર્યું નથી, તોપણ સમય આવે એ બાળક પોતાના પ્રેમનો સ્વીકાર કરશે: એ સિવાય એના તરફથી બીજી કશી અપેક્ષા રાખવામાં આવતી નથી.

બાળપણથી દેવે આપણા પર જે પ્રેમ કર્યો છે, તેને લાયક થવા આપણે શું કર્યું છે ? કંઈ જ નહિ. આપણો તેના પ્રત્યેનો પ્રેમ, અને આપણે તેની કરેલી સેવા; તેના પ્રમાણમાં તે આપણા પર પ્રેમ કરતો નથી. દેવના પ્રેમમાં એવું યાંત્રિકપણું છે જ નહિ. જો દેવનો પ્રેમ કેવળ આપણા પ્રયત્નો ઉપર જ આધાર રાખતો હોત તો આપણને અફસોસ હતો, આપણાં શ્રેષ્ઠ કૃત્યો પણ દેવની આગળ ધરવા માટે કંઈ જ વિસાતનાં નથી. આપણે ગમે તેટલી મહેનત કરીએ; પણ આપણે નકામાં જ ચાકરો છીએ.

પ્રભાવશાળી, ઈશ્વરવિદ્યામાં નિષ્ણાત અને તત્ત્વજ્ઞાની બિશપ બટલર જ્યારે મરણ પથારીએ હતા, ત્યારે તેમણે પોતાની મંડળીમાં પાળક સાહેબને તેડાવ્યા, અને કહ્યું, "જો કે મારી સર્વોત્તમ શક્તિઓ કામે લગાડીને મેં પાપથી વિમુખ રહેવા અને દેવને પ્રસન્ન કરવા પ્રયત્ન કર્યો છે, છતાં પણ મારી સતત નબળાઈનું મને ભાન છે,

ને હું હજી પણ મરણથી ગભરાઉં છું." તેના ખુશમિજાજી અને સુવાર્તાની ધગશવાળા પાદરી સાહેબે કહ્યું, "મારા સ્વામી! ઈસુ ખ્રિસ્ત તારનાર છે. એ વાત શું આપ ભૂલી ગયા છો?" આ મરતા ફિલસૂફે જવાબ આપ્યો, "હા, એ વાત સાચી છે પણ તે મારો તારનાર છે, એ હું કેવી રીતે જાણું?" પાદરી સાહેબે કહ્યું, "હે મારા સ્વામી, લખેલું છે કે "જે કોઈ મારી પાસે આવશે તેને હું કાઢી નહિ જ મૂકીશ." બિશપે કહ્યું, 'હા. સાચી વાત, અને આજે મને અજાયબ લાગે છે, કે એ વાક્ય મે હજાર વાર વાંચ્યું હશે, પણ અત્યારે જ એનું સત્ય મને સમજાય છે, હવે હું શાંતિએ જાઉં છું." જો કે ઈશ્વરની આજ્ઞા પાળવાનો તેમણે પુષ્કળ પ્રયત્ન કરેલો, છતાં પણ અંતસમયે પોતાની નબળાઈ અને કસૂરોનું ભાન હોવાથી કેવળ ખ્રિસ્ત દ્વારા પ્રભુ પાસે આવવાથી અને દેવની કૃપા પર અઢેલવાથી તેમને શાંતિ મળી. આપણે બધાએ એમ જ કરવાનું છે. આપણું તારણ આપણા કામો પર આધાર રાખતું નથી. પણ ખ્રિસ્ત ઈસુમાં વહેતી દેવની કૃપા અને માફી જે માટે આપણે તદ્દન નાલાયક છીએ, છતાં આપણને મફત આપવામાં આવે છે, તે પર આધાર રાખે છે.

માતાના પ્રેમ વિષે વિચાર કરતાં, બીજો વિચાર જે આવે છે તે આ છે માતાનો પ્રેમ **સ્વાર્પિત** પ્રેમ છે, **બલિદાન** આપનાર પ્રેમ છે; **દુઃખ સહન કરનાર** પ્રેમ છે. માતાઓ પોતાનાં બાળકોને માટે ઘણો આત્મભોગ આપે છે. પોતાની સુખાકારીની અવગણના કરીને પણ, પોતાના બાળકની સુખાકારી પર ખાસ લક્ષ આપે છે. માતાઓએ પોતાનાં બાળકો માટે આપેલાં બલિદાનો, અને આત્મભોગ આપણે નજરે જોયાં છે, અને એ વિષે વાંચ્યું પણ છે. પોતાનાં બાળકોને પૂરતો ખોરાક, કપડાં અને કેળવણી મળે એ હેતુથી, ઘણી માતાઓ ખોરાક, કપડાં તેમ જ બીજી અનેક પ્રકારની અગવડતા વેઠે

છે. અતિશય થાક લાગ્યો હોય, છતાં માતા પોતાના બાળકને આરામ આપવા, તથા માંદગીને કારણે રાતોની રાત ઉજાગરા કરે છે. જો પોતાનું બાળક જોખમમાં કે આફતમાં આવી પડે, તો તેમાંથી ઉગારવા તેના પ્રયત્નો સતત હોય છે. તેના મનની ઇચ્છા એવી હોય છે કે મારા બાળકને બદલે હું પોતે દુઃખ વેઠું તો કેવું સારું ! એના દુઃખે તે દુઃખી થાય છે. આ પ્રકારની વફાદારી માટે ઘણો આત્મભોગ આપવો પડે છે; ઘણીવાર એને લીધે માતાઓને ઘડપણ વહેલું આવે છે; અને નિશાનીઓ તરીકે માતાના મોં પર કરચલીઓ પડે છે, તોપણ તેને લીધે તેનું મોં વધારે આકર્ષક લાગે છે, કેમ કે તે નિશાનીઓ તેના પ્રેમ ને કાળજી વિષેની સાક્ષી પૂરે છે.

શું ઈશ્વરના આપણા પ્રત્યેના પ્રેમ અને આપણી ખાતરના બલિદાનની નિશાનીઓ તેના અંગ પર છે ? હા, જરૂર. ઉત્થાન પામેલા અને મહિમાવંત પ્રભુના શરીર પર, એણે સહન કરેલાં કષ્ટોની નિશાનીઓ છે. એના હાથોમાં, પગોમાં અને કૂખમાં જખમની નિશાનીઓ છે.

આપણા વહાલા તારનારના અંગ ઉપર વધસ્તંભ પર જે ઘા પડ્યા તે જગતના પાપને લીધે પડ્યા. જો બાળક ગંભીર બીમાર હોય, તો તેની માતા ઘણી ચિંતાતુર રહે છે, પણ જો એ માતા ધાર્મિક હશે તો તે માંદગી કરતાં પણ બીજી એક વાતને લીધે વધારે દુઃખી થશે. જો તેનું બાળક પાપમાં પડે, અને કંઈ શરમજનક હલકું ને અયોગ્ય કૃત્ય કરે, તો તેનું હૃદય ઘવાશે, અને જ્યાં સુધી તે બાળક જે ભૂંડું છે, તેથી ફરશે નહિ, ત્યાં સુધી તેની માના એ ઘાને રૂઝ વળશે જ નહિ. જ્યાં સુધી આપણે પાપ કરીએ છીએ, ત્યાં સુધી આપણે ખ્રિસ્તના જખમો ઉઘાડા રાખીએ છીએ શું એ વાતનું આપણને ભાન છે ? પાપ કરીએ છીએ ત્યારે ફરી એક વાર

આપણે એના પ્રેમથી ભરેલા હૃદયને વિંધીએ છીએ. ગુસ્સામાં બોલેલો શબ્દ, સ્વાર્થી કૃત્ય, દુષ્ટ વિચાર, આપણા પ્રત્યેના એના પ્રેમની અવગણના, આ બધાં ફરીથી એના દેહમા ખીલાઓ મારે છે.

એક છોકરી વિષેની સાચી વાત મે સાંભળી હતી. તેનાં માબાપ બહુ જ ધાર્મિક હતાં. એણે એક દિવસ પાપ કર્યું, અને એનાં માબાપને એ વાતથી અજાણ રાખ્યાં. તે પાપને આધીન થઈ હતી, અને અત્યારે તે શરમાતી હતી. માએ સાચી હકીકત જાણવા મહેનત કરી, આખરે છોકરીએ જે સાચી વાત હતી તે તેની માને કહી. પ્રથમ કેટલોક વખત તે પોતાનું ભૂંડું કૃત્ય નાકબૂલ કરતી હતી, પણ જ્યારે ડૉક્ટર પાસે જવાનું તેને કહેવામાં આવ્યું ત્યારે તેણે ખરી વાત જણાવી. બધી વાતથી વાકેફ થયા છતાં પણ તેની માએ તેને એકપણ કડવ શબ્દ કહ્યો નહિ; પણ ભગ્ન હૃદયે તેને ચુંબન કર્યું, ને સૂવા માટે ગઈ. બીજી સવારે જ્યારે તેઓ મળ્યાં ત્યારે. તે છોકરીએ જોયું, તો રાત દરમિયાન તેના માના વાળ ધોળા થઈ ગયા હતાં. જો કે તેની માએ તેને એકપણ ઠપકાનો શબ્દ કહ્યો નહોતો, તો પણ છોકરીએ જોયું કે મારી માના મારા પરના અતિશય પ્યારને લીધે મેં કરેલા પાપની ખાતર પુષ્કળ વેદના સહન કરી છે. એ પ્રેમનું દર્શન થતાં જ તેનું હૃદય ચિરાઈ ગયું. પશ્ચાત્તાપના વેદના પછી તે ઈસુ ખ્રિસ્તને શરણે આવી. ખ્રિસ્તની માફી સ્વીકારી, અને દેવની વિશ્વાસુ સેવિકા બની. એની દુઃખ વેઠનાર માતાના પ્રેમને લીધે તેનું બદલાણ થયું, ને તે નવું જીવન ગાળવા લાગી.

જ્યારે માણસો પાપમાં ડૂબી ગયા હતા, અને તેમનાં હૃદયો કઠણ પથ્થર જેવાં થઈ ગયાં હતાં, ત્યાર તેમને પાપમાંથી તારવા, તેમ જ તેમનાં હૃદયોનું બદલાણ કરવા દેવે મનુષ્યદેહ ધારણ કર્યો. ઈસુ ખ્રિસ્તે સ્વાર્પિત પ્રેમ વડે દુઃખ વેઠયું, અને મરણ પામ્યો. આ ખરી સુવાર્તા છે. "પણ આપણાં અપરાધોને લીધે તે વિંધાયો, આપણાં

પાપોને લીધે તે કચડાયો, આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ, ને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે" (યશા. ૫૩ : ૫).

"આપણે જ્યારે પાપી હતા, ત્યારે ખ્રિસ્ત આપણે સારુ મરણ પામ્યો, એમ કરવામાં દેવ આપણા પર પોતાનો પ્રેમ પ્રગટ કરે છે" (રૂમી. ૫ : ૮). જે પ્રેમે એવું કષ્ટ અને દુઃખ વેઠયું છે, અને હજી પણ વેઠયા કરે છે તે જ આપણને તેમ જ જગતને પાપથી તારે છે, નાશથી બચાવે છે.

ત્રાતાના પ્રેમ વિષે વિચાર કરતાં ત્રીજો જે વિચાર આપણા મનમાં ઊંડી અસર કરે છે તે આ છે, કે માતાનો પ્રેમ **તે આગ્રહી પ્રેમ છે.** માતાનો પ્રેમ ધીરજવાન, ખંતીલો અને અખંડ છે. તે તે કદી ખૂટી જતો નથી, તે કદી ઠંડો પડતો નથી. અનંત ધીરજ વડે તેનો પ્રેમ તેની પ્રાર્થનાઓ સહિત બાળકની પાછળ પાછળ જાય જાય છે. કોઈવાર તેના પ્રેમનો યોગ્ય બદલો મળતો નથી, કોઈવાર તેના પ્રેમને જખમી કરવામાં આવે છે; દુઃખી કરવામાં આવે છે, છતાં પણ તે અખંડ વહેતો રહે છે. જગત માણસને તિરસ્કારે, ધુતકારી કાઢે, અને દીવાલ સાથે પટકે પણ ખરું, પરંતુ તેની મા તેને ચાહે છે. માતાના વિશ્વાસને લીધે, માતાના પ્રેમને લીધે, અને તેની પ્રાર્થનાઓને લીધે તેઓ નાશમાં જતા બચી ગયા છે. એવી શાહેદી પુરનાર આજે ઘણા મળે તેમ છે.

ઈ. સ. ના ચોથા સૈકામાં ઉત્તર આફ્રિકામાં ઓગસ્ટીન નામે એક છોકરો રહેતો હતો. સત્તર વર્ષની ઉંમરે તે કાર્થેજની વિદ્યાપીઠમાં અભ્યાસ કરવા ગયો. ત્યાં તે દુષ્ટ સોબતમાં પડયો, ને ભ્રષ્ટ જીવન ગાળવા લાગ્યો. તેની માતા એક ધાર્મિક બાઈ હતી. એનું નામ મોનિકા હતું. પોતાના દીકરાના આવા જીવનને લીધે તેને બહુ ખેદ

થતો. તેણે તેને દર્દભરી વિનંતી કરી, સાથે સાથે તેને માટે પ્રાર્થના પણ કરી. છોકરો ત્યાંથી નીકળીને ઈટલી ગયો, ત્યાં રોમ શહેરમાં રહીને પાપી તેમ જ સ્વચ્છંદી જીવન ગાળવા લાગ્યો. તેની માએ તેને માટે પ્રાર્થના કરવાનું જારી રાખ્યું. તેણી રાતદિવસ પ્રાર્થના કરતી હતી. એક દિવસ પવિત્ર શાસ્ત્રની મારફતે ઓગસ્ટીને દેવની વાણી સાંભળી, તેણે પોતાનાં પાપનો પસ્તાવો કર્યો ને તેને તજી દીધાં. પોતાનું જીવન ઈસુ ખ્રિસ્તને ચરણે અર્પી દીધું. પરિણામે ભવિષ્યમાં તે એક વિદ્વાન સંત થઈ ગયો. એની માના અવિરાંત પ્રેમ ને પ્રાર્થનાને લીધે આ બન્યું હતું.

ઓગસ્ટીનની માફક જો કોઈ બાળક ઘર છોડીને ચાલ્યો જાય, ભટકી જાય, તોપણ ભલી માતા તેના પાછા આવવાની અપેક્ષા રાખે છે. અને પ્રાર્થના કરે છે, અને વર્ષો પછી પણ જ્યારે તે પાછો આવે છે ત્યારે તેને મળવાને, તેનો આવકાર કરવાને તે તૈયાર હોય છે. આપણે પાપ કરીને દેવથી દૂર ગયાં છીએ, ભટકી ગયાં છીએ, તોપણ જો, આપણે પશ્ચાત્તાપથી અને પાપ માટેના ખેદ સહિત દેવ પાસે પાછાં આવીએ, તો તે આપણને આવકારવા હાથ ખુલ્લા કરશે, ને આપણને એની ગોદમાં લેશે. એ પ્રેમાળ હૃદયમાં પ્રવેશવાનો માર્ગ હવે ખુલ્લો થઈ ગયો છે. ઈસુ ખ્રિસ્તે એ માર્ગ એટલો સ્પષ્ટ કર્યો છે, કે જો આપણે એની પાસે આવવું જ હોય, તો આપણે એ માર્ગ કદી ચૂકી શકીશું જ નહિ. ઈશ્વર માતાની પેઠે આપણને "ભલે પધારો" કહેવા, માફી આપવા, અને આપણને શાંતિ આપવા ઊભો છે, હા, તે રાહ જુએ છે.

એક પાદરી સાહેબ આગગાડીમાં મુસાફરી કરતા હતા. ડબામાં તેમના સિવાય બીજો એક જ ઉતારૂ હતો, એ જુવાન માણસ હતો. તે બહુ બેચેન દેખાતો હતો. તેને એવી સ્થિતિમાં જોઈ પાદરી

સાહેબ તેની પાસે ગયા, ને તેને દુ:ખનું કારણ પૂછ્યું. તેણે કહ્યું "આજ કેટલાએ મહિનાઓ થયાં હું ઘેરથી નાસી આવ્યો છું, પણ હમણાં થોડા સમયથી મને ઘર યાદ આવ્યું, અને હું ભારે વિપત્તિમાં છું. મેં મારા બાપા પર એક કાગળ લખ્યો છે, તેમને એ કાગળ મળ્યો છે કે નહિ તેની મને ખબર નથી, પણ તેમના તરફથી કંઈ જવાબ નથી. જવાબ ન મળવાથી મેં મારી મા પર કાગળ લખ્યો છે. તેમાં મેં જણાવ્યું છે, મારે ઘેર પાછા આવવું છે. જો તેઓ મને ઘેર પાછો લાવવા ઇચ્છતાં હોય, તો રેલના પાટા પાસે આવેલા ઝાડ પર એક ધજા બાંધે. ગાડીમાંથી હું એ ધજા જોઈશ કે તેઓ મને ઘેર લાવવા માગે છે. એમ મને ખબર પડશે, ને હું ઘેર જઈશ. જો ઝાડ પર ધજા નહિ જોઉં તો હું માની લઈશ કે તમો મને ઘેર પાછો સ્વીકારવા તૈયાર નથી, અને હું પાછો ચાલ્યો જઈશ.

ગાડી ઝપાટાબંધ પેલા ખેતરમાંના ઝાડ તરફ દોડતી હતી. જેમ જેમ તે ઝાડ પાસે આવતું હતું તેમ તેમ તેને વધારે ચિંતા થતી હતી. પાદરી સાહેબે કહ્યું, "તું અહીં બેસી રહે, અને તારે બદલે હું બહાર જોઈશ." તેમણે બહાર નજર રાખી, અને પોતાનો એક હાથ તે છોકરાના ઢીંચણ પર મૂક્યો. આખરે પેલું ઝાડ નજરે પડ્યું, અને પાદરી સાહેબ બોલી ઊઠ્યા, 'શાબાશ, ઝાડની ડાળીએ ડાળીએ ધજા બાંધેલી છે."

દેવના ઝાડની દરેકે દરેક ડાળીએ ધજા બાંધેલી છે. જે કોઈ પશ્ચાત્તાપી પાપી પાછો ફરવા માગે છે, તેને દેવના માતૃહૃદયનું પ્રેમભર્યું આમંત્રણ છે. જે બધાં ઈશ્વરથી દૂર ભટકી ગયાં છે તેમને તે કહે છે, "ઘેર વળો રે ઘેર વળો, સહુ જે ભટકેલાં" આજે જ તેનો જવાબ આપો. "હું આવું છું."

---

# ઈશ્વરનાં વચનો

"કેમ કે દેવનાં વચનો ગમે તેટલાં હશે તોપણ તેનામાં હા છે; અને અમારી મારફતે દેવનો મહિમા વધે એ માટે તેના વડે આમેન પણ છે" (૨ કોરીંથી. ૧ : ૨૦).

"તેનાથી તેણે આપણને મૂલ્યવાન તથા અતિશય મોટાં વચનો આપ્યાં છે, જેથી તેઓ દ્વારા જગતમાંની જે દુર્વાસનાથી દુષ્ટતા થાય છે, તેથી છૂટીને ઈશ્વરી સ્વભાવના ભાગીદાર તમે થાઓ" (૨ પીતર ૧ : ૪).

આપણી બાલ્યાવસ્થામાં, આપણાં માતા, પિતા ને મિત્રોએ આપેલાં વચનો આપણે બધા યાદ કરી શકીએ છીએ. કદાચ આપણી માતુશ્રીએ એમ કહ્યું હોય કે જો તું સારો છોકરો કે સારી છોકરી થશે, તો તને નાતાલ પર નવાં વસ્ત્રો આપવામાં આવશે. કદાપિ પિતાશ્રીએ આ પ્રમાણે કહ્યું હોય કે જો નિશાળના તારા વર્ગમાં તું પ્રથમ નંબરે આવીશ, તો તને ઈનામ આપીશ. આવાં આવાં વચનોની પરિપૂર્ણતાની આપણે કેટલા આનંદ અને આતુરતાથી રાહ જોતાં હતાં!

આપણે પુખ્ત ઉંમરના થઈએ, છતાં પણ કોઈ આપણને વચનો આપે, તે આપણને જરૂર ગમે છે. આપણો શેઠ આપણને કહે કે તમારું કામ સંતોષકારક માલૂમ પડશે, તો છ માસ પછી તમને પગારમાં વધારો મળશે, તો આપણને ઘણો આનંદ થાય છે, અને આ ઈનામ સંપાદન કરવા માટેની શરતોનું પરિપાલન કરવાને આપણે તનતોડ મહેનત કરીએ છીએ.

કોઈ વેળા, કોઈ સુખી ગૃહસ્થ, કોઈ ગરીબ માણસ માટે જોગવાઈ કરવાનું માથે લે છે. ગરજવાનને આવું વચન ઘણું

દિલાસાજનક થઈ પડે છે. દાઊદનો મિત્ર યોનાથાન લડાઈમાં કેવી રીતે માર્યો ગયો તે પવિત્ર શાસ્ત્રમાં આપણે વાંચીએ છીએ. યોનાથાન, પોતાની પાછળ, મફીબોશેથ નામનો એક નિરાધાર અને અપંગ પુત્ર મૂકતો ગયો. દાઊદ રાજા થયો ત્યારે, મફીબોશેથ ઘણી મુશ્કેલીમાં હતો, પણ દાઊદ રાજાએ તેને કહ્યું, "બી મા; કેમ કે તારા બાપ યોનાથાનની ખાતર હું નક્કી તારા પર કૃપા રાખીશ, ને તારા દાદા શાઊલની સઘળી જાગીર હું તને પાછી આપીશ; અને તું હમેશાં મારી મેજ પર ભોજન કરજે" (૨ શમૂએલ ૯ : ૭). રાજાના આ વચનથી મફીબોશેથને કેટલો બધો આનંદ, અને સલામતીનું ભાન થયું હશે!

ઈશ્વર આપણા રાજાએ આપણને ઘણાં વચનો આપ્યાં છે. પવિત્ર શાસ્ત્રમાં આ વચનો લખેલાં છે. ગતકાળમાં આ વચનોની મારફતે તેનાં બાળકોને બળ, વિશ્વાસ અને આનંદ પ્રાપ્ત થયાં છે; અને આજે પણ આપણે આ વચનોના સહભાગીદાર થઈએ, એવું તે ઇચ્છે છે. ઈશ્વર તે જીવતો ઈશ્વર છે; પવિત્ર આત્મા હેયાત અને પ્રવૃત્તિમય છે. પવિત્ર શાસ્ત્રનાં વચનો પર ત્રિએક દેવે મહોર મારી છે, અને આજે પણ આપણે સર્વ તે વચનોનો લાભ લઈ શકીએ છીએ.

૧. ઈશ્વરે આપેલાં વચનોનો વિચાર કરતાં, તે કેવાં નિશ્ચિત છે, તે સૌથી પ્રથમ આપણે જોઈ શકીએ છીએ. તેઓ પરિપૂર્ણ થવાનાં જ, કારણ કે સઘળાં વચનો તેનામાં હા તથા આમેન છે. ઈશ્વરી સ્વભાવ ને ગુણોનું ખ્રિસ્તે આપણને એવું પ્રકટીકરણ કર્યું છે કે આપણે ખાતરીબંધ જાણીએ છીએ કે ઈશ્વર કદી પોતાનું વચન તોડશે નહિ. જે વિષે તેણે વચન આપ્યું છે, તે તે પૂર્ણ કરી શકે છે, ને કરશે જ જેમ યશાયાહ પ્રબોધકે લખ્યું છે તેમ "તે પોતાના શબ્દો મિથ્યા કરતો નથી" (યશાયાહ ૩૧ : ૨).

પોતાનાં વચનો લોકો હમેશાં પાળતા નથી, એ ખેદજનક છે. ૧૯૩૮માં હિટલરે જ્યારે એમ કહ્યું કે, "યૂરોપમાં મને કોઈ પ્રાદેશિક

લાલસા નથી," ત્યારે તેણે શાંતિની બાંહેધરીનું વચન આપેલું, પરંતુ એક વર્ષમાં જ તેનાં લશ્કરોએ પોલાંડ પર ચઢાઈ કરી તેને રગદોળી નાખ્યું.

પણ આપણો દેવ, તેનાં વચનનો કદી ભંગ કરતો નથી. હેબ્રીઓને લખેલા પત્રમાં આપણે વાંચીએ છીએ કે "જેણે વચન આપ્યું તે વિશ્વાસ યોગ્ય છે" (હેબ્રી. ૧૦ : ૨૩ ).

બનીઅનની યાત્રાકારીમાં આપણે વાંચીએ છીએ કે 'ખ્રિસ્તી' મુસાફરના હાથમાં જે ઓળિયું હતું, તે તરફ આંગળી ચિંધીને 'ચંચળ' નામનો માણસ તેને પૂછે છે, "એમાંનું લખાણ સત્ય છે?" ખ્રિસ્તી તેને જવાબ આપે છે કે "બેશક, કારણ કે જે કદી જૂઠું ન બોલી શકે, તેણે તે લખ્યું છે."

સુપ્રસિદ્ધ મુસાફર ડેવિડ લિવિંગ્સ્ટન એક વખતે મધ્ય આફ્રિકામાં ત્યાંના દુશ્મન ને જંગલી આદિવાસીઓની એક ક્રૂર ટોળીથી ઘેરાઈ ગયો. તેના મિત્રોએ તેને યુક્તિપ્રયુક્તિથી નાસી છૂટવાની સલાહ આપી. પણ ડેવિડ લિવિંગ્સ્ટનને તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્તનું વચન યાદ આવ્યું, "જુઓ, જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું," ને તેણે પોતાની નોંધપોથીમાં આ પ્રમાણે લખ્યું "આ વચન, પરમપૂજ્ય અને અતિ સન્માનિત એવા સદગૃહસ્થનું વચન છે, ને તેથી એ વચનનો હું સંપૂર્ણપણે વિશ્વાસ કરી શકું છું." જંગલી ને વિકાળ દુશ્મનોથી પોતે ચોમેર ઘેરાયેલો છે એ જાણવા છતાં, આ વચન પર શ્રદ્ધા રાખીને, તેણે આ ભયાનક જંગલમાં શાંતિથી રાત્રી નિર્ગમન કરી. બીજે દિવસે, તેઓએ તેને, અને તેના સાથીદારોને સહીસલામત જવા દીધા,

૨. ઈશ્વરનાં વચનોનો વિચાર કરતાં, આ વચનોની **મોટાઈ** અને **મહામૂલ્યવાનપણાથી** આપણે આશ્ચર્યમુગ્ધ થઈએ છીએ!

કેટલીક વાર લોકો નજીવી બાબતમાં આપણને વચન આપે છે. પણ ઈશ્વર આપણને વચન આપે છે, પણ ઈશ્વરનાં વચનો તો આપણો સ્વર્ગીય પિતા જે રાજાઓનો રાજા છે, તેના તરફથી અપાયેલાં વચનો છે, ને તેથી જ તેઓ મોટાં અને મહામૂલ્યવાન છે.

સાભળો: "જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને, તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે" (૧ યોહાન ૧ : ૯). આ તો માફીનું વચન છે. આપણને તેનું ભાન થાય કે ન થાય, પણ દરેક સ્ત્રી પુરુષને આ વચનની અનિવાર્ય જરૂર છે; ને એ વચન એવું છે, જે એકલો ઈશ્વર જ પૂર્ણ કરી શકે.

વળી આ રહ્યું બીજું વચન: "જે જીવન તેણે આપણને આપ્યું છે તે એ જ, એટલે સર્વકાળનું જીવન" (૧ યોહાન ૨ : ૨૫). પૃથ્વી પર ભરપૂર અને જયવંત જીવનનું, અને સ્વર્ગમાં જેનો કદી અંત નથી એવા જીવન માટેનું આ વચન છે.

વળી બીજું વચન જુઓ: "તેના વિષે આપણને જે હિંમત છે તે એ છે કે જો આપણે તેની ઇચ્છા પ્રમાણે કંઈ માગીએ, તો તે આપણું સાંભળે છે" (૧ યોહાન ૫ : ૧૪). આ વચન આપણને પ્રાર્થના કરવાનું કેવું ઉત્તેજન આપે છે!

જ્યારે આપણે મરણરૂપી નદીને કિનારે આવી પહોંચીએ છીએ, ત્યારે પણ જેના પર આપણે નિર્ભર રહી શકીએ એવાં વચનો આપણને આપવામાં આવે છે. "તમારાં હૃદયોને વ્યાકુળ થવા ન દો; તમે દેવ પર વિશ્વાસ રાખો છો, મારા પર પણ વિશ્વાસ રાખો. મારા બાપના ઘરમાં રહેવાનાં ઠેકાણાં ઘણાં છે" (યોહાન ૧૪ : ૧, ૨). "તું પાણીઓમાં થઈને જઈશ, ત્યારે હું તારી સાથે હોઈશ; તું

નદીઓમાં થઈને જઈશ, ત્યારે તેઓ તને ડુબાડશે નહિ; તું અગ્નિમાં ચાલીશ, ત્યારે તને આંચ લાગશે નહિ; અને જવાળા તને બાળશે નહિ" (યશાયાહ ૪૩ : ૨). મિસ ફ્રાન્સિસ રીડલી હેવરગાલ નામની એક ભાવિક ખ્રિસ્તી બહેન, જેણે ઘણાં સુંદર ગીતો રચ્યાં છે, તે મરણપથારીએ પડી હતી. તેના દુન્યવી જીવનનો અંત નજીક હતો. અને પૃથ્વી પરના આ તેના માંડવાનું ઘર પડવાની અણી પર છે, એ તે જાણતી હતી. તેણે પોતાની બહેનને કહ્યું, "મેરી, ઘુઘવાટ કરતા સમુદ્રનાં તોફાની મોજાં હોવા છતાં, હું ઘણી સુખી છું; ઈશ્વરનાં વચનો એવાં તો સત્ય છે, કે મને જરાએ બીક લાગતી નથી."

૩. ઈશ્વરનાં વચનો કેવાં નિશ્ચિત છે, તેમ જ તે કેવાં મહાન ને મૂલ્યવાન છે, એ આપણે જોઈ ગયા. ત્રીજી બાબત જે આપણું ધ્યાન ખેંચે છે, તે એ છે કે તેઓ કેટલાં **બધાં** અને **અગણિત** છે! આપણાં બંને આધારવાક્યોમાં જે શબ્દ વપરાયો છે, તે 'વચન' નહિ, પણ 'વચનો' બહુવચનમાં છે. આપણે તો કેવળ થોડાંક વચનોનો વિચાર કર્યો, પણ પવિત્ર શાસ્ત્રમાં તો એવાં સેંકડો વચનો વેરાયેલાં પડ્યાં છે. જેઓ જાતુ પવિત્ર શાસ્ત્ર વાંચે છે, તેઓને નવાં નવાં વચનો હંમેશાં મળી આવે છે આવાં અસંખ્ય વચનો હોવાનું કારણ પણ સ્પષ્ટ છે. માણસોના સંજોગો ને મિજાજ સરખાં હોતાં નથી; તેમની જરૂરીઆતોનો પણ આરો કે કિનારો હોતો નથી, ને તેથી દરેક જરૂરીઆતને પહોંચી વળવા માટે ઈશ્વરે કોઈ ને કોઈ વચનની જોગવાઈ કરી રાખી છે.

આપણે બીમાર હોઈએ, તો દાક્તર આપણને તપાસીને જે ખાસ રોગ લાગુ પડ્યો હોય, તેની જ દવા લખી આપે છે. પવિત્ર શાસ્ત્રમાં પણ આપણા આ ઉત્તમ વૈદે આપણી દરેક જરૂરીઆતરૂપી માંદગી માટે વચનરૂપી ઔષધિની જોગવાઈ કરી છે. નીચે તેનાં થોડાંક ઉદાહરણો આપું છું :

શક કે નિરાશામાં હો તો 'યહોવાહની વાટ જો; બળવાન થા અને હિમ્મત રાખ" (ગીત. ૨૭ : ૧૪).

મૂંઝવણમાં આવી પડ્યા હો તો ઈશ્વરનું વચન કહે છે: "તારા માર્ગો યહોવાહને સોંપ; તેના પર ભરોસો રાખ, અને તે તને ફળીભૂત કરશે" (ગીત ૩૭ : ૫).

ચિંતાતુર હો તો, ઈશ્વરનું વચન આ પ્રમાણે કહે છે: "માટે અમે શું ખાઈએ, અથવા શું પીઈએ, અથવા શું પહેરીએ, એમ કહેતાં ચિંતા ન કરો. કારણ કે એ સઘળાં વાનાં વિદેશીઓ શોધે છે; કેમ કે તમારો આકાશમાંનો બાપ જાણે છે કે એ બધાંની તમને અગત્ય છે. પણ તમે પહેલાં તેના રાજ્યને તથા તેના ન્યાયીપણાને શોધો, એટલે એ બધાં વાનાં પણ તમને અપાશે" (માત્થી ૬ : ૩૧–૩૩)

નિર્બળતામાં ઈશ્વરનું વચન કહે છે: "તારે વાસ્તે મારી કૃપા બસ છે; કેમકે મારું સામર્થ્ય નિર્બળતામાં સંપૂર્ણ થાય છે" (૨ કોરીંથી. ૧૨ : ૯).

હું હવે તમારી આગળ બે સાક્ષીઓ રજૂ કરવા ઇચ્છું છું, જેમનો અનુભવ આ ગૌરવી સત્ય પુરવાર કરે છે, કે માણસ ગમે તેવા સંજોગોમાં હોય, તોપણ તેવા દરેકની અગત્ય પૂરી પાડવા માટે પવિત્ર શાસ્ત્રમાં વચન છે. પહેલો દાખલો લોર્ડ શાફ્ટઝબરી, જે એક મહાન ખ્રિસ્તી સામાજિક સુધારક હતા, તેમનો છે. ૧૮૦૨ના જૂન માસમાં આમસભામાં તેમણે એક બિલ રજૂ કર્યું, જેનો આશય ૧૩ વર્ષથી નાના તમામ છોકરાઓ, બધી સ્ત્રીઓ ને નાનાં બાળકોને કોલસાની ખાણોમાં કામ કરતાં અટકાવવાનો હતો. તેમણે બહુ જ સંભાળપૂર્વક પોતાનું ભાષણ તૈયાર કર્યું હતું, પણ એક યા બીજા કારણને લઈને આ ખરડાની વિચારણા મુલતવી રાખવામાં આવી. લોર્ડ શાફ્ટઝબરી આથી ઘણા બેચેન બન્યા, ને તેમનો વિશ્વાસ ડગી

ગયો. બિલના વિરોધીઓ ઘણા હતા, અને તેના સમર્થનમાં તેઓ જે પ્રવચન કરવાના હતા, તેની કટોકટીભરી કસોટીમાં પોતે કદીએ સફળ થશે કે કેમ તે બાબત તેમને આશ્ચર્ય થવા માંડયું ! પરંતુ તરત જ તેમના મનમાં ઈશ્વરનુ વચન વીજળીના ઝબકારાની પેઠે ચમક્યું : “બળવાન તથા હિમ્મતવાન થા; ભયભીત ન થા, ને ગભરાતો મા; કારણ કે જ્યાં કહીં તું જાય છે, ત્યાં તારો દેવ યહોવાહ તારી સાથે છે” (યહોશુઆ ૧ : ૯), ને એકદમ તેમનો ઉદ્વેગ સમી ગયો. સભા-ક્ષોભ અદૃશ્ય થયો, અને ઉદ્બોધન કરવાનો જ્યારે પ્રસંગ આવ્યો, ત્યારે બે કલાક સુધી તે એવા જુસ્સા અને પરાક્રમ સહિત બોલ્યા કે સભાગૃહ પર તેની ચમત્કારિક અસર થઈ, અને છેવટે આ અતિ મહત્ત્વનો ને જરૂરી સુધારો થયો.

બીજો સાક્ષી તે તો એરિક લીડેલ છે. સ્કોટલેન્ડ દેશના આ કસરતબાજને ૧૯૨૪ના ઉનાળામાં પારિસ ખાતે ભરાનાર, મર્દાની શરતોની રમતની હરીફાઈમાં દોડ દોડનાર તરીકે ઊતરવા માટે, બ્રિટનના પ્રતિનિધિ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. સો મિટરની દોડ તેણે દોડવી જોઈએ, એમ બધાનો આગ્રહ હતો, કારણ કે એના જેવી જ સો વારની દોડમાં, બ્રિટનમાં પ્રથમ આવનાર તરીકે તેણે રેકર્ડ નોંધાવ્યો હતો. પણ જ્યારે શરતોનો કાર્યક્રમ પ્રસિદ્ધ થયો, ત્યારે જણાયું કે સો મિટરની દોડની શરત તો રવિવારે રાખવામાં આવી હતી. હવે એરિક લીડેલ તો એક સાચો અને આસ્તિક ખ્રિસ્તી હતો. ને તેણે દૃઢતાથી કહ્યું કે રવિવારને દિવસે તો હું કદી દોડવાનો નથી; અને તેને બદલે ચારસો મિટરની દોડ જે કાર્યક્રમમાં બીજા કોઈ દિવસે રાખવામાં આવેલી, તેને માટે તૈયારી કરવા લાગ્યો. છેલ્લે આ મોટી દોડ માટેનો નિયત દિવસ આવી પહોંચ્યો. દોડ શરૂ થઈ તે પહેલાં, એક માણસે આવીને લીડેલના હાથમાં એક નાની સરખી ચિઠ્ઠી સેરવી દીધી. ચિઠ્ઠીમાં પવિત્ર શાસ્ત્રના આ શબ્દો લખેલા

હતા; "જેઓ મને માન આપે છે, તેઓને હું પણ માન આપીશ" (૧ શમૂએલ ૨ : ૩૦). આ શબ્દો પોતાના સ્મરણપટ પર રાખીને, ને તેમાથી પ્રેરણા પામીને, લીડેલ શરૂથી અંત સુધી એવી એકાગ્રતાથી, ને તીરની ઝડપથી દોડયો કે તેને ઝળકતો અને નિશ્ચિત વિજય સાંપડયો, ને ૪૭.૬ સેકન્ડમાં દોડ પૂરી કરીને તેણે દુનિયાનો રેકોર્ડ તોડયો.

બધા સાચા ખ્રિસ્તીઓ પોતાના અનુભવ પરથી આપણને કહી શકે છે કે અણીને પ્રસંગે આપણને સહાયભૂત થાય એવું ઈશ્વરનું વચન હમેશાં મોજૂદ હોય છે.

ઈશ્વરનાં વચનોની નિશ્ચિતતા (સદ્ધરતા), **ઘનિષ્ઠતા** અને વિપુલતા માટે તેનો આભાર માનો.

આવાં મહાન વચનો આપવામાં ઈશ્વરનો શો હેતુ હશે? પવિત્ર શાસ્ત્રમાં આ ઉદ્દેશ સ્પષ્ટ રીતે દર્શાવ્યો છે. "તેથી વહાલાઓ, આપણને એવાં વચન મળેલાં છે, માટે આપણે દેહની તથા આત્માની સર્વ મલિનતાને દૂર કરીને પોતે શુદ્ધ થઈએ, અને દેવનું ભય રાખીને સંપૂર્ણ પવિત્રતા સંપાદન કરીએ" (૨ કોરીંથી. ૭ : ૧). "તેનાથી તેણે આપણને મૂલ્યવાન તથા અતિશય મોટાં વચનો આપ્યાં છે; જેથી તેઓ દ્વારા જગતમાંની જે દુર્વાસનાથી દુષ્ટતા થાય છે, તેથી છૂટીને ઈશ્વરી સ્વભાવના ભાગીદાર તમે થાઓ" (૨ પીતર ૧ : ૪). ઈશ્વરનાં વચનો આપણને આપણી પૃથક જરૂરીઆત ને મુશ્કેલીમાં ધરી રાખીને બળવત્તર કરે છે; પણ તે સર્વનું અંતિમ ધ્યેય તો આપણે, પુરુષો ને સ્ત્રીઓ, ખ્રિસ્તના જેવાં ને ખુદ ઈશ્વરી સ્વભાવનાં ભાગીદાર થઈએ એ જ છે. કેવો અજબ વિચાર! આપણે પોતે સ્વપ્રયત્નથી કદી પણ ખ્રિસ્તના જેવા થઈ શકીએ નહિ. પણ ઈશ્વરી કૃપાનાં વચન દ્વારા તે શક્ય છે.

ઈશ્વરનાં વચનોને આપણે શું કરીશું ? આપણે તેમના પર વિશ્વાસ કરવો જોઈએ, ને તેમની સાથે સંલગ્ન થયેલી સર્વ શરતોનું પાલન કરીને, તેમાં સમાયેલા પ્રમાણિત આશીર્વાદો પ્રાપ્ત કરવા જોઈએ.

આપણને હૂંડી, કે મનીઓર્ડર આપવામાં આવે, પણ જ્યાં સુધી તેના પર આપણે સહી ન કરીએ, ત્યાં સુધી તે નકામાં છે. પણ એકવાર તે પર સહી કરી, એટલે ગમે તે બેંક કે પોસ્ટ ઓફિસ આપણને તેના નાણાં આપશે. ઈશ્વરનાં વચનો હૂંડી કે મનીઓર્ડર જેવાં છે. આપણે તે વચનો સ્વીકારવાં જોઈએ, તે પર શ્રદ્ધા રાખવી જોઈએ, ને વચનો સાથે સંકળાએલી શરતોનું પરિપાલન કરવું જોઈએ, ત્યારે જ ઈશ્વર તેનાં વચનોને સન્માનશે.

# મનુષ્યની સર્વ ગરજો પૂરી પાડનાર

"મારો દેવ પોતાના મહિમાની સંપત્ત પ્રમાણે તમારી સર્વ ગરજ ખ્રિસ્ત ઈસુમાં પૂરી પાડશે" (ફિલિપી. ૪ : ૧૯).

માણસ માત્રને કેટલીક ખાસ શરીરવિષયક **જરૂરીઆતો** હોય છે. પાણી, ખોરાક, હવા, ગરમી અને આરામની સર્વને જરૂર છે. શરીરને જીવાડવું હોય તો આ બધાં વાનાંની અનિવાર્ય જરૂર છે. દરેક દેશ કે વર્ગનાં બધાં મનુષ્યોને આ વાનાંની જરૂર છે. જેવી રીતે બધાં માણસોની મુખ્ય શારીરિક જરૂરીઆતો સરખી, તેવી જ રીતે તેમની મૂળભૂત આત્મિક ગરજો પણ સરખી જ છે. આ જરૂરીઆતોમાંની કેટલીક, ને તે કેવી રીતે પૂરી પાડી શકાય તેનો આપણે વિચાર કરીએ.

૧. મનુષ્યમાત્રને **ઈશ્વર વિષેના જ્ઞાનની** જરૂર છે. ઈશ્વર છે કે નહિ તે ખાસ પ્રશ્ન નથી. મોટા ભાગનાં મનુષ્યો માને છે કે ઈશ્વર છે, ને જે ઈશ્વરનું તેઓ ભજન કરે છે, તેના સન્માનાર્થે તેઓ દેવળો, મંદિરો, દહેરાં ને મસ્જિદો બંધાવે છે. વધુ અગત્યનો પ્રશ્ન તો એ છે કે આ ઈશ્વર તે કેવો છે, અને તેની પ્રકૃતિ કેવી છે?

ઈશ્વર તે "આદિકારણ" છે અથવા તો તે એક સર્વોચ્ચ વ્યક્તિ છે. એવું કહેવાથી માણસના હૃદયને સંતોષ પ્રાપ્ત થતો નથી. વિશ્વના ઉત્પન્નકર્તા અને નિયંતા તરીકે ઈશ્વરની શક્તિ અને બુદ્ધિમત્તાનું કંઈક દર્શન આપણને કુદરત દ્વારા થાય છે; છતાં તેટલાથી આપણને સંતોષ વળતો નથી. પહેલા સૈકામાં જ્યારે પ્રેરિત પાઊલે આથેન્સની મુલાકાત લીધી, ત્યારે ત્યાં તેણે એક વેદી જોઈ, જેના પર "અજાણ્યા દેવના માનમાં" એવો લેખ કોતરેલો હતો. આથેન્સ શહેરના તત્ત્વવેત્તાઓ ઈશ્વર સંબંધીના વિચારોમાં, અને તેને

જાણવાનો પ્રયત્ન કરવામાં પોતાનો સમગ્ર વખત ગાળતા હતા, પણ તેમને એમ લાગ્યું કે ઈશ્વરનો તો કંઈ પાર પામી શકાય તેમ નથી, અને તેથી તેમનાં અંતઃકરણો અસંતુષ્ટ રહ્યાં. ઘણાખરા ધર્મો અને તત્ત્વજ્ઞાનને, અગમ્ય એવા ઈશ્વર માટેની માણસની શોધ તરીકે વર્ણવી શકાય.

ખ્રિસ્તી ધર્મનો પાયારૂપ સિદ્ધાંત કે સત્ય એ છે કે ઈશ્વરે માણસજાતને પોતાનું પ્રકટીકરણ કર્યું છે. માણસો પોતે સ્વપ્રયત્નથી ઈશ્વરને કદી પામી કે પહોંચી શકે નહિ, તેથી ઈશ્વર પોતે આ અવની પર આવ્યો, તેણે ઈસુ ખ્રિસ્તમાં અવતાર ધારણ કર્યો. ઈસુ ખ્રિસ્તે માણસોમાં વસીને ભલાઈ, સત્ય અને પ્રેમનું નિષ્કલંક જીવન ગુજાર્યું. જ્યારે લોકો તેને પૂછતા કે "અમને ઈશ્વર બતાવ," ત્યારે તે કહેતા કે "જેણે મને જોયો છે, તેણે બાપને જોયો છે." પ્રેરિત પાઊલ આ પ્રમાણે લખે છે "તે અદૃશ્ય દેવની પ્રતિમા, સર્વ સૃષ્ટિનો પ્રથમજનિત છે" (કોલોસી. ૧ : ૧૫). હેબ્રીઓને લખેલા પત્રમાં આપણે વાંચીએ છીએ કે "તે તેના ગૌરવનું તેજ તથા તેના સત્વની આબેહૂબ પ્રતિમા છે" (હેબ્રી. ૧ : ૩). પ્રભુ ઈસુ ખ્રિસ્તને જ્યારે આપણે માણસોમાં વસતો, તેમને ચહાતો, બોધ આપતો, તેમની સેવા કરતો, તેમને માટે દુઃખ ભોગવતો, અને છેલ્લે મરણ પામતો જોઈએ છીએ, ત્યારે આપણને એવી જરૂર ખાતરી થાય છે કે આપણે ઈશ્વરને જોઈએ છીએ. તેના ચહેરામાં આપણે ઈશ્વરી ગૌરવનો જ્ઞાન પ્રકાશ જોઈએ છીએ.

એક શિક્ષકે, કેટલાંક બાળકોની સાથે વાત કરતાં કરતાં તેમને પૂછ્યુ કે ઈસુ વિષે તમે શું ધારો છો? એક નાના છોકરાએ જવાબ આપ્યો કે "ઈશ્વરે પાડેલી છબીઓમાં ઈસુ ખ્રિસ્તની છબી સર્વોત્તમ છે."

સાચે જ, તે ઈશ્વરની સર્વોત્કૃષ્ટ છબી છે. જે કેવળ એક રીતે આપણે ઈશ્વરને જાણી શકીએ એટલે માનવી દેહમાં પ્રગટ થયેલો

તે પોતે ઇશ્વર છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં ઇશ્વરની જે પ્રતિમા આપણને આપવામાં આવી છે. તે જોઈને આપણને લાગે છે કે જેને આપણે જાણી શકીએ એવી સર્વોચ્ચ વ્યક્તિ અહીં છે; અહીં એક એવો છે, જે સર્વથા પૂજ્ય છે; અહીં આપણો પોતાનો પ્રેમાળ અને પવિત્ર સ્વર્ગીય પિતા છે, જે આપણા પર પ્રેમ કરવા, અને આપણાં અંતઃકરણોને તૃપ્ત કરવા આપણી પાસે આવ્યો છે.

૨. બધાં માણસોને **પાપની માફીની જરૂર છે.** શાસ્ત્રમાં લખ્યું છે કે "સઘળાં પાપને આધીન છે," "કોઈ ન્યાયી નથી, એક પણ નથી." "સઘળાંએ પાપ કર્યું છે, અને દેવના મહિમા વિષે સઘળા અધૂરા રહે છે." જો આપણે આપણાં જીવનો તપાસીએ, ને પોતાને પૂછીએ કે શું હું મારા વિચાર, વાણી ને વર્તનમાં પ્રમાણિક, સાચા, શુદ્ધ, નિસ્વાર્થી અને પ્રેમાળ છું કે કેમ, તો આપણે બધાએ કબૂલ કરવું પડશે કે આપણે પાપ કર્યું છે.

એક ધર્માધ્યક્ષ કારાગૃહમાં કેદીઓની મુલાકાત લેતા હતા. એક બાઈ તેમને ત્યાં મળી ને તેણે પૂછયું કે આ બધા ગુનેગારો કેવા પ્રકારના માણસો હશે? પાદરીએ જવાબ આપ્યો "તે બધા આપણા જેવા જ છે; ફેર માત્ર એટલો જ છે કે તેઓ ખોટું કરતાં પકડાયા એટલે છીંડે ચઢ્યા માટે ચોર છે." તેમનો આ જવાબ તદ્દન સાચો છે. માનવી ન્યાયાધીશ આગળ, કાયદાની કચેરીમાં આપણને હાજર થવું પડે તેવા ગુના કદાચ આપણે ન કર્યા હોય, પરંતુ આપણે બધાએ એવાં પાપ કર્યાં છે, જે આપણને આખી પૃથ્વીના ન્યાયાધીશની હજૂરમાં ગુનેગાર ઠરાવે છે.

આપણું પાપ તે આપણી ને ઈશ્વરની વચ્ચે અંતરાયરૂપ છે. પરમ પવિત્ર ઈશ્વરના દરબારમાં જવા માટે આપણ પાપીઓ લાયક નથી. આપણે તો કેવળ તેના કોપ નીચે આવી મરણદંડને લાયક છીએ. જે પાપરૂપી ખાઈ આપણને ઇશ્વરથી વિમુખ રાખે છે તેનું

જોડાણ કરી શકીએ તેમ નથી. પણ ઈશ્વરે પોતે આ વિશાળ અંતર દૂર કર્યું છે. ઈશ્વર પોતે ખ્રિસ્ત દ્વારા આખી દુનિયાનો પોતાની સાથે પુનર્મિલાપ કરાવે છે. પાપને લીધે, ઈશ્વર ને માનવ વચ્ચેનો જે સંબંધ તૂટેલો તે ખ્રિસ્તે ફરીથી પ્રસ્થાપિત કર્યો છે. તે માણસો મધ્યે વસ્યો, ને છેલ્લે વધસ્તંભ પર દુઃખ ભોગવતાં ભોગવતાં આપણાં અને સમગ્ર દુનિયાનાં પાપને લીધે મરણ પામ્યો. પાપને કારણે જે દુઃખ આપણે ભોગવવાનું હતું તે તેણે પોતે નિષ્પાપ હોવા છતાં ભોગવ્યું. તેણે આપણાં પાપનું પૂરેપૂરું પ્રાયશ્ચિત્ત કર્યું. "તેના પુત્ર ઈસુનું લોહી આપણને આપણાં સઘળાં પાપથી શુદ્ધ કરે છે." પ્રેરિત પાઊલ જેવો ચુસ્ત યહૂદી, જેનાં પાપ ખ્રિસ્તમાં માફ થયાં હતાં તે સાક્ષી પૂરતાં જણાવે છે કે "વહાલાઓ, એનામાં, એના લોહી દ્વારા તેની કૃપાની સંપત પ્રમાણે આપણને ઉદ્ધાર એટલે પાપની માફી મળી છે" (એફેસી. ૧ : ૭).

જે કોઈ પોતાનાં પાપનો પસ્તાવો કરી ખ્રિસ્તની પાસે આવે છે, ને તેના પર વિશ્વાસ કરે છે, તેનો ખ્રિસ્ત અંગીકાર કરે છે, અને તેને માફી બક્ષીને તેના હૃદયને અપૂર્વ શાંતિથી ભરપૂર કરે છે.

વિદુષી, સાક્ષર, સંત અને હિંદી સ્ત્રીત્વનો ઉદ્ધાર કરનાર પંડિતા રમાબાઈની સાક્ષી સાંભળો : "હું ખૂબ વ્યાકુળ થઈ ગઈ હતી; પાપે મારા પર સામ્રાજ્ય જમાવ્યું હતું, તેનું મને ભાન હતું, છેવટે, જાણે મારો અંત આવ્યો હોય તેમ મને જણાયું, ને બિન-શરતે હું તારનારને આધીન થઈ ગઈ; મારા હૃદય પરથી ભારે અને અસહ્ય બોજો જતો રહ્યો; હું જાણે અંધ હોઉં, ને મારાં ચક્ષુ ઉઘડી ગયાં હોય તેમ મને લાગ્યું.

૩. બધાં માણસોને **નૈતિક બળની જરૂર છે.** ઘણાખરા માણસો પોતાનું કર્તવ્ય શું છે તે જાણે છે. કેવી રીતે વર્તવું જોઈએ

તે પણ તેઓ જાણે છે; તેઓ જાણે છે કે અમારે નીતિમય જીવન જીવવું જોઈએ અને કદી કોઈને છેતરવું નહિ કે જૂઠું બોલવું જોઈએ નહિ; તેઓ જાણે છે કે તેમણે પોતાની અને પરકોમના માણસો પર ભાઈઓ તરીકે પ્રેમ કરવો જોઈએ, અને તેઓની વિનમ્રપણે બિનસ્વાર્થ સેવા કરવી જોઈએ. પણ આ ધોરણ અનુસાર જીવન ગાળવામાં તેઓ નિષ્ફળ નિવડે છે, આના કરતાં હલકા પ્રકારનું ધોરણ સ્વીકારીને તેઓ શિથિલ થાય છે ને ભૂંડી કુટેવોના ગુલામ બની જાય છે. કેમ? કારણ કે તેમનામાં નૈતિક હિંમત કે બળનો અભાવ હોય છે.

હિંદને, તેમ જ બીજા બધા દેશોને આજે ચારિત્ર્યની ઘણી જરૂર છે. દેશનું તંત્ર અસરકારક રીતે ચલાવવા, રેલવે, પોસ્ટ ઓફિસો, બેંકો, મિલો, કારખાનાં, દુકાનો, નિશાળો અને કોલેજો વગેરેનો વહીવટ યોગ્ય રીતે ચલાવવા માટે માત્ર શાસ્ત્રીય કે વૈજ્ઞાનિક જ્ઞાન પૂરતું નથી. ઉત્તમ નૈતિક ચારિત્ર્યની ખાસ જરૂર છે.

પણ આ નૈતિક બળ ક્યાંથી મળે? આપણા વ્યક્તિગત અને રાષ્ટ્રીય જીવનના ઝરાને કોણ શુદ્ધ કરશે? આપણો સ્વાર્થ દૂર કરીને તેની જગાએ ઈશ્વર પ્રત્યે આજ્ઞાંકિતપણું અને માણસો પ્રત્યેનો સદ્ભાવ કોણ ઉત્પન્ન કરશે? ઈસુ ખ્રિસ્ત આ કરી શકે છે. આપણને જે નૈતિક બળની જરૂર છે તે તે આપશે. આપણાં પાપનું પ્રાયશ્ચિત કરવા તે મરણ પામ્યો, અને તે આપણને પાપથી બચાવે માટે ફરી સજીવન થયો; જે ખ્રિસ્તને ખ્રિસ્તીઓ ભજે છે, તે જીવતો ખ્રિસ્ત છે. તે આપણાં અંતઃકરણોમાં વસવા રાજી ને તૈયાર છે. જો ખ્રિસ્ત આપણામાં હોય, તો દુષ્ટતા પર જીત મેળવવાનું અને સારું કરવાનું બળ આપણને પ્રાપ્ત થાય છે.

એક વખતે એક બાળકે આ પ્રમાણે કહ્યું, "મારા અંતઃકરણના દ્વાર પર મેં એક ટકોરો સાંભળ્યો. મેં દ્વાર ઉઘાડીને જોયું તો ઈસુ બહાર ઊભો હતો; મેં તેને અંદર આવવાનું આમંત્રણ આપ્યું, ને પ્રભુ ઈસુ અંદર આવ્યો. ત્યાર પછી ફરી બીજો ટકોરો મેં સાંભળ્યો, ને મેં ઈસુને કહ્યું કે તમે દ્વાર પાસે જાઓ. ઈસુ ગયો ને બારણું ઉઘાડીને જોયું તો ઠોકનાર શેતાન હતો જ્યારે તેણે ઈસુને ત્યાં જોયો ત્યારે તે બોલ્યો કે "મારી ભૂલ થઈ છે, હું અસ્થાને છું."

જ્યારે ખ્રિસ્ત આપણાં અંતઃકરણોમાં વસવા માટે આવે છે, ત્યારે તે પોતાની સાથે એવી ચમત્કારિક શક્તિ લાવે છે, જે માણસને ભૂંડી ટેવોમાંથી મુક્ત થવાનું, તેમ જ ઈશ્વરને પ્રસન્ન એવું આનંદી, અને માનવબંધુઓને ઉપયોગી એવું શુદ્ધ, પરોપકારી જીવન જીવવાનું બળ પણ આપે છે.

અંતઃકરણમાં વસનાર ખ્રિસ્ત તરફથી મળતું પરાક્રમ એ ખ્રિસ્તી ધર્મનું વિશિષ્ટ લક્ષણ છે. એક બ્રાહ્મણ ન્યાયાધીશે સામાજિક સુધારાની ચર્ચા કરતાં એક ખ્રિસ્તી ઉપદેશકને કહ્યું કે "શું કરવું જોઈએ તે અમે હિંદુઓ જાણીએ છીએ, પણ ખ્રિસ્તીઓને તેમ કરવાની શક્તિ છે, અને તમે તે પ્રમાણે કરી જાણો છો."

પૂર્વના ધર્મોની બાબતમાં, પ્રખર અને પ્રમાણભૂત ગણાતા વિદ્વાનોમાના એક, સર મોનિયર વિલ્યમ્સ જણાવે છે કે ખ્રિસ્તી ધર્મમાં 'અંતઃકરણમાં વસનાર ખ્રિસ્તનો' જે સિદ્ધાંત છે. તે જ તેને અન્ય ધર્મોથી જુદો પાડે છે. કોઈપણ ચીનો, એક પળ માટે પણ એવી કલ્પના કરતો નથી કે તેની ને કોન્ફ્યુસિયસની વચ્ચે કંઈ તત્ત્વિક ઐક્ય છે, કોઈપણ બૌધ ધર્મના અનુયાયીને સિદ્ધાર્થ બુદ્ધ સાથે; આવી આંતરિક સંગતનો સ્વપ્ને પણ ખ્યાલ આવતો નથી; કોઈપણ મુસ્લિમ આ પ્રમાણે નહિ કહી શકે કે "હું જીવું છું, પણ હું નહિ,

પણ મારામાં મહંમદ પેગંબર સાહેબ જીવે છે," પણ પ્રેરિત પાઊલ ખાતરીબંધ કહે છે કે "હું જીવું છું, પણ હું નહિ, પણ મારામાં ખ્રિસ્ત જીવે છે."

તમારાં જીવનોમાં શું તમને નૈતિક બળની જરૂર છે? તો ખ્રિસ્તને તમારામાં આવીને વસવાનો આગ્રહ કરો, ને તે આવીને તમારામાં રહેલી કમજોરી જરૂર દૂર કરીને પોતાનું સામર્થ્ય જે કદી પરાસ્ત થતું નથી તે બક્ષશે.

૪. બધાં માણસોને **સાર્વકાળિક જીવનની જરૂર છે.** સ્વર્ગ, જે ઈશ્વરનું સનાતન ધામ છે, ત્યાં જવાની સર્વને મહત્ત્વાકાંક્ષા હોય છે. પૃથ્વી પરનું જીવન અપૂર્ણ છે, મરણોન્મુખ થતી વખતે ઘણાને એમ લાગે છે કે અમારા જીવનના કાર્યની શરૂઆત હવે જ થાય છે. જ્યાં પાપ, નિર્બળતા, ને દુઃખથી નિર્બાધિત થઈ તેઓ અનંત આનંદ સાથે ઈશ્વરની સેવા અને સ્તુતિ કરી શકે એવા મરણરૂપી નદીના સામા કિનારા પર વધુ સારા અને ભરપૂર જીવનની અપેક્ષા તેઓ રાખતા હોય છે. પ્રત્યેક મનુષ્યના હૃદયમાં વ્યક્તિગત અમરપણાની ચોક્કસ અભિલાષા હોય છે.

પ્રભુ ઈસુ આ આકાંક્ષાને પણ પૂર્ણ કરી શકે છે. સુવાર્તાનું સૌથી મહાન વચન આ પ્રમાણે છે "કમ કે દેવે જગત પર એટલી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ સારુ કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે."

વધસ્તંભ પર ખ્રિસ્તનું મૃત્યુ થયું તે પહેલાં તેણે પોતાના શિષ્યોને કહ્યું હતું કે "તમારાં હૃદયોને વ્યાકુળ થવા ન દો; તમે દેવ પર વિશ્વાસ રાખો છો, મારા પર પણ વિશ્વાસ રાખો. મારા બાપના ઘરમાં રહેવાનાં ઠેકાણાં ઘણાં છે, નહિ તો હું તમને કહેત."

મનમાં જેઓ શુદ્ધ કેવળ તેઓ જ દેવને જોઈ શકે છે, ને તેથી જ જેઓ મનમાં શુદ્ધ છે, તેઓ સ્વર્ગમાં પ્રવેશ પામશે. ખ્રિસ્ત આપણાં હૃદયોને શુદ્ધ કરી શકે છે, ને પેલા સાર્વકાળિક, સુખી ને પ્રકાશમય ઘરમાં પ્રવેશ પામવાની ખાતરી આપી શકે છે.

પ્રભુ ઈસુ આવ્યો તે પહેલાં, યહૂદી લોકોની એવી માન્યતા હતી કે પૃથ્વીના પેટાળમાં શેઓલ નામની એક વિશાળ કબર હતી. જ્યાં મરણ પામેલા બધા આત્માઓ જતા હતા. એક વાર કોઈનો આત્મા આ શેઓલમાં ગયો, કે પછી તેનો ઈશ્વર સાથેનો સંબંધ કપાઈ જતો, ને તે ઈશ્વરની સ્તુતિ કે પ્રાર્થના કરી શકતો નથી. ઈશ્વરની હજૂરમાં, કેવળ ન્યાયીઓ માટે જ વ્યક્તિગત અવિનાશીપણું હોવાનો ભાંગ્યોતૂટ્યો વિશ્વાસ કેટલાક યહૂદી સંતો ધરાવતા હતા, પણ આ આખો પ્રશ્ન શક અને અનિશ્ચિતતાના ધૂમસથી ઘેરાયેલો હતો. પછી તો ખ્રિસ્ત આવ્યો, અને સુવાર્તાદ્વારા તેણે જીવન અને અવિનાશી-પણાને પ્રકાશમાં આણ્યાં, અને પોતાના અનુયાયીઓના મનમાંથી સર્વ પ્રકારની બીક ને શંકા દૂર કર્યાં.

મુક્તિફોજના આદ્યસ્થાપક અને મહાન ખ્રિસ્તી ઉપદેશક જનરલ બૂથનો જીવનદીપક બુઝાવાની અણી પર હતો એવી એક સંધ્યાએ, તે છેક નંખાઈ ગયેલી ને લગભગ તદ્દન અંધ જેવી સ્થિતિમાં તેમના અભ્યાસના ઓરડામાં તેમની દીકરીના જોવામાં આવ્યા. ઓરડાની બારીમાંથી દૂર સુધી ગ્રામ્ય પ્રદેશનો નૈસર્ગિક દેખાવ દૃષ્ટિ-ગોચર થતો હતો, અને અસ્તાચળ તરફ જતા સૂર્યનાં સોનેરી કિરણોથી આકાશ ખુશનુમા ને રમણીય લાગતું હતું. આથમતી સંધ્યાનો સૂર્યાસ્ત સુંદર દૃશ્ય ખડું કરી રહ્યો હતો. તેણીએ બાપને પૂછ્યું, "આ સુંદર સૂર્યાસ્ત તમે જોઈ શકો છો?" બાપે જવાબ આપ્યો, "ના, હું તે જોઈ શકતો નથી. તે તેમને બારીની વધારે નજીક લઈ

ગઈ, ને ટેકો આપીને આ સુંદર દૃશ્ય બતાવવા લાગી, પણ તેમાં તેને નિરાશા સાંપડી. જનરલે કહ્યું, "મારી વહાલી દીકરી, હું સૂર્યાસ્ત જોઈ શકતો નથી, પરંતુ સૂર્યોદય તો હું જરૂર ને નિશ્ચંકપણે જોઈ શકીશ."

ખ્રિસ્તી માણસ માટે મૃત્યુ પણ સૂર્યોદય સમાન છે. આપણા પ્રભુની સાથે જ્યાં સદાસર્વદા આપણે હોઈશું એવી વૈભવી ભોમમાં તો તે સૂર્યોદય છે.

આપણને ઈશ્વરનું પ્રકટીકરણ કરીને, આપણાં પાપોની માફી આપીને, આપણને નૈતિક બળ પમાડીને, અને છેલ્લે આપણામાં અનંતજીવનની ખાતરી ઉપજાવીને પ્રભુ ઈસુ ખ્રિસ્ત મનુષ્ય હૃદયની મુખ્ય જરૂરીઆતો કેવી અજાયબ રીતે પૂરી પાડે છે એ બાબતોનો વિચાર કરતાં આપણે પણ પાઊલ પ્રેરિતની સાથે બૂમ પાડ્યા વિના રહી શકતા નથી કે "મારો દેવ પોતાના મહિમાની સંપત પ્રમાણે તમારી સર્વ ગરજ ખ્રિસ્ત ઈસુમાં પૂરી પાડશે."

પ્રભુ ઈસુ કેવો સર્વાંગ સંપૂર્ણ છે! શું તમે ખ્રિસ્તની સ્વંય સંપૂર્ણતાની ખાતરી કરી છે? તમારા આત્માની ઊંડી આત્મિક જરૂરીઆતોને તે એકલો જ પરિતૃપ્તિ કરી શકે છે.

એક વાર એક નાનો છોકરો એક મિત્રને ત્યાં રહેવા ગયો હતો. પણ તે દરમ્યાન તેને પોતાનું ઘર સાંભરી આવ્યું, ને ત્યાં પાછો જવા માટે તે તલપાપડ થઈ ગયો. મિત્રોએ તેને રીઝવવા માટે પોતાથી બને તે બધું કર્યું. તેઓએ તેની આગળ રમકડાં ધર્યાં, અને મિઠાઈ આપવા માંડી, પણ તેણે તે બધું ફેંકી દીધું. તેને તો પોતાની મા પાસે જવું હતું, અને બીજા કશાથી તેને સંતોષ વળે તેમ નહોતું.

ઊંડે ઊંડે મનુષ્યના હૃદયમાં પણ ભારે અસંતોષરૂપી લાવા ખદબદતો પડયો છે, જેનું ઈશ્વર સિવાય બીજા કોઈથી શાંત્વન થઈ શકે તેમ નથી. તેની તૃપ્તિ અર્થેના સર્વ મનુષ્ય પ્રયત્નો અને ખોળાધરીઓ તેને કદી સંતોષી શકશે નહિ; કેવળ પ્રભુ ઈસુ જ તેને સંતુષ્ટ કરી શકે છે. શું તમે તેનો, ને તે સાથે જે સર્વ આશીર્વાદો એટલે ઈશ્વર સંબંધીનું જ્ઞાન, પાપની ક્ષમા, નૈતિક બળ, અને સાર્વકાળિક જીવનની ખાતરી તે પમાડે છે, તેનો સ્વીકાર કર્યો છે? ખ્રિસ્ત સહિત તમે કેવા ધનવાન છો; ખ્રિસ્ત રહિત કેવા કંગાળ!

4BGR2

## ગુજરાત ટ્રાક્ટ એન્ડ બૂક સોસાયટીનાં પ્રકાશનો

| પુસ્તકનું નામ | રૂા. પૈસા |
|---|---|
| કલોથ બાઈન્ડિંગ ભજનસંગ્રહ | ૨૫-૦૦ |
| ઇન્ડિયા પેપર ભજનસંગ્રહ | ૩૦-૦૦ |
| આદિવાસી ગીતમાલા | ૧૦-૦૦ |
| બાઇબલ અભ્યાસ ભાગ-૧ થી ૭ | ૩૪-૦૦ |
| વાટને વિસામે | ૩-૦૦ |
| સૌથી મહાન વિજેતા | ૨-૦૦ |
| બેન્હૂર (ઐતિહાસિક નવલકથા) | ૩-૦૦ |
| અંતરના અજવાળા-બોધદાયી વાર્તા | ૩-૦૦ |
| ધી રોબ-નવલકથા | ૬-૫૦ |
| અજાયબ ભવિષ્યવચનો | ૩-૦૦ |
| પુનરુત્થાનો-ન્યાયકાળો | ૩-૦૦ |
| રશિયા, ઇઝરાયલ અને બાઇબલ | ૫-૦૦ |
| અનોખી ઇઝરાયલ પ્રજા | ૭-૦૦ |
| યરૂશાલેમનું મંદિર બંધાશે? | ૭-૦૦ |
| સચિત્ર બાઇબલ અભ્યાસ માર્ગદર્શિકા | ૧૫-૦૦ |
| બાઇબલ માહિતી કોશ-૧ | ૧૫ ૦૦ |
| બાઇબલ માહિતી કોશ-૨ | ૧૫-૦૦ |
| કબરને પેલે પાર | ૧ ૫૦ |
| યુવાવસ્થા સોનાની ખાણ | ૨-૦૦ |
| નિર્મળા | ૩-૦૦ |
| યોનેકો પ્રસન્નતાની પુત્રી | ૪ ૦૦ |
| કલ્યાણી | ૨-૦૦ |
| રાજરાજેશ્વર | ૭-૦૦ |
| એક યોગીનો નવો જન્મ | ૬-૦૦ |
| જીવનનાં જળ | ૩-૦૦ |
| આતમનાં ઓસડ | ૪-૦૦ |